Date of Publication 10th Posted on Every Month

# પરબ

₹ 20

समानो मन्त्रः । (ऋग्वेद)
समानी प्रपा । (अथर्ववेद)

તંત્રી : યોગેશ જોષી

જાન્યુઆરી : ૨૦૨૧
વર્ષ : ૧૫, અંક : ૭



સુરેશ જોષી
(જ. ૩૦ મે ૧૯૨૧, વાલોડ - અ. ૬ સપ્ટેમ્બર ૧૯૮૬, નડિયાદ)

## ગુજરાતી સાહિત્ય પરિષદનાં મહત્ત્વનાં પ્રકાશનો




**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૧**
**(ઈ. ૧૧૫૦-૧૪૫૦) પ્રાચીનકાળ**
પ્રથમ આવૃત્તિ : સંપા. ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ,
યશવંત શુક્લ; સહાયક સંપાદક : ચિમનભાઈ ત્રિવેદી
શોધિત-વર્ધિત બીજી આવૃત્તિ : સંપા. રમણ સોની
પાકું પૂઠું, પૃ. ૧૪+૩૧૨, કિંમત રૂ. ૨૧૦/-

---

**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૨/ખંડ-૧**
**(ઈ. ૧૪૫૦-૧૬૫૦) મધ્યકાળ**
પ્રથમ આવૃત્તિ : સંપા. ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ,
યશવંત શુક્લ; સહાયક સંપાદક : ચિમનભાઈ ત્રિવેદી
શોધિત-વર્ધિત બીજી આવૃત્તિ : સંપા. રમણ સોની
પાકું પૂઠું, પૃ. ૧૬+૪૯૨, કિંમત રૂ. ૨૮૦/-




---




**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૨/ખંડ-૨**
**(ઈ. ૧૬૫૦-૧૮૫૦) મધ્યકાળ**
પ્રથમ આવૃત્તિ : સંપા. ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ,
યશવંત શુક્લ; સહાયક સંપાદક : ચિમનલાલ ત્રિવેદી
શોધિત-વર્ધિત બીજી આવૃત્તિ : સંપા. રમણ સોની
પાકું પૂઠું, પૃ. ૧૬+૩૯૫, કિંમત રૂ. ૨૫૦/-

---

**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૩**
**(દલપતરામથી કલાપી)**
પ્રથમ આવૃત્તિ : સંપા : ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ,
યશવંત શુક્લ; સહાયક સંપાદક : ચિમનલાલ ત્રિવેદી
શોધિત-વર્ધિત બીજી આવૃત્તિ : સંપા. : રમણ સોની
પાકું પૂઠું : પૃ. ૧૬+૬૫૬, કિંમત રૂ. ૫૦૦/-




---




**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૪**
પ્રથમ આવૃત્તિ સંપા. ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ,
યશવંત શુક્લ સહાયક સંપાદક ચિમનલાલ ત્રિવેદી
શોધિત વર્ધિત આવત્તિ સંપાદક : રમણ સોની
પાકું પૂંઠું પૃ. ૧૬ + ૬૦૦ કિંમત રૂ. ૫૫૦/-

समानो मन्त्रः (ऋग्वेद) समानी प्रपा (अथर्ववेद)

# પરબ

સ્થાપનાવર્ષ : ૧૯૬૦

વર્ષ : ૧૫ જાન્યુઆરી : 2021 અંક : ૭

પરામર્શનસમિતિ

**પ્રકાશ ન. શાહ**
પ્રમુખ

**અજયસિંહ ચૌહાણ**
પ્રકાશનમંત્રી

તંત્રી
**યોગેશ જોષી**

## ગુજરાતી સાહિત્ય પરિષદ

**મેઘાણી જ્ઞાનપીઠ ❖ ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશનવિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭ • Email : gspamd123@gmail.com

**ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને ‘પરબ’ના લવાજમ અંગે :**

- ‘પરબ’ દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- ‘પરબ’ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- ‘પરબ’નું વાર્ષિક લવાજમ ₹ ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે ‘પરબ’નું વાર્ષિક લવાજમ ₹ ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં ‘પરબ’ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક ₹ ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક ₹ ૩૦૦ છે. સભ્ય થવા ઇચ્છનારે પરિષદના નિયત ફૉર્મમાં અરજી કરવાની રહેશે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક ₹ ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી ₹ ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- ‘પરબ’ લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી ‘ગુજરાતી સાહિત્ય પરિષદ’ના નામે જ મોકલવી.

**લેખકોને :**

- ‘પરબ’માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલસ્કેપ અથવા A4 સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, ‘પરબ’, ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, ‘ટાઇમ્સ’ પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯

**Parishad Email : gspamd123@gmail.com**

E-mail : **parabgsp@gmail.com**

Web-site : www.gujaratisahityaparishad.org ફોન અને ફૅક્સ : ૨૬૫૮૭૯૪૭
www.gujaratisahityaparishad.com

પરબ ISSN : 0250-9747 છૂટક કિં. ₹ ૨૦/-

માલિક : ગુજરાતી સાહિત્ય પરિષદ વતી મુદ્રક અને પ્રકાશક : અજયસિંહ ચૌહાણ. ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯ * તંત્રી : યોગેશ જોષી * મુદ્રણસ્થાન : ભગવતી ઑફસેટ, અમદાવાદ-૩૮૦૦૦૬

## અ નુ ક્ર મ


**પ્રમુખશ્રીનું વ્યાખ્યાન :** રણજિતરામના સિપાહી હોવું એટલે, પ્રકાશ ન. શાહ 6

**નિવૃત્ત થતા પ્રમુખનું વક્તવ્ય :** પરિષદધર્મ અને પરિષદકર્મ : એક મીમાંસા, સિતાંશુ યશશ્ચન્દ્ર 13

**કવિતા :** ચાર કાવ્યો, નલિન રાવળ 16 બે સૉનેટ, જાગ્રત વ્યાસ 18 બે ગઝલ, ભાવેશ ભટ્ટ 18 ચાર ઘનાક્ષરી ગઝલ, પરેશ દવે 19 વિકલ્પ નથી, પ્રફુલ્લ રાવલ 21

**વાર્તા :** રિવ્યૂ-બુક, દક્ષા પટેલ 22

**નિબંધ :** માણેકચોકનાં મીની રત્નો, વિજય સોની 26

**અનુવાદ :** છદ્મવેશી રેડ ડેથ, એડગર એલન પો, અનુવાદ : વીનેશ અંતાણી 30

**આસ્વાદ :** સુભાષિત સ-રસ-વતી ધારા, અવતારવાદ કે ઉત્ક્રાન્તિવાદ ?, વિજય પંડ્યા 35

**શતાબ્દી વંદના :** મરમી ગોઠ ગુરુની, ગુલામમોહમ્મદ શેખ 37 શિષ્ટ-વિશિષ્ટ સુજો : એક રફ સ્કેચ, નરોત્તમ પલાણ 49

**શ્રદ્ધાંજલિ :** વિધાતા જ દોરી ગઈ હશે મને જયંત મેઘાણી સુધી, યજ્ઞેશ દવે 55 લોકસાહિત્યના જ્ઞાનકોશ : હસુ યાજ્ઞિક 59 મંગલેશ ડબરાલ – પહાડોમાંથી ઝરતો એક બુલંદ અવાજ, ભગવાન થાવરાણી 63

**અભ્યાસ :** સામાજિક તખ્તા પરનો બળકટ અવાજ, પન્ના ત્રિવેદી 67

**સમીક્ષા/ગ્રંથાવલોકન :** ‘ડાંગ-ડાયરી’ વિશે રખડુનો કાગળ, મહેન્દ્રસિંહ પરમાર 77

**પરિષદવૃત્ત :** સંકલન : કીર્તિદા શાહ 80

**પત્રસેતુ :** મૂકેશ વૈદ્ય 84

**આ અંકના લેખકો :** 87

## પ્રમુખશ્રીનું વ્યાખ્યાન

# રણજિતરામના સિપાહી હોવું એટલે

પ્રકાશ ન. શાહ

**તે** સાંજે હું ગોમાત્રિ ખંડના ઉંબરે પહોંચ્યો ન પહોંચ્યો ત્યાં તો સન્માન્ય ચૂંટણી અધિકારીની એ વિધિવત જાહેરાત આવી પડી હતી કે પ્રમુખપદે હું ચુંટાઉં છું. ઉંબર ઓળંગી અધિકારી સમક્ષ હાજર થયો અને જોઉં છું તો મીડિયા પણ હાજરાહજૂર, પ્રસંગસહજ પ્રતિભાવ માટે. ચૂંટણી અધિકારીએ મીડિયા જોડે મોઢામોઢ થવાની અનુજ્ઞા આપી ત્યારે મારો સહજોદ્ગાર હતો કે નર્મદકીધો કડખેદ હોઉં કે ન હોઉં પણ રણજિતરામનો સિપાહી ખસૂસ છું.

મનોવિજ્ઞાની માસ્લો જેને આત્મઆવિષ્કાર (સેલ્ફ એક્ચ્યુઅલાઈઝેશન)ની પ્રક્રિયા કહે છે તે દિશામાં સાધનાપથ પર ચાલતી વ્યક્તિ અક્ષરજીવન અને જાહેરજીવનના સંગમતીર્થે કેમ વિહરે અને વિલસે, રણજિતરામ એના સલામી સીમાપુરુષ જેવા હતા. એથી સ્તો કહું કહું થાય છે કે એમનો સિપાહી છઉં.

સહજોદ્ગારની એ ક્ષણોએ જોગાનુજોગ હતું તો ગોરજટાણું. એક એવો સંક્રાન્તિકાળ જ્યારે 'લિ. હું આવું છું' એ ઐતિહાસિક પત્રની સાખે કહું તો 'વગડામાંથી પશુઓ પાછાં આવે છે. એના કંઠની ટોકરીનો ગંભીર અવાજ કાને પડે છે. મંદિરમાં ઝાલર વાગવા લાગી.. આ ગોધૂલિને સમયે અંધકાર ને પ્રકાશની મારામારી વખતે મારો ગોવાળ મને બોલાવી રહ્યો છે.'

ટોકરી અને ઝાલરની દિલી આપલે થકી ઉભરવા કરતો અને હૃદયમાં ઉતરવા કરતો એ કર્ણમધુર સાદ શો હશે વારુ. એના સગડ કાઢવા મથું છું તો એમનો મરણોત્તર સંચય 'રણજિતકૃતિ સંગ્રહ' સાંભરે છે. સંગ્રહના ઉપોદ્ઘાતમાં ક. મા. મુનશીએ સંભાર્યું છે કે 'રણજિતરામ મુંબઈમાં આવી મારી પડોશમાં રહ્યા ત્યારથી એમની મૈત્રીનો લાભ મેળવવા હું ભાગ્યશાળી થયો. તે વખતે રા. ઈન્દુલાલ યાજ્ઞિક પણ અમારી પાસે જ રહેતા. અને નવરા પડતાં અમે ત્રણે જણ ભેગા મળી અનેક વાતની ચર્ચા કરતા, એક એકના લેખોનું પારાયણ કરી રસ લેતા ને જે કાંઈ નવું દૃષ્ટિબિંદુ કોઈને સૂઝ્યું હોય તે બધા આગળ મૂકતા. આ અરસાનું માનસિક સાહચર્ય હું વિસરી શકું એમ નથી.'

આ જ સાહચર્યમાંથી ઉપસવા કરતી જે રણજિત-છબી, એમાંથી પેલો સાદ પ્રગટવા કરે છે. એને વ્યાખ્યાયિત કરવા હું ફરીને મુનશીની મદદ લઉં તો ૧૯૧૭માં રણજિતરામ ગયા ત્યારે 'વીસમી સદી'માં મુનશીએ લખ્યું હતું : 'રણજિતરામ માણસ નહોતા - એક ભાવના હતા. ગુજરાતની રાષ્ટ્રીય અસ્મિતા (સેલ્ફ - કૉન્શ્યનેસ)ના એ અવતાર હતા. તેને માટે જ જીવતા... તેના હૃદયમાં એક વિચાર હતો... આપણું સાહિત્ય ક્યારે

સમૃદ્ધિવાન થાય - આપણી કળા ક્યારે વ્યક્તિત્વ પામે - આપણો ઈતિહાસ ક્યારે સજીવન થાય - આપણી રાષ્ટ્રીય અને સામાજિક અનુકૂળતા ક્યારે સંધાય - અને આ બધાંને પરિણામે નવીન ગુજરાત ક્યારે અવતરે.'

આ જે નવું ગુજરાત, ખાતેપીતે બેસતે ઉઠતે લડતે ઝઘડતે પણ અસ્મિતે વિલસતું ગુજરાત, કેમ કીધે ભાંગે એની ભાવઠ ? અઢાર સો સત્તાવનનો સંગ્રામ અને મુંબઈ યુનિવર્સિટી બંને એક સાથે આવ્યાં છે. એક જાણે સંકેલાતા જમાનાનું શહૂર કંઈક આક્રમકપણે પ્રગટ કરતી ઘટના છે તો બીજી જાણે આવતા જમાનાનું ઈંગિત છે. મુનશીએ રણજિતરામની જે ભાવ-છબી ઝીલી છે એવું જ હુલસતું હૈયું ઇન્દુલાલનું યે છે. ૧૯૧૫ના જુલાઈમાં એ 'નવજીવન અને સત્ય' માસિક લઈને આવે છે, અને એના અગ્રલેખમાં પાયાનો પ્રશ્ન ઉઠાવે છે : 'ગુજરાતનું ખરું હૃદય હાલનાં પત્રોમાં પ્રતિબિંબિત થાય છે ? અને પોતે જ આ નવા માસિકની ભૂમિકા સ્ફુટ કરતો ઉત્તર આપે છે : 'ઘણા બુદ્ધિશાળી અને સુશિક્ષિત લોકોને તે (હાલનાં પત્રો)નીરસ લાગે છે અને થોડા ઉત્સાહી દેશભક્તોને તેમાં ઉપયોગી વસ્તુની ભયાનક ન્યૂનતા જણાય છે. ગુજરાતના હૃદયકમલની જે પાંખડીઓ નવીન પ્રકાશથી ઊઘડવા માંડી છે તેનું સૌરભ આ પત્રમાં ઝીલવું અને પ્રોત્સાહક વિચારોથી તે પાંખડીઓને વધારે ને વધારે વિકસાવવી એ અમારો એક પવિત્ર અભિલાષ છે.'

આ 'પવિત્ર અભિલાષ' અંગે કોઈ નુક્તેચીની કે દાખલાદલીલમાં જઉં તે આગમચ એક હકીકતનાં દુખણાં લઉં જરી ? આ મુંબઈગરા જુવાનિયા 'નવજીવન' એ શબ્દ ક્યાંથી લઈ આવ્યા એની ઇન્દુલાલદીધી માહિતી એકદમ એકદમ ઝક્કાસ છે. પેઢીકૂદકે ઝક્કાસ જેવો પ્રયોગ કીધો; જેમકે 'નવજીવન' એ પ્રયોગનું પગેરું ક્યાં પહોંચે છે એ જિજ્ઞાસાનો ઉત્તર મને ખરે જ સાક્ષાત્કારક અનુભવાય છે. શંકરલાલ બૅન્કર દાન્તે (ડેન્ટી)ના 'નોવા વિવા' (નવું જીવન) એ સૂત્રશબ્દ પર મોહિત હતા. 'આ શબ્દ ગુજરાતીમાં ઊતારતા 'નવજીવન' શબ્દ અમે સહેલાઈથી ઘડી કાઢ્યો.'

હમણાં આ માસિકના જુલાઈ ૧૯૧૫માં પ્રકાશિત થયેલા પ્રથમ અંકની જિકર કરી. ઑગસ્ટ ૧૯૧૫ના બીજા અંકમાં ઇન્દુલાલ ઓર બુલંદીથી પેશ આવતા જણાય છે : '... જે મહાન કાર્ય ગુજરાતના પાછલા લેખકોએ કર્યું નથી તે ગુજરાતનું નવું લેખકમંડળ હાથ ધરશે. નવા સૈકાનું પ્રભાત થતાં નવું જીવન દેશમાં સ્ફુર્યું છે અને ગુજરાત તે જીવન આતુરપણે ઝીલે છે. રાષ્ટ્રીય આવેશથી પ્રેરાયેલા ગુજરાતીઓ ગુજરાતની કમજોર છતાં બુદ્ધિશાળી અને વહેમી છતાં વહેવારિક પ્રજાને પોતાની ગણી ચાહશે, અને ગુજરાતી સાહિત્યકૃતિઓને ચોમેર જામેલા અંધકારમાં પ્રકાશના થોડા દીવા' ગણી તેને માટે મગરૂર થશે. ગુજરાત તથા હિંદના ઈતિહાસનાં ઉજ્જવળ પાનાં ઉઘાડી પ્રજાને ફરીથી મહત્ત્વાકાંક્ષી અને મહાન તેઓ બનાવશે - લાગણીભર્યા વિચારોથી અને પ્રોત્સાહક કલ્પનાથી હિંદના ઉદયનો દિવસ સમીપ લાવશે !' (હકીકતમાં આ લેખ ૧૯૧૫ના જૂન માસમાં સુરત ખાતે મળેલી ગુજરાતી સાહિત્ય પરિષદમાં વંચાયો હતો.)

'નવજીવન અને સત્ય'ના સ્વરૂપ અને સામગ્રીની ચર્ચામાં રણજિતરામ બેલાશક

સહભાગી હતા, અને ઈન્દુલાલ જ્યારે અખબારી પ્રતિનિધિ તરીકે ઈરાક ગયા ત્યારે તો તંત્રીની જવાબદારી પણ એમણે જ નભાવી હતી. ગુજરાતની સર્વાંગી જાગૃતિ એ એમનો સર્વાગ્ર હૃદયભાવ હતો. ગોમાત્રિની અધ્યક્ષતામાં પહેલી ગુજરાતી સાહિત્ય પરિષદનું એમનું આયોજન એ દિશામાંની કોશિશ હતી, માસ્તર નંદનપ્રસાદ જેવાના લાભાર્થે.

યુનિવર્સિટીનાં પગરણ સાથે આપણે ત્યાં જે બધા આરંભકાળના નવસ્નાતકો આવ્યા, એમાંના એક હિસ્સાની મૂંઝવણ ને મનોદશા રણજિતરામે 'માસ્તર નંદનપ્રસાદ' નામે શિક્ષકના પાત્ર દ્વારા પરંપરાગત વાર્તા દેખીતી ઓછી અને વાગ્મિતા વધુ એ પેરે કહી છે. એક રવિવારે કોટની રાંગે રાંગે ચાલ્યા જતા નંદનપ્રસાદને ચેન નથી :

'.... અમારી ગણતરી નહીં, અમને સુખ નહીં, વૈભવ નહીં, વિલાસ નહીં, પ્રતિષ્ઠા નહીં, કીર્તિ નહીં, માન નહીં, અકરામ નહીં, જિંદગીમાં મીઠાશ નહીં, હોંસ નહીં, ઊલટ નહીં, આગ્રહ નહીં, શ્રદ્ધા નહીં, પરોણો નહીં, અંકુશ નહીં, ઉત્તેજન નહીં, ઉલ્લાસ નહીં, હતાશા, કડવાશ, મૂંઝવણ, યંત્રણા, સ્તબ્ધતા, પ્રવંચના, સભ્ય દોગાંઈ રેંસી નાખે છે. જીવતાં અમને શબ જેવા ફેરવે છે.

'આમાં મારો તો પત્તો જ નથી ખાતો. Ennui ખાઈ જાય છે. Lotus eatersના દ્વીપમાં જઈ વસવાની ઉમેદ, શેખચલ્લીઓની ઉમેદ જેવી જન્મે એવી જ નાશ પામે છે....'

આજથી પાંચછ દાયકા પાછળ જઈએ તો આન્વી (એન્યુઈ)ની અનુગુંજ આપણી એ સમયની બૌદ્ધિક ચર્ચાઓમાં અને સર્જક વર્તુળોમાં સંભળાતી જણાશે. પણ લગભગ સ્વગતોક્તિ/મનોગતોક્તિએ માસ્તર નંદનપ્રસાદની વાર્તામાં આ પ્રયોગ સૈકાથી પણ વધુ વર્ષો પર આપણે ત્યાં થયેલો છે. એનાં મૂળ અલબત્ત રણજિતરામના કિંચિત વિશ્વસાહિત્યસંપર્કમાં તો સ-ભાન વિચારણામાં હશે. પણ આન્વીની વિશેષ ચર્ચા આપણે ઘડીક રહીને કરીશું.

મનોગતના છેક છેલ્લા જેવા અંશમાં આન્વીની સાથે લોટસ ઈટર્સનોયે ઉલ્લેખ આવે છે. આમ તો છેક ગ્રીક પુરાકલ્પન લગી પહોંચતો આ ઉલ્લેખ છે. જોકે ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં આપણા નવશિક્ષિતોને એનો પરિચય ટેનિસનની રચનાને આભારી હશે એમ માનવામાં હરકત નથી. લોટસની ચોક્કસ ઓળખનો અભાવ છતાં લગરીક છૂટ લઈને આપણે લોટસ ઈટર્સને 'કમલજીવી' પ્રજા કહીશું. કમલભોગી માત્રને મળેલું વરદાન સ્વપ્નવિલાસની સુખનીંદરનું હોય છે. કશી લપ્પનછપ્પન વગર દરકાર વગરની મનઃસ્થિતિમાં દાયિત્વ કહો, ઉત્તરદાયિત્વ કહો એ તો બચાડું માર્યું ફરે. વિલાસી ને વૈભવી જીવનને અને કશી નિસબતને શો સંબંધ વળી.

માસ્તર નંદનપ્રસાદ એની સઘળી મર્યાદાઓ વચ્ચે અને છતાં સુખની નીંદરના સહેલા રસ્તે આન્વીનું વારણ નથી શોધતો એ સૂચક છે. પણ તે વિશે વધુ કહું તે પહેલાં મારે આન્વી વિશે થોડું દિલખુલાસ કહેવું જોઈએ. આન્વી સંદર્ભે ખિન્નતા કે અન્યમનસ્કતા જેવા શબ્દાર્થને અવશ્ય અવકાશ છે. પણ આપણે જે ધોરણે ચર્ચા છેડી છે એમાં હું એને વિ-મનતા કહેવું વધુ પસંદ કરીશ. દિલોદિમાગની કંઈક ઉખડે ઉખડે તાસીરની રીતે હું

એને ઘટાવું છું. તમે મૂળ જુઓ એનું - ક્યારે સવિશેષ ચલણી બન્યો એ ! યુરોપના યુવજનોમાં ઓગણીસમી સદી અધવચ તે ચર્ચામાં આવ્યો. ફ્રેન્ચ ક્રાન્તિએ જગવેલી આશા અપેક્ષા તેમજ નવાં મૂલ્યોની પ્રતિષ્ઠા બાબતે જે ભોંઠામણ બલકે પછાડ અનુભવાઈ, જે પ્રભાતમાં જીવવું આપણા કવિને મન પરમાનંદની અનુભૂતિ શું હતું - અને એમાંય યુવાન હોવું એ તો સ્વર્ગ સાક્ષાત્. (ખુશાલી એ બડી કે આ જમાને જીવવું / સ્વર્ગમાં બાકી કશી યારો જો નવજવાં.) પણ એ વિપરીત પરિણામી જણાઈ ત્યારે યુવજન ખિન્ન, ઉદાસીન અને વિમન બની ગયા.. અને આન્વી એને વાચા આપતો સહજ શબ્દપ્રયોગ ! માસ્તર નંદનપ્રસાદ ઉખડે ઉખડે અને બિગડે દિલ હોતે છતે કમલભોગના ખેંચાણમાંથી તત્કાળ બહાર આવતા માલૂમ પડે છે તે એમના પાત્રનો વિશેષ છે, અને અલબત્ત રણજિતરામનો પણ.

મને લાગે છે, આ તબક્કે ‘આન્વી’ અને ‘લોટસ ઈટર્સ’ એ બેની સાથે એક ત્રીજું વાનું પણ જોડવું જોઈએ - એલિયેનેશન, વિસંબંધન. નરદમ નિજી સંદર્ભમાં તમે એને અલગાવ પણ કહી શકો. પણ સમાજને સ્તરે એ પ્રક્રિયા વિસંબંધનની છે, ખાસ કરીને ઔદ્યોગિક ક્રાન્તિ સાથે પલટાતા સંદર્ભમાં : ખેતરેથી કારખાને અને ગામડેથી શહેરે એમ જે બદલાવ આવ્યો એણે મનુષ્યને એક અલગાવની, કહો કે સંદર્ભવછોયાની, પરિસ્થિતિ અને મનઃસ્થિતિમાં મૂકી આપ્યો. આ વિધાન પરત્વે ભાષ્ય કે વાર્તિકમાં નહીં સરતાં સંક્ષેપમાં એટલું જ કહેવું બસ થશે કે, દાખલા તરીકે, ઈશ્વરથી મનુષ્ય છૂટો પડી ગયાની માન્યતામાં જે અલગાવ હોઈ શકે એના કરતાં ગુણાત્મક રીતે ઘણું આગળ જતું આ વિસંબંધન છે.

ગમે તેમ પણ ઉત્તર માર્ક્સની છાયામાં તેમ માર્ક્સવાદ-લેનિનવાદની સોવિયેત પ્રાણપ્રતિષ્ઠામાં આપણી સમક્ષ જે એક જડબેસલાક અને ચુસ્તંચુસ્ત દર્શન આવ્યું અને એકંદરે સ્થિતપ્રતિષ્ઠ થઈ ગયું એને વિશે પુનર્વિચાર અને અંશતઃ પણ નવસંસ્કરણની એક સર્જનાત્મક સંભાવના વીસમી સદીના ચોથા દાયકામાં તરુણ માર્કસની ૧૮૪૪ની જે ટિપ્પણ અને ટાંચણ તરેહની હસ્તપ્રતો મળી તે સાથે ઊઘડી છે. માર્ક્સવાદપૂર્વ માર્ક્સ, માર્ક્સ બીફોર માર્કિસઝમ, લગીર છૂટ લઈને કહીએ તો માર્ક્સીય માનવવાદ, એવી કાંક આ સંભાવના છે.

જાતથી જુદાગરો અને માંહ્યલાનો અસાંગરો એવું કેમ એ પ્રશ્નનો ઉત્તર પૂર્વમાર્ક્સ એ મતલબનો આપશે કે નવા યંત્રઔદ્યોગિક સમાજમાં તમે સ્વાયત્ત શ્રમજીવી મટી જઈ એક પુરજો બની જાઓ છો. તમારું આપોપું અળપાઈ જાય છે અને તમે નરદમ નરી ક્રયવસ્તુ કેવળ બની રહો છો. (સાંભરે છે, એરિસ્ટોટલે ગુલામોને ટેબલ-ખુરસી પેઠે સાધન ગણાવેલા, માણસ નહીં. યંત્ર ઔદ્યોગિક સમાજમાં શ્રમિકમાત્રની નિયતિ ‘અ થિંગ’ બની રહે છે.)

૧૮૪૪ની, માર્ક્સવાદપૂર્વ માર્ક્સના આ ટાંચણ ટિપ્પણની લીલાભૂમિ અર્થાત્ યુરોપની સાથોસાથ અને સમાંતરે જરી ભારતમાં, ખાસ તો આપણે ત્યાં ગુજરાતમાં ડોકિયું કરીએ તો એ જ દસકામાં દુર્ગારામ મહેતાજી માનવધર્મ સભા લઈને આવ્યા છે.

(હિંદમાં રેનેસાંના નકશા પર કોલકાતા પછીના કાલક્રમે સુરત છે તે ઈતિહાસવસ્તુનાં ઓસાણ આપણા પૈકી કેટલાને હશે, ન જાને.) મોટી વાત તો દલપતરામનું અને ફાર્બસનું મળવું છે. ગુજરાતી શીખવા ઈચ્છતા ફાર્બસ વાસ્તે ભોળાનાથ સારાભાઈના તેડાવ્યા દલપતરામ વઢવાણથી અમદાવાદ માટે પગપાળા નીકળ્યા ત્યારે એમણે કાપેલું અંતર ગાઉઓમાં નહીં એટલું સૈકાઓમાં છે... અને એમાંથી સ્તો ગુજરાત વર્નાક્યુલર સોસાયટી આવી છે. (હજુ જોકે થંભેલાં મનજળ ઝટ ડહોળવાની હાકલ કરતા કડખેદ નર્મદનો ઉદય બાકી છે.)

રણજિતરામ અને નંદનપ્રસાદને રેઢા મૂક્યાનો વહેમ વહોરીને પણ હું કહું કે યુરોપમાં આ દસકો માર્ક્સ-એન્ગલ્સની પહેલી પહેલી મુલાકાત અને જામતી આવતી કર્મબાંધવીનો છે. તરુણ માર્ક્સે વિસંબંધનની થિયરીની રીતે કામ કર્યું છે તો એંગલ્સે કામદારોના વાસ્તવજીવનનો પ્રત્યક્ષ અભ્યાસ કર્યો છે. વિસંબંધન શી અનવસ્થામાં ઉત્તરોત્તર મુકાતાં જીવતર તે શું એનો એન્ગલ્સને અભ્યાસઅહેસાસ છે - જેમ કે, લંડન સ્લમ્સના એના અભ્યાસમાં ‘અનફીલિંગ આઈસોલેશન’, લાગણીશૂન્ય એકાકીપણા જેવું આબાદ આકલન છે. દલપત-ફાર્બસ અને માર્ક્સ-એન્ગલ્સ બંને જોડીઓની અહીં સમાંતરે પણ એક સાથે જિકર કરી, પણ બેઉની કામગીરીનાં ક્ષેત્રો સ્વાભાવિક જ જુદાં છે, પણ એક સાથે એમને સંભારવાનો સંદર્ભ એ છે કે બેઉ છેડે અભાન કે સભાન ધોરણે આન્વી અને વિસંબંધન સાથે કામ પાડવાનું ચાલે છે.

રણજિતરામે નંદનપ્રસાદના પાત્ર દ્વારા આન્વીનો સવાલ ઉઠાવી કમલજીવી નહીં થતાં કશોક ઉગાર ઉપાય શોધવા મથી શકતી નવશિક્ષિત પેઢી તરફે ઈશારો કર્યો છે. પૂર્વસૂરિ દલપતરામે શરૂ કરેલી અને નર્મદ આદિએ દઢાવેલી બઢાવેલી વિચારમથામણ રણજિતરામ આવતે આવતે અસ્મિતાની વિભાવના અને એને અનુલક્ષતી પ્રવૃત્તિઓની ફરતે ગઠિત થવા કરે છે. એક રીતે એ વિસંબંધનનું વારણ છે. અલબત્ત, એ વિચારક્ષેત્રે ચાલતી ચહલપહલ છે જેને માર્ક્સીય પરિભાષામાં જાડી રીતે આપણે સુપર સ્ટ્રક્ચર કહી શકીએ તે સ્તરની કામગીરી છે.

યંત્રઔદ્યોગિક ક્ષેત્રે સપાટાબંધ ધસમસી રહેલા યુરોપમાં તરુણ માર્ક્સ એલિયેનેશનથી પરિચાલિત છે અને વાસ્તવજીવન સાથેની સંડોવણી સોતો એંગલ્સ એને આવી મળે છે. આ સંડોવણી, આ યુક્તતા કદાચ એ સંસ્કૃત નાયિકા શી છે જેના પાદ પ્રહારે થિયરી પુષ્પિત થઈ ઉઠે છે. યુરોપના બૌદ્ધિકોમાં જ્યારે વિસંબંધન કહેતાં એલિયેનેશનનો ભાવ પ્રબળપણે જાગ્યો ત્યારે એ માત્ર સ્થિતિદર્શને નહીં અટકતાં, આવી અનવસ્થા ન હોય તે રીતની નવી ને ન્યાયી વ્યવસ્થા માટે વિચારતા ને મથતા માલૂમ પડે છે.

નંદનપ્રસાદની આન્વી ક્ષણો અને વિસંબંધન શી અનુભૂતિનો સમય સ્વાભાવિક જ ઔદ્યોગિક ક્રાંતિના યુરોપીય કાળથી કંઈક મોડો છે. આર્થિક-સામાજિક સંબંધોની અનવસ્થા, આપણે ત્યાં માર્ક્સ-એન્જલ્સના યુરોપથી વિપરીત એવી એક શોષણશૂરી સંસ્થાનશાહીનો સંદર્ભ ધરાવે છે. નવભણેલ જેવો લગરીક શહેરી પાસનો જે નવો વર્ગ

અને પરંપરાગત ગ્રામજીવન એ બે વચ્ચેનું અંતર નિદર્શિત કરતા વિસંબંધનનો જ એક નમૂનો અંબાલાલ સાકરલાલ દેસાઈએ વીસમી સદી બેસતે આપ્યો, 'શાન્તિદાસ.'

ઇતિહાસદર્જ લેખાતી રહેલી પ્રથમ નવલિકા મલયાનિલકૃત 'ગોવાલણી' હશે. પણ એનાથી એક દસકા કરતાં પહેલાં 'શાન્તિદાસ' સાથે નવી ભોં ભાંગે છે તે એ અર્થમાં કે સાંસ્થાનિક શાસન તળે ગ્રામજીવનમાં કેવી અનવસ્થા આર્થિક સંબંધોમાં ને અન્યથા પણ ઊભી થઈ છે. ગામડેથી પહેલી જ વાર એકમાત્ર જુવાનિયો મુંબઈ ભણવા ગયો છે. રજાઓમાં એ ચમચમતા બુટ સાથે ગામમાં આવે છે. ગામના જુવાનિયા માટે પરંપરાગત મોજડી જેવાં જૂતાંની સામે બુટની ચમકદમક એ નવા જમાનાના પ્રભાવક પ્રતીકરૂપે આવે છે, અને રજાએ રજાએ મુંબઈની ખેપ સાથે આપણો એકનો એક ભણતો જણ ચમચમતી બુટ-જોડી જથ્થાબંધને ધોરણે તે સૌને સારુ ખરીદતો આવે છે. પરિણામે ગામના મોચીનો ધંધો ભાંગે છે. એ જેમનાથી પોસાતા અને જેમને પોસતા તે સૌના કામધંધાને હાણ પહોંચે છે અને ગ્રામસમાજના આંતરસંબંધ અને અર્થકારણનું આખું માળખું તળેઉપર થવા લાગે છે. નવભારતમાં આર્થિક રાષ્ટ્રવાદના ઉદયની અભ્યાસકથા કોઈ આલેખવા ચાહે તો એના એક વૈતાલિકની ગરજ સારી શકે એવી વાર્તા આ તો છે.

નંદનપ્રસાદની આન્વીને બૂજવા સારુ આપણા સાહિત્યમાં જરી આગળ જઈને નજર નાખીએ તો મુકુંદરાયનો મેળાપ થશે. શાન્તિદાસની દાસ્તાંમાં ગ્રામસમાજ સમસ્તનો સમાવેશ છે તો રા. વિ. પાઠકના મુકુંદરાયમાં નવી કેળવણીથી વતનગામમાં ભાંગતા કુટુંબજીવનની ને બાપ દીકરાને ગુમાવે બલકે પોતે નિઃસંતાન હોય તો કેવું સારું એમ નિસાસો નાખે એની છે. પણ નંદનપ્રસાદને મળેલું રણજિત વરદાન એ છે કે એ નથી તો ચમચમતા બુટનો બંદીવાન કે નથી કુટુંબવિચ્છેદનો કાયલ.

રણજિતરામે અસ્મિતાની આબોહવા જગવી આન્વીના શમન અને શોધનની એક ભૂમિકા લીધી અને એનાં આર્થિક, સામાજિક પાસા સંબંધે અંબાલાલ સાકરલાલે શાન્તિદાસનું ઓઠું લઈ વાત મૂકી. એમના પૂર્વે દલપતરામ-ફાર્બસ-દુર્ગારામ-નર્મદ આદિએ સંસાર સુધારા ઉપરાંત રેનેસાંશાઈ સુપર સ્ટ્રક્ચરની આરંભિક કોશિશ કીધી.

જે એક વાનું આ બધાંથી પકડાય છે તે એ છે કે લેખન, કેમ કે તમે વાચકની અપેક્ષાએ લખો છો એટલા સીમિત અર્થમાં જ સામાજિક પ્રવૃત્તિ નથી. આ સંદર્ભમાં તમે ગોવર્ધનરામના સાક્ષરજીવનના આદર્શને પણ સંભારી શકો. આમ તો, સાક્ષરજીવન કહેતા સામાન્યપણે તરત જાગી શકતો પ્રતિભાવ જનસમાજથી અલગ અને અળગા, કંઈક અસ્પૃષ્ટ તાટસ્થ્યમંડિત સાક્ષીજીવનોયે હોઈ શકે. પણ જોવાનું એ છે કે ગોવર્ધનરામે પ્રવૃતિ પરાયણ સાક્ષરજીવનનો વિકલ્પ બાદ નથી કર્યો, બલકે, રાજકીય, સાંસારિક અને અન્ય વ્યવહાર કાર્યોમાં ગુંથાયેલ પ્રવૃત્તિ પરાયણ જીવનમાં 'સરસ્વતીની પ્રતિષ્ઠા' જોવા મળે એવો વિકલ્પ એમણે ખુલ્લો રાખ્યો છે એટલું જ નહીં પણ આવા સાક્ષરજીવનને એ સરસ્વતીના વાહન મયૂરની ઉપમા આપી બિરદાવે છે. દાયકાઓ પર, ૧૯૪૪માં એટલે કે તેત્રીસ વરસની વયે ઉમાશંકર જોશીએ ઓગણત્રીસ વરસના દર્શકમાં ગોવર્ધનરામના સાક્ષરજીવનનો નાયક જોયો હતો તેમાં ગોમાત્રિએ ખુલ્લા રાખેલા

વિકલ્પનો ધક્કો હશે, એમ પાછળ નજર કરતાં સમજાય છે.

સરસ્વતીની ઉપાસના અને 'જાહેર સંડોવણી' એ બે પરસ્પર વિરોધી લાગતાં હોય તો પણ પરસ્પર ઉપકારક હોઇ શકે છે. બલકે, તમે જેને સારસ્વત જીવન કહો, સાક્ષરજીવન કહો એમાં આપણા સમયના 'બૌદ્ધિક'ની વ્યાખ્યામાં તો એ કદાચ અપરિહાર્ય જણાય છે. કડખેદ બોબ ડિલનને અપાયેલ નોબેલ લક્ષમાં લો કે નોબેલ પારિતોષિક સ્વીકારતાં હેરોલ્ડ પિન્ટરે આપેલું વક્તવ્ય જુઓ, આ વાત એકદમ સામે આવી ઊભી રહે છે.

પાંચછ દાયકા પર, તે કાળના ઘણા મિત્રોની જેમ ઘડતરકાળના અમારા વીરનાયક કહો કે વિનાયક, સાર્ત્ર ને કામુને પણ મારતી કલમે (દોડતી જીભે) સંભારી લઉં જરા ? સાર્ત્ર નિઃશક સાર્ત્રોપમ ઢબે કહે છે કે તમે અને હું 'કન્ડેમ્ડ ટુ ચુઝ' - ગુજરાતીમાં શું કહીશું, પસંદગી કરવા સારુ અભિશપ્ત - છીએ. પણ તે સાથે એમની નવલસૃષ્ટિમાંથી પસાર થાઓ તો તરત સમજાય છે કે દુનિયા દુઃખોથી ને અનિષ્ટોથી ભરેલી છે એ સાચું; પણ આપણે આપણી જવાબદારી સમજી જીવનસંઘર્ષમાં પડવું જોઈએ એ પણ સાચું. ફ્રેન્ચ બૌદ્ધિકો એંગેજમેન્ટના ખયાલે હંમેશ વર્તતા પ્રવર્તતા રહ્યા છે. 'મિથ ઑફ સિસિફસ' કે 'રિબેલ'ના લેખક કામૂ હાર નક્કી હોય તો પણ પ્રતિકાર તો કરવો જ જોઈએ એમ માનતા માલૂમ પડે છે. એમની પ્રથિતયશ નવલ 'આઉટસાઈડર' અને હમણાં કોરોનારણ્યે સતત સંભળાતી રહેલ 'પ્લેગ' બેને સાથે મૂકીને જોઈએ તો 'આઉટસાઈડર'માં લાગણીઓથી અસ્પૃષ્ટ જેવો રહેતો હૃદયશૂન્ય નાયક છે. ઉલટ પક્ષે, 'પ્લેગ'માં રોગચાળાનો પ્રતિકાર કરવા કટિબદ્ધ એવા સમર્પિત ડૉક્ટરની વાત છે. દુનિયા દૂષિત છે એ જો સાચું છે તો દૂષિતતા દૂર કરવા મથવું, મથતા રહેવું તે ધર્મ્ય છે.

સાર્ત્ર - કામૂ વિશે અતિસરલીકરણની રીતે ને ક્વચિત સપાટ લાગે એવા શબ્દોથી વાત કરી મારે 'આઉટસાઈડર'ને મિશે એક મુદ્દો કરવો છે. કામૂની નહીં પણ હાવર્ડ ફાસ્ટની 'આઉટસાઈડર.' ફાસ્ટ કૉમ્યુનિઝમની કંઠી બાંધી સોવિયેત સાક્ષાત્કારવશ મુક્ત થયેલા સંઘર્ષ - અને - સ્વાધ્યાય-શીલ અક્ષરકર્મીઓ પૈકી છે. એમણે એક રબીની જીવનકથા આલેખી છે. જીવન અને જાહેરજીવનના એક અલગ અલગ સંઘર્ષ મુકામે પ્રવૃત્ત થઈ એ પોતે જીવનનું એક સમાધાન પામે છે. કામૂની સર્જક પ્રતિભા ફાસ્ટ કને નથી, પણ 'આઉટસાઈડર' એક બળબળતો સર્વવિછોયો જણ મટી પોતાના આલોચનાત્મક દષ્ટિબિંદુ સાથે અને છતાં કેવી રીતે સૌની સાથે જોડાયેલો બની રહે છે એ ફાસ્ટે અચ્છુ નિરૂપ્યું છે.

મને લાગે છે, ઉતાવળે અધકચરે પણ હવે મારે વાતનો બંધ તો વાળવો જ જોઈએ. માસ્તર નંદનપ્રસાદની 'આન્વી'ની ભાળ લેતે લેતે આપણે ક્યાંય આગળ ચાલી ગયા નહીં ? પણ રણજિતરામના સિપાહીને સારુ એ કદાચ વિધિનિર્મિત ભવાટવી હશે. સાર્ત્ર ભલે 'કન્ડેમ્ડ ટુ ચુઝ'ની ભાષા બોલે રણજિતરામનો સિપાહી તો કહેશે કે આઈ એમ કન્ડેમ્ડ ટુ ક્રિયેટ !

❑

# પરિષદધર્મ અને પરિષદકર્મ : એક મીમાંસા

**સિતાંશુ યશશ્ચન્દ્ર**

**આ**દરણીય સ્નેહીજનો, પરિષદના નવનિર્વાચિત પ્રમુખ શ્રી પ્રકાશભાઈ ન. શાહ, આપણા અનોખા અતિથિવિશેષ શ્રી વિપુલભાઈ કલ્યાણી, પરિષદના સર્વ સમાદરણીય પૂર્વપ્રમુખો, ટ્રસ્ટીમંડળના સન્માન્ય સભ્યો, હાલની અને આગામી મધ્યસ્થ સમિતિના સર્વ માનનીય સભ્યો, ઉપપ્રમુખો, મહામંત્રીઓ, અન્ય મંત્રીઓ, ઉપસ્થિત અન્ય સાહિત્ય રસિક ભાઈબહેનો,

કોરોના મહામારીના આ સમયે આ પચાસમા અધિવેશનનું કામ બહુધા વીજાણુ-પ્રત્યક્ષ રીતે, ન કે દર વર્ષ જેમ મોટા શામિયાણામાં, આ વખતે થાય છે. આ વીજાણુ મંડપ વિશાળ છે અને એકઠા થવું, એકઠા રહેવું એ તો જેવો કર્મનો તેવો વિચાર અને ભાવનાનો વિષય છે. સાહિત્ય, એટલેકે સહિતપણું અભિધામાં સીમિત નથી હોતું, એ વાત તો આજે આપણા પ્રથમ ડાયાસ્પોરિક અતિથિવિશેષ, વિપુલભાઈ, છેક લંડનથી અહીં પ્રત્યક્ષ છે, એ દ્વારા પણ આપણે સમજી શકીએ છીએ. પરિષદનો વીજાણુ માધ્યમમાં થતો પ્રવેશ એવા વ્યાપનને શક્ય બનાવે છે. વિપુલભાઈએ ભારત બહાર ગુજરાતી સાહિત્ય અને સંસ્કૃતિનો એક પ્રજ્વલિત, તેજે દીપતો ધૂણો આજ દશકોથી અખંડ રાખ્યો છે. સાહિત્યયોગાસને એ રીતે અડોલ, સ્થિર બેસવું એ જે તે વાત નથી. એયે નિશ્ચેનો એક મહેલ છે. એવા વિપુલભાઈ કલ્યાણીનું હૃદયપૂર્વક સ્વાગત.

આપણી આ ગુજરાતી સાહિત્ય પરિષદ પોતાના આજીવન સભ્યોની દોરવણી પ્રમાણે ચાલતી સંસ્થા છે. આજીવન સભ્યોની સામાન્ય સભાનાં મંતવ્યો, એ આ પરિષદ માટે મૂળ અને અંતિમ પ્રમાણ છે. એ પ્રમાણિકતા તો ગુજરાતી પ્રજાના આંતરજીવનની રખેવાળી આજ સુધી કરતી આવી છે. પરિષદના આજીવન સભ્યોની સામાન્ય સભાએ ઠરાવ્યા મુજબ પરિષદનાં સર્વ સત્તામંડળો આજ સુધી વર્તે છે, અને હંમેશ વર્તશે, એ વિશ્વાસ. એ મર્યાદાપાલન આપણા દરેકની બૌદ્ધિક, ભાવનાત્મક પ્રમાણિકતા (intellectual and emotive honesty) જાળવવા માટે અનિવાર્ય છે. પરિષદની સામાન્યસભાનું સર્વોપરીપણું એક વ્યાપક અર્થવત્તા ધરાવે છે. ગુજરાતની કોઈ પણ સાહિત્યિક સંસ્થામાં ૧૯૭૫ જેવી ઇમર્જન્સી દાખલ કરવા માટેની કોઈ પણ કુચેષ્ટા કોઈ પણ ન કરે, એ જોવાની જવાબદારી આપણી સહુની છે. ઉમાશંકર જોશી, યશવંત શુક્લ અને મનુભાઈ પંચોળીના, નારાયણભાઈ દેસાઈ અને નિરંજન ભગતના સ્મરણ સાથે.

૩૧મી ડિસેમ્બર, ૨૦૨૦ના દિવસના અંત સાથે નિવૃત્ત થતી પરિષદની મધ્યસ્થ સભાના સભ્ય અને પરિષદપ્રમુખ તરીકે જ નહીં, આપણી માતૃભાષાના એક અદના લેખક અને ભાવક રૂપે પણ મને હાલ એક વાતનો ભારે સંતોષ છે, બલ્કે ધરપત છે. એ વાત એ કે પરિષદના હાલના આજીવન સભ્યોએ ૨૦૨૧થી ૨૦૨૩ના મહત્ત્વના

સમયગાળા માટે પરિષદપ્રમુખ રૂપે શ્રી પ્રકાશભાઈ ન. શાહને ચૂંટ્યા છે. સાહિત્ય-સર્જનના મૂળમાં માનવગરિમા, માનવસ્વાતંત્ર્ય અને સહુ કોઈની સર્જકતા માટેનો જે આગ્રહ રહેલો છે, જે અણનમતા પડેલી છે અને જે નિષ્કલંક નિસ્વાર્થ એવી, ગાંધીનો શબ્દ યોજું તો 'આપભોગ' આપવાની કે ત્યાગ કરવાની તૈયારી જરૂરી છે, એ આગ્રહ, એ અણનમતા અને એ સહજ ત્યાગવૃત્તિનો સરવાળો એટલે પ્રકાશ ન શાહ, પરિષદના ચૂંટાયેલા પ્રમુખ. એમનું સ્વાગત અને ગણતરીના દિવસોમાં આરંભાતા એમના કાર્યકાળ માટે એમને સાધનોની સોંપણી અને સર્વ શુભેચ્છા હું વ્યક્ત કરું છું.

નવનિર્વાચિત મધ્યસ્થ સમિતિ અને કારોબારીના સભ્યોને, મહામંત્રી, અન્ય સર્વ મંત્રીઓને, બન્ને ઉપપ્રમુખોને, સર્વેને સ્નેહવંદન, અભિનંદન અને શુભેચ્છા. પરિષદનાં મૂલ્યોને, બંધારણને, એની સામાન્ય સભા અને મધ્યસ્થ સમિતિએ કરેલા ઠરાવોને દૃઢાવવામાં અને પરિષદના (ન કે કોઈ પણ અન્યના) ઉદ્દેશો પાર પાડવામાં, આપ સર્વની સહિયારી શક્તિ કામે લાગશે, એ વિશ્વાસ. નિવૃત્ત થતા પ્રમુખ તરીકે જ નહીં, પરિષદની સામાન્ય સભા અને મધ્યસ્થ સમિતિના કાર્યાન્વિત સભ્ય તરીકે પણ મારી એ શુભેચ્છા છે.

પરિષદના અનુબંધોની યોજના પર ધ્યાન અપાશે, તો પરિષદનું સ્વરૂપ બહુકેન્દ્રી, ગુજરાતીભાષી પ્રજા જ્યાં જ્યાં રહે છે એવાં પ્રજાના નાનાં ગામોથી વિદેશનાં મહાનગરો સુધી વ્યાપક અને લયબદ્ધ બનશે. પંચમહાલના કાલોલથી ડાયાસ્પૉરાના કૅલિફૉર્નિયા સુધીના પરિષદના વૈવિધ્યસભર અનુબંધોનો હું આજે આભાર માનું છું. એ પરિષદ-ઊર્જાની કેન્દ્રોત્સારી ગતિ છે. આ વર્ષોનાં બે જ્ઞાનસત્રો, સૂરત અને પાલનપુરમાં યોજાયાં, એમાં કેટલીક આંતર્બાહ્ય પહેલ કરવી જે શક્ય બની, એ શક્યતાનાં મૂળમાં પડેલી, અવરોધોને વિવેકપૂર્વક છતાં દૃઢતાથી ઓળંગતી સર્જક ઊર્જાનું હવે નિરંતર જતન કરવા જેવું છે. સાથોસાથ, આયોજનનું જે કૌશલ્ય, અદ્યતન ટૅક્નૉલૉજીના ઉપયોગ સાથે, સૂરતની નિમંત્રક સંસ્થાએ દાખવ્યું, એ શક્ય ત્યાં અજમાવવા જેવું છે. આ વર્ષના કોરોનાકાળના વીજાણુ મંડપવ્યાપ્ત અધિવેશનને પણ સૂરતની એ ક્ષમતાનો ટેકો છે. તો પરિષદની શક્તિની કેન્દ્રગામી ગતિ 'આનંદની ઉજાણી'ના (નવલરામના એ શબ્દોએ સૂચવેલી આસ્વાદમૂલક વિવેચનના) કાર્યક્રમો, પરિષદની અગાસીમાં યોજાયા, એમાં અને પરિષદના ગ્રંથાલયમાં જે કાર્યક્રમો નિરંતર યોજાયા, એમાં છે. 'આનંદની ઉજાણી'ના અનુસંધાને, વીજાણુ માધ્યમનો વ્યાપક ઉપયોગ કરી, 'નોળવેલની મહેક'ની બેઠકો રચાઈ. એના નિયમિત કાર્યક્રમો કોરોના મહામારીના શરૂઆતના સમયથી,એપ્રિલ ૧૫, ૨૦૨૦થી આજપર્યંત દર પંદર દિવસે વર્ચ્યુઅલ સ્પેસમાં એકત્ર થતી બેઠકોમાં થયા. વિશ્વભરની ચિત્ર, સ્થાપત્ય, નૃત્ય, શિલ્પ, સિનેમા જેવી કલાઓ અને સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ આદિ ભાષાઓની ઉત્તમ કૃતિઓ સાથે યુવાચેતનાના, બલ્કે સહુ રસિકજનોના આ રસભર્યા અનુબંધો હતા. 'નોળવેલ'ની દૃઢનિશ્ચય, ખંતીલી, નિસ્વાર્થ, કાર્યકુશળ ટીમનો આભાર માનીએ એટલો ઓછો. પરિષદની વિવિધ સ્વાધ્યાયપીઠોમાં કેટલુંક ઉત્તમ કામ, રસજ્ઞ વિદ્વાનોનો સાથ મેળવીને, નિશ્ચયપૂર્વક પાર પાડી શકાયું. આ બધામાં

અને અન્ય કામોમાં પરિષદને ‘ન કે ના’વ્યાં માર્ગે વિષ, વિષમ ઓથાર, અદયા / અસત્ સંયોગોની, પણ...’. સાહિત્યની એ સંજીવની વિદ્યા આપણા સહુનું રક્ષણ કરો અને આપણે એ વિદ્યાનું રક્ષણ કરીએ.

ગુજરાતના આજના રાજકીય આગેવાનો અને સામાજિક શક્તિના સંરક્ષકો માટે ગુજરાતના એક અનોખા કવિ કૃષ્ણલાલ શ્રીધરણીની એક કવિતાનો ઉલ્લેખ કરી આ વક્તવ્ય આટોપું. એ કૃતિનું શીર્ષક છે, ‘સ્વરાજરક્ષક.’ કથાકાવ્ય છે અને આજે પણ એ સહુને અને બીજાં સહુને કામ લાગે એવું છે. કથા એ છે કે શિવાજી મહારાજના ગુરુ સ્વામી રામદાસ એક વાર એમને મળવા સવારના સમયે ચાલતા જતા હતા. સાથે એમના બીજા યુવાન ચેલાઓ અને છત્રપતિ મહારાજના થોડા સૈનિકો પણ હતા. જુવાનિયાઓ, સવારે ચાલતાં થોડા ભૂખ્યા થયા. પાસે શેરડીનું ખેતર આવ્યું. આપણને આજે ગુજરાતની સાહિત્યની, વિદ્યાની સંસ્થાઓ યાદ આવે. સહુ જુવાનિયા, ચેલાઓ અને સૈનિકો, ખેતરમાં ઘૂસ્યા અને સાંઠા કાપી ચૂસવા લાગ્યા. પણ ખેડૂત મજબૂત હતો. દૂરથી આ વર્તન જોઈને એ લાઠી લઈને દોડ્યો. જવાનિયાઓને ચાતરી એમના મુખિયા જેવા લાગ્યા એ સ્વામીજી પાસે જઈ એમને વાંસે બે-ત્રણ ફટકા લગાવ્યા. ‘મારી શેરડી મને પૂછ્યા વગર કેમ કાપી ? પૂછત તો રસ કાઢીને પિવડાવત!’ ચેલા અને સિપાઈઓ ઝાઝા હતા, ખેડૂતને પકડીને સ્વામીને પૂછે, વાઢી નાખીએ આને ? સ્વામી મધુર હસીને કહે કે સાથ લે લો, મહારાજ સે મિલાયેંગે. ગયા. શિવાજીને સહુએ વાત કરી. છત્રપતિ મહારાજ ગુરુ રામદાસને પૂછે, તમને ફટકા મારનારનો હાથ કાપી નાખું કે ગરદન વાઢું ? સ્વામી હસીને કહે, શિવાજી, આનું બહુમાન કર. આણે પોતાના ખેતરનું રક્ષણ કર્યું. એ તારો ખરો સાથી છે, ખરો સ્વરાજરક્ષક છે. ઔરંગઝેબ સામે લડવામાં તારી પડખે એ પહેલો હશે. – આજે એ કાવ્ય યાદ આવે છે. સાહિત્યની, વિદ્યાની સંસ્થાઓને સ્વાયત્તતાનું રક્ષણ કરવા ખડા થયેલાઓની વાત, આજની સત્તા પાસે રજૂ કરનાર સ્વામી રામદાસ કોઈ નજરે પડતા નથી. અને જે છે એ સ્વાર્થવશ સલાહકારોમાં સ્વામીનું દુરંદેશીપણું કે નિઃસ્વાર્થતા ક્યાંથી હોય ?

આપણે અનનમ રહી સ્વાયત્તતાનું રક્ષણ, ઔરંગઝેબી તાકાતો સામેની લડત આપી, કરતા રહીએ, અને જોઈએ છત્રપતિ આજે શિવાજી જ છે ને, સાહિત્ય અને વિદ્યા ક્ષેત્રે લાંબું જોનારો અને નગુરો નહીં એવો ?

શુભેચ્છા, મિત્રો.

૨૪, ડિસેમ્બર, ૨૦૨૦
સમા, વડોદરા.

❑

# ચાર કાવ્યો | નલિન રાવળ

## ૧. જોધપુર સંગ્રહાલય

જોધપુર મહારાજાના
વિવિધ ખંડોમાં પ્રદર્શિત
રેશમી જરિયાન પોષાકો,
સુવર્ણ આભૂષણો,
આદિ અમૂલ્ય વસ્તુઓ નીરખતાં
અમે
એક મોટા શસ્ત્રાગાર ખંડમાં
આવી ઊભા.
ઢાલ, તલવાર, ભાલા આદિ શસ્ત્રો
જોતાં મનમાં ભાવ ફરકી ગયો
કે
ક્યાં પહેલાંના રાજા-પ્રજાનો
ભવ્ય ભૂતકાળ !
અને
ક્યાં અનેક પક્ષોની નારાબાજીમાં અથડાતો
પક્ષપલટુઓની ચુંગાલમાં ફસાતો,
નેતાઓની કુટિલ ચાલમાં રૂંધાતો
આજના સમયનો માનવસમૂહ!

## ૨. અમરવેલ

અભિનયની અમરવેલ સમી
કમનીય કાયા
મેઘમાં ચમકતી વીજળી જેવું
નેત્રનું તેજ
શીતળ ચંદ્ર સમી મુખાકૃતિ
ખળખળ વહેતા ઝરણા જેવું હાસ્ય
હા, એ જ અશરુર કોર

અશરુર કોર : પટિયાલા બેલ્સનું પાત્ર

## ૩. અગમસે આણો નિગમમેં જાણો

સંભળાય છે પડઘા?
ક્ષણાર્ધમાં તો તે સ્વયં
સન્મુખ આવી ઊભા
ચાલો
ક્યાં ?
જ્યાં લઈ જઉં ત્યાં
આપ કોણ ?
દેવદૂત
ક્યાં લઈ જશો ?
ત્યાં
નિગમમાં જ્યાં નથી રાત નથી દિવસ
છે
સર્વત્ર
તેજપુંજ તેજપુંજ તેજપુંજ.

## ૪. વિદાય

મારા ગામની વિદાય લેતા
મેં
છેલ્લી વાર ગામ તરફ જોયું
તો
ગઢની રાંગ પર બેઠેલો કાગડો
આપ્તજન જેવો વહાલો લાગ્યો.

## બે સૉનેટ | જાગ્રત વ્યાસ

### ૧. શર

(વસંતતિલકા)

આ જિંદગી ગરલ શી મુજની બની છે
લાગે જુદા જ ઘરના જન કેમ આજે ?
સ્નેહીજનો ય મુજથી અતિ દૂર ભાગે
શાતા જરીક પળની પણ ના મળી છે.

ના કોઈ કલ્મષ કર્યું, બસ પ્રેમ કીધો
શૃગાલ શા કુટિલ કુત્સિત સાવ લોકો
એનો નથી પજવવા ઉપકાર ઓછો
મારા ભણી જગતનો કટુ ભાવ દીઠો.

જેને સદા નિજ ગણી ઉર પાસ રાખ્યો
એ આયનો ય મુજ ઓળખ આજ માંગે
આ રિક્ત રિક્ત મુજના કર સ્પર્શ વાંછે
તારો પ્રિયે મધુર, જે હજી ના ભુલાવ્યો

તું-હું પ્રિયે પ્રણયમાં રત ક્રૌંચ જોડી
જે લુબ્ધકે શર વડે પળમાં જ તોડી.

### ૨. પાલવના સહારે

(વસંતતિલકા)

કાષાય વસ્ત્ર લઈને થઈ જાઉં બાવો ?
દેખી બધે વિતથ થાય ઉરે અશાંતિ
છે ભર્ત્સના હૃદયમાં, તનમાં ક્લાન્તિ
સંસૃતિનો લઈ લીધો ભરપૂર લાવો.

જમ્બાલ શું જગત કલ્મષથી ભર્યું છે
'હોવાપણું' સખત ભારણરૂપ લાગે
પાણા બની સહુ ક્ષણો શિર માંહી વાગે
હૈયું નહીં અવર ક્યાંય હવે ઠર્યું છે.

આ જિંદગી બસ પ્રિયે અબખે પડી છે
શૂન્યાવકાશ મુજ અંતરમાં છવાયો
નિર્વેદ-ભાવ મન-મંદિરમાં સ્થપાયો
ખંડેર શા જીવનમાં સિક્તા ચઢી છે.

કોપીન ધારણ કરું તન પે અટાણે ?
કે હું રહું ઘર જ પાલવના સહારે ?

## બે ગઝલ | ભાવેશ ભટ્ટ

### ૧. બંધ બારણે

કોઈ રમાઈ ગઈ'તી રમત બંધ બારણે
બસ ત્યારનો સબડતો વખત બંધ બારણે.

છોડી જગતને, લીધું કોઈ દ્વારનું શરણ
પુરાયું હો કોઈનું જગત બંધ બારણે !

જાહેરમાં જો આજ મળી ઓળખાઈ નહિ
જોઈ હતી મેં એની નિયત બંધ બારણે.

ઉપરનું કે નીચેનું, સહન બેઉ થાય ના
બબડી રહી હતી કોઈ છત બંધ બારણે.

જઈને બહાર કૈં જ કમાઈ નહીં લઉં
અપમાનની થવાની બચત બંધ બારણે.

### ૨. એમ ચોંટી છે નજર...

એમ ચોંટી છે નજર એ બારણા પર
ડૂબનારો જેમ વળગે લાકડા પર.

જલ્દીથી ઈલાજ કર બહેરાશનો તું
કૈંકનાં જીવન નભે છે પ્રાર્થના પર

કોઈ તો આવો ને નિર્જનતાને ભૂંસો
ખૂબ બાઝી ગઈ છે ઊધઈ પોપચાં પર

કણસી કણસીને બગાડે ઊંઘ મારી
જો કોઈ તારો ખરે છે છાપરાં પર

છે પરાકાષ્ઠા ઋણાનુબંધની આ
પંખીએ બાંધ્યો છે માળો બાંકડા પર.

## ચાર ઘનાક્ષરી ગઝલ | પરેશ દવે

### ૧. આવશે

રે ભાંગ્યાં વહાણ કિનારે આવશે કોણે કહ્યું ?
ડૂબ્યા દરિયાને સહારે આવશે કોણે કહ્યું ?

આજ પાછી પાળિયાની આંખો ચમકી ગઈ છે,
એ જ પાછો એની વહારે આવશે કોણે કહ્યું ?

ચારેય દિશાએ વેરીને ઊંઘરેટાં શમણાં,
નીંદર વહેલી સવારે આવશે કોણે કહ્યું ?

તાપણું ઝીણી ઝાળે ધગધગ ધગ્યા કરે છે,
અપજશ એનો તિખારે આવશે કોણે કહ્યું ?

પગલે પગલું ચાંપી મુસાફર ચાલ્યા તો છે,
ખોવાયેલા રસ્તે ઉતારે આવશે કોણે કહ્યું ?

### ૨. ઢોળે છે

એક બે ઝાંઝવાં ચોફેર ઢોળીને વાત માંડું,
મારામાં હરણાં જેવું કૈં ખોળીને વાત માંડું.

તરસને લીલ બાઝી ગઈ એની વાત માંડું,
નદીના નીરમાં આંગળી બોળીને વાત માંડું.

પરબડીના દિવસો આવે એવું કોણે કહ્યું,
પારેવાં આમતેમ ખોળી ખોળીને વાત માંડું.

સવા વાલ થશે ? રતિભાર થશે ? રામ જાણે !
તુલસી પાંદડે આભને તોળીને વાત માંડું.

બગીચો ધારીને ઉજાડી ગયાં એ વાત પર,
એક બે ટૌકામાં ફૂલ પરોવીને વાત માંડું.

## ૩. એ ખોટું થયું

પળની દીવાલો પળમાં પડી, એ ખોટું થયું,
ઓળખ વિનાની સદીઓ જડી, એ ખોટું થયું.

દરિયામાં કોની માછલીઓ કદી ના ભીંજાઈ ?
મોજાં લપેટીને જે હડબડી, એ ખોટું થયું.

આભનો નિસાસો કયે ઠામ મૂકું ? જવાબ દો !
છાતી સોંસરવી ચકલી ઊડી, એ ખોટું થયું.

ઘાસની ગંજીમાં કોને ખબર રે કોની કોની,
ડોસીની ઉંમરની સોય પડી, એ ખોટું થયું.

પીડાપોથીના કયા પાન પર ને જ્યારે ત્યારે,
આ તરસો આવીને ભડભડી, એ ખોટું થયું.

## ૪. ખરું થયું !

ઘૂંટ્યું એટલું ગાઢું ઘાટું થયું નૈં, ખરું થયું !
વ્હેલી સવારે અજવાળું થયું નૈં, ખરું થયું !

ઉલેચી નાંખ્યાં ઝાંઝવાં હરણાંએ હામ ભીડી,
તો પણ આ રણ નોંધારું થયું નૈં, ખરું થયું !

કોઈમાં દરિયો ડૂબમાં જાય છે આજ પણ,
વાવટા જોગું એક્કે બારું થયું નૈં, ખરું થયું !

હળવે હળવે છાતી વચ્ચે ગોરંભો ઘાલ્યો છે,
વરસીને જ...ળ આ ખરું થયું નૈં, ખરું થયું !

એક સરખી જ છે કથા આમ તો મારી તારી,
જે હતું મારું, એય મારું થયું નૈં, ખરું થયું !

## વિકલ્પ નથી | પ્રફુલ્લ રાવલ

સંભળાય છે
દૂર-સુદૂરથી નહીં
સાવ પાસેથી – નિજ ભીતરથી
પણ અવગણું છું હું એને
અવગણતો રહ્યો છું હું સતત એને
છતાંય વારંવાર ટપાર્યા કરે છે એ – વૃદ્ધ દાદાની જેમ, સમભાવથી
થાકી ગયો છું એ સાંભળી સાંભળીને
પ્રારંભે તો લાગેલું :
હશે એ કોઈ કામૂના **Outsider** જેવો
પણ પછી ઓળખાયો હું મને
એ કોઈ ઇતરજન નહીં, હું જ છું
ને ટપાર્યા કરુંછું મને મારી જાણ બહાર
મારા અને એના વચ્ચે છે
મારો પાળેલો, પંપાળેલો, મોંઢે ચડાયેલો 'હું'
એ જ્યૉર્જ ઓરવિલના **Big Brother** જેવો છે
એ બધું જ જુએ છે
બધું જ સાંભળે છે
પણ છે ભારે જિદ્દી
ધાર્યું કરવા ટેવાયેલો છે
એની એ પ્રકૃતિએ હું પિસાઉં છું
પરન્તુ મારી પાસે વિકલ્પ નથી બીજો – સિવાય પિસાવા.

❑

વાર્તા

# રિવ્યૂ-બુક

**દક્ષા પટેલ**

**અ**મોલે કાંડાઘડિયાળમાં સમય જોયો. સમય પૂરો થવામાં હતો. ચિત્રપ્રદર્શનનો આજે પાંચમો દિવસ હતો. અમિતાને કહ્યું, ‘આજે રિવ્યૂ-બુક સાથે લેવાનું ભૂલતી નહીં.’ ઘરે પહોંચી ઝડપથી વાંચવાની તેને ઉતાવળ થઈ. લગ્નના ચાર વર્ષમાં અમિતા બદલાઈ છે. દરિયાની જેમ તોફાને ચઢતી અમિતા રહી જ નથી.

પોતે વેપારી માણસ છતાં તેને સમજાતું કે મનમાં વિચારો ચિત્રમાં રજૂ થતાં હોય છે. ચિત્રો અમિતા વિશે કંઈક કહેશે. પણ તેને બધાં ચિત્રો એકસરખાં જ લાગતાં. બધાંમાં દરિયો, કિનારો, રેતી... કદાચ રિવ્યૂ-બુક તેના દરિયા જેવા અગાધ મનને જાણવાની લિપિ બને !

ઘેર પહોંચતા જ રિવ્યૂ-બુક લઈ સીધો બેડ-રૂમમાં જતો રહ્યો. અમિતાના મનની તે બાતમીદાર. ચાર દિવસ પહેલાં જ મુંબઈની જાણીતી આર્ટ ગૅલેરીમાં તેનાં ચિત્રોનું પ્રદર્શન ખુલ્લું મુકાયેલું.

રિવ્યૂ-બુક ખોલી. પહેલા પાને મરોડદાર અક્ષરોમાં તારીખ, વાર, સમય, સ્થળ અને વિષય લખેલાં હતાં. વાંચતાં જ ઉદ્‌ઘાટન-પ્રસંગમાં પહોંચી ગયો. દેશભરમાં જાણીતા એવા મુંબઈના ચિત્રકારે ઉદ્‌ઘાટન કરેલું. જાણીતા ચિત્રકારો, ફોટોગ્રાફરો ખાસ પધારેલા. ફાઈન આર્ટ્‌સના પ્રોફેસરો, વિદ્યાર્થીઓ, સાહિત્યના અને બિઝનેસના જાણીતા ઘણા આવેલા. સગાંસંબંધીઓ અને મિત્રો તો ખરા જ !

રેશમની લાલરિબનની ગાંઠ છોડી પ્રદર્શન ખુલ્લું મુકાયું કે ગૅલેરીમાં તાળીઓનો દરિયો વહેવા લાગ્યો. પોતે આનંદની ચરમસીમાએ હતો. આવેલાં બધાં અમિતના મનને તાગવા માંગતાં હોય તેમ દરેક ચિત્રને ધ્યાનથી જોતાં હતાં. ઘડીક સાવ નજીક જઈને તો ઘડીક થોડા દૂર ઊભાં રહીને જાણે ચિત્રોને વાંચતાં હતાં. જતાં પહેલાં રિવ્યૂ-બુકમાં લખતાં હતાં.

પાનું ફેરવ્યું. ઇન્વિટેશન કાર્ડ ચોંટાડેલું છે. બહું જતનથી આલાગ્રાન્ડ કાર્ડ બનાવડાવેલાં. કાર્ડમાં એક બાજુ અમિતાનો આર્ટિસ્ટિક ફોટો, સામે બાજુ તેના ચારેક ચિત્રોના ફોટા અને સાથે અમિતાનું લખાણ. કોઈને પણ સાચવી રાખવું ગમે, પોતાના ડ્રૉઇંગરૂમમાં મૂકવું ગમે તેવું સરસ. ફરી ફરી કાર્ડ ધ્યાનથી જોયું, વાંચ્યું. અમિતાના ફોટાને જોઈ રહ્યો. ફોટાના બૅકગ્રાઉન્ડમાં છે ઊછળતો દરિયો. અમિતાને શોધવા આમતેમ નજર ફેરવી. કદાચ બાલ્કનિમાં હશે.

દરિયાકિનારા પરનો રાચરચીલાવાળો આલીશાન ફ્લૅટ, ફ્લૅટના ચારે રૂમ અલગ

અલગ થીમવાળા છતાં અમિતા બાલ્કનીમાં જ બેસે છે. બપોરે ઑફિસથી ફોન કરે ત્યારેય બાલ્કનીમાં જ હોય. દરિયાને સાંભળતી ઊભી હોય. કોઈક વાર મોડી રાતે પથારીમાં ના હોય તો જાણે દરિયાકાંઠે બેઠી હોય એમ બાલ્કનીમાં હોય !

લગ્ન પછીના તરતના વર્ષમાં મોડી સાંજે તે ઘરે આવે અને બારણું ખોલતાં જ તે દરિયાની ભરતીની જેમ ફરી વળે. ઊછળતાં મોજાંઓ જેવી તેની પાસે પાસે ફરે, ખેંચીને બાલ્કનીમાં લઈ જાય. પોતે બાજુમાં ઊભો ઊભો દરિયાને તાકે પણ નર્યા અંધારાની કાળી દીવાલે અથડાઈને નજર પાછી ફરે.

તે અંધારામાં આગળી ચીંધી દૂર દેખાડતાં કહેતી, ‘જો… જો… અમોલ! મોટાંમોટાં મોજાં ધસમસતાં આવી રહ્યાં છે… આ… આવી ગયાં. કિનારા પર રેલાઈ ગયાં, રેતીને ભીની કરી દીધી, જો… જો… રેતીને પોતાની સાથે વહાવી પાછાં વળ્યાં…’ આમ બોલતાં બોલતાં જોરથી તેનો હાથ પકડી લેતી, ઘણી વાર ઉન્માદથી તેને વળગી પડતી, ક્યારેક દરિયાને જોતી હોય એવી મુગ્ધતાથી તેને જોઈ રહેતી.

રિવ્યૂ-બુકનું પાનું ઉથલાવ્યું. ઉદ્‌ઘાટન કરનાર ચિત્રકારે લખેલું, ‘અભિનંદન. દરિયાનો ઉન્માદ, દરિયાનો તલસાટ રંગોથી આબેહૂબ વ્યક્ત થયા છે.’

બાજુના પાના પર વંચાયું… ‘દરિયાનાં વિવિધ રૂપો, દરિયાની સમય સમયની અવસ્થા ખૂબીથી કૅનવાસ પર ઉતારી છે. પૂનમની રાતનો મિલન માટેનો ઉતાવળિયો… અધીરો દરિયો પરાકાષ્ઠા વટાવી ગયો છે… અભિનંદન…’

તેણે આંખો બંધ કરી ઊંડો શ્વાસ લીધો. અમિતાની ઓળખાણ જયપુરની આર્ટગૅલેરીમાં થયેલી. ધંધાના કામ માટે ગયેલો. કામ પૂરું થયું, પણ સમય વધેલો. પાસે જ આર્ટગૅલેરી હતી. સમય પસાર કરવા ગયેલો. બાળકોનાં, બાળક અને માનાં ચિત્રો દોરેલાં હતાં. તેણે કોઈકને સહજ પૂછેલું, ‘આર્ટિસ્ટ કોણ છે ?’ ને સામેથી ઊંચી, સુંદર આંખોવાળી, સંવેદનશીલ છોકરી આવતાં જ બોલી, ‘Myself Amita.’

જોતાં જ ગમી ગયેલી. તેનાં ચિત્રો પણ ગમી ગયેલાં. ચિત્રો જોતાં જ મા વગરનાં પોતાનાં બંને બાળકો મલય ને મેઘના યાદ આવી ગયાં. સીમા બહુ જ ટૂંકી બીમારીમાં અચાનક ગુજરી ગયેલી. ચાર વર્ષની મેઘના અને બે વર્ષના મલયની ‘મા’ બનવાનું તેને ફાવ્યું નહીં. ઘણી મુશ્કેલી પડતી. છેવટે સીમાની મમ્મી જ લઈ ગયેલી. દૂર હૉસ્ટેલમાં ભણવા મૂકી દીધેલાં.

તે ત્રણ દિવસ વધુ રોકાઈ ગયો. ગૅલેરી ખૂલે ત્યાંથી બંધ થાય ત્યાં સુધી ગૅલેરીમાં જ રહેતો. અમિતાને જોયા કરતો. છેલ્લા દિવસે દસબાર બાળકો ગૅલેરી પર આવ્યાં. અમિતા ઘડીક વારમાં બાળકોમાં ભળી ગઈ… તે તેમને બધાંને જોતો રહ્યો. પ્રદર્શન મોડી સાંજે પૂરું થયું. ચિત્રો ઉતારવામાં, પૅકિંગ કરવામાં તેના ભાઈને મદદ કરવા લાગ્યો. ચિત્રો સાથે તેનાં મમ્મી-પપ્પાને મૂકવા ઘેર પણ ગયો.

રિવ્યૂ-બુકનું પાનું ઉથલાવ્યું. વાંચવા લાગ્યો… ‘દરિયો જાણે તમારામાં ભળી ગયો છે. તમે અને દરિયો એકાકાર થઈને પ્રગટ્યાં છો કૅનવાસ પર…’

અમિતા દરિયાને કૅનવાસ પર ઉતારી શકે, દરિયાને નિરાંતે જોઈ-માણી શકે, દરિયા સાથે જોડાઈ શકે તે માટે બે વર્ષ પહેલાં જ સાદી-સીધી મોટી બાલ્કનીને ઇન્ટીરિયર ડૅકોરેટરને બોલાવી સજાવી છે. શહેરથી દૂર દૂર દરિયાકિનારે હોય તેવી લાલચટાક વિદેશી નળિયાંની છત, ગાદીવાળો હીંચકો, ગાદીનાં કવર ફૂલોની ભાતવાળાં, એક બાજુ ઘણાંબધાં ખાનાંઓવાળું લાંબું ટેબલ, ટેબલ ટૉપ પર મોટા મોટા શંખ, જાતભાતના દરિયાના પથરા, સિરામિક્સના વિવિધ આકારવાળા પાંચેક પૉટમાં પૅઇન્ટિંગનાં બ્રશ, નાઇફ, ઑઇલ, છીપલાંથી સજાવેલી ટ્રેમાં રંગોની ટ્યૂબ...

રિવ્યૂ-બુક પર નજર ફેરવી. કોઈકે લખેલું... 'પંચાવનની ઉંમર સુધીમાં દરિયો કદી જોયો નથી, પણ આજે ચિત્રો જોઈને સાચેસાચો દરિયો અનુભવ્યો છે... ખૂબ અભિનંદન.'

તેને તરત યાદ આવ્યું કે અમિતા પણ આમ જ કહેતી'તી. તેની સાથેની પહેલી વારની ઓળખાણના છ મહિના પછી એક દિવસે સવારે ફોન કરી અમિતાએ તેને તેના જ શહેરની જાણીતી આર્ટગૅલેરીમાં આવવાનું આમંત્રણ આપેલું. સમય કરતાં વહેલા પહોંચી ગયેલો. દૂરથી અમિતાને જોતાં જ સીમા યાદ આવી ગયેલી. સીમા જેવી જ ઊંચી, ઊજળી ને હસમુખી લાગતી'તી.

બીજા દિવસે આગ્રહ કરીને પોતાના ઘરે લઈ આવેલો. મોટી મોંઘી ગાડી મુંબઈની સેર કરતી દરિયાકિનારેથી પસાર થવા લાગી. તેણે તેનો હાથ પકડી લઈ ગાડી રોકવા કહ્યું. ગાડીનો કાચ ઉતારી દરિયા જોતી રહી... કહેવા લાગી, 'મારા શહેરમાં દરિયો નથી... તમારે તો ઘૂઘવતો દરિયો... હિલ્લોળાતો દરિયો... કેવો મજાનો લાગે છે ! દરિયો રાતે પણ જાગે છે કે શાંત થઈ જાય છે ? આખી રાત દરિયો શહેરની છબીને પોતાનામાં ઝીલી, સાચવીને જાગતો રહે છે ને ! દિવસ આખો પોતાના શહેરી લોકોને રઘવાયા થઈ દોડતા જોઈ રહેતો હશે ખરું ને ?' તે દરિયાની જ વાતો કરતી'તી. પોતે તેના ચહેરા પર છલકાતા આનંદના દરિયાને ચૂપચાપ માણી રહેલો.

પાછી ગાડી દરિયા સાથે દોડવા લાગી. દરિયાકિનારે ઊભેલા પંદરમાળીયા ફ્લૅટના પાર્કિંગમાં ત્યાંથી દરિયાકિનારે રમતાં બાળકો, ચાલતા-ફરતા વૃદ્ધો, ખૂમચાવાળા, ફુગ્ગાવાળા એમ ઘણાબધા દેખાતા હતા. અમિતા સાથે ઊભા રહીને પોતે પણ નવેસરથી જોવા લાગ્યો. લિફ્ટ દસમા માળે ઊભી રહી. વિશાળ ફ્લૅટમાં જાહોજલાલીનો દરિયો છલકાઈ રહેલો. તે વિસ્મયથી જોઈ રહી. તરત પૂછ્યું, 'બાલ્કની ક્યાં છે ? ચાલો દરિયા પાસે બેસીએ.'

તેણે રિવ્યૂ-બુક બંધ કરી. યાદ કરવા લાગ્યો કે અમિતાને પોતાનાં બંને બાળકોના ફોટા બતાવી, લગ્નની વાત કરેલી ત્યારે કેવી મૂંઝાઈ ગયેલી?! જાણે ઓચિંતા ધસી આવેલાં મોટાં મોટાં મોજાંએ તેને ગૂંગળાવી દીધી હોય... પણ સ્વસ્થ થઈ મલય-મેઘના સાથે જોડાઈ ગઈ. વેકેશનમાં મલય-મેઘના ઘરે આવ્યાં ને આખેઆખો દરિયો ઘરમાં ફરી વળ્યો. ત્રણેની ધમાલમસ્તીની રીતસરની ભરતી ચઢી. વેકેશન પૂરું થતાં જ ભરતી ઓસરી ગઈ. બાળકો દૂર દૂર હૉસ્ટેલમાં પહોંચી ગયાં. અમિતાએ ઘરે પાછા લાવવાનો

વારંવાર આગ્રહ કર્યો. છેવટે દરિયામાં જીવ પરોવી દીધો.

તે ફરીવાર રિવ્યૂ-બુક પહેલેથી જોવા લાગ્યો. ત્રીજા પાના પર અટક્યો. અમિતાનું લખાણ હતું, 'મારા દરિયાના મારાં વહાલાં બાળકો.' નીચે ચોંટાડેલા બાળકોના ફોટોગ્રાફ્સ ધ્યાનથી જોવા લાગ્યો. દરિયાકિનારે રેતીમાં ઘર બનાવતાં નાનાંમોટાં ત્રણ બાળકો, સાંકળ બનાવી દોડતાં ત્રણ બાળકો ને ઉપર મેઘધનુષ ને ભીની રેતીમાં પગલી પાડતાં ત્રણ બાળકો. મોટાં બે બાળકો પર વહાલથી હાથ ફેરવ્યો જાણે મલય-મેઘના. પણ બંનેની આંગળી પકડી વચ્ચે ચાલતું સાવ નાનું ત્રીજું બાળક કોણ ?

તેણે બાળકનો ફોટો ધ્યાનથી જોયો. કેવું મીઠું હસી રહ્યું છે ! તેની પાણીદાર આંખો, લાંબું અણિયાળું નાક અને વાંકડિયા વાળ મોટાં બંને બાળકો જેવાં જ હતાં. કદાચ ત્રણ ભાઈબહેન હશે! આમ વિચારતાં જ અમિતાની માંગણી ઘૂઘવતા દરિયાની જેમ ઘૂમરાવા લાગી.

તે દિવસે પૂનમ હતી. લગ્નનાં ત્રણ વર્ષ પૂરાં થવામાં હતાં. તોફાને ચઢેલા દરિયાની જેમ અમિતા તેને વળગી પડેલી અને બાળકની ઇચ્છા કરેલી. પણ પોતે એકાદ ક્ષણ ગુમાવ્યા વગર જ કહી દીધેલું, 'એવી ઇચ્છા કરતી જ નહીં, એ શક્ય નથી.' બસ તે રાતથી જાણે દરિયો ધીમે ધીમે શાંત થતો ગયો, ખસતો ખસતો ઊંડે ચાલી ગયો, પટ મોટો ને મોટો કરતો ગયો.

રિવ્યૂ-બુકનું છેલ્લું લખાણ વાંચવા લાગ્યો, 'દરિયાનો ખાલીપો ભરવાની મથામણ પ્રશંસનીય છે. ભરી દીધો છે વેદનાની પીંછીના ગ્રે રંગથી.'

રિવ્યૂ-બુક બંધ કરી. ડાઇનિંગ ટેબલ પર રાહ જોઈ રહેલી અમિતાને ધારીને જોઈ રહ્યો. સાવ કોરો સપાટ ચહેરો. ઉદાસ આંખો. તેને ડૂમો ભરાઈ ગયો. આંસુ આવી ગયાં. થોડી વારે સ્વસ્થ થઈ ઢસડાતે મને બહાર ગયો. માંડ માંડ જમ્યો. મન વારે વારે બળવો પોકારી રહ્યું છે. અંદર અફાટ દરિયો ઊછળી રહ્યો છે. પલંગમાં આસમાની ગાઉન પહેરી આડી પડેલી અમિતાને જોઈ પૂનમનો દરિયો ઘૂઘવવા લાગ્યો. તે આવેગથી તેના ચહેરા પર ઝૂક્યો, તેના ગાલ ચૂમ્યા અને બાજુમાં લંબાઈ ગયો. રોજની જેમ આખી રાત દરિયો જાગતો રહ્યો... સાવ શાંત ઉદાસીન...

❑

**ભૂલસુધાર**

'પરબ', ડિસેમ્બર ૨૦૨૦ના અંકમાં પૃ. ૬૧ પર લેખનું શીર્ષક 'હવે ફાધર વાલેસ રહ્યાં નથી'ના બદલે 'હવે ફાધર વાલેસ રહ્યા નથી' વાંચવા વિનંતી.

નિબંધ

# માણેકચોકનાં મીની રત્નો...

વિજય સોની

**મા**ણેકચોક એટલે માણેકનાથ બાવો જ્યાં રહેતો હતો. અંધારી કોટડી જેવી એ જગ્યા હજી પણ છે. ત્યાં અખંડ દીવો હજુ પણ બળ્યા કરે છે. કેટલાંય વર્ષોથી કોણ જાણે...! કહેવાય છે કે એહમદશાહ બાદશાહે અમદાવાદની રાંગે બુરજ બનાવવાનું નક્કી કર્યું ત્યારે દિવસે બાદશાહના કારીગરો બુરજની દીવાલો ચણે અને રાત્રે માણેકનાથ બાવો એની આખો દિવસ સાંધેલી ગોદડીનાં ટાંકા ઉકેલી નાખે એટલે બુરજની દીવાલો ધરાશાયી થઈ જાય. આવું ઘણા લાંબા સમય સુધી ચાલ્યું એટલે બાદશાહે માણેકનાથ બાવા પાસે જઈ ઝૂકવું પડ્યું હતું એવી વાયકા છે. અહીં માણેકચોકમાં દિવસે ચોકસીઓ બેસે અને એ જ જગ્યાએ રાત્રે ચોકસીઓ એમનો સંસાર સંકેલી લે અને ત્યાં ખાણી-પીણીવાળા ગોઠવાઈ જાય. શતરંજની રમતમાં એક મહોરાંને પાડીને બીજું મહોરું ગોઠવાઈ જાય એમ. તમે માણેકચોકમાં રાત્રે જાવ તો તમને ખબર પડે કે અહીં દિવસે કરોડોનો વેપાર થતો હશે. અને દિવસે નીકળો તો તમને ન લાગે કે આને જ રાત્રે ભૂખબજાર કહેવાતું હશે. ભૂખબજારથી થોડા આગળ આવો તો શેરબજારનું જર્જરિત મકાન ઊભું છે. આ એ મકાન છે જેણે ઘણાને ભૂખભેગા કરી દીધા છે. ત્યારે રિંગમાં ઊભા રહીને શેરોના સોદા થતા. આંગળીઓની અવનવી મુદ્રાઓ વડે શેર લેવાતા અને વેચાતા. આ બિલ્ડિંગની આસપાસ કેટલીય પેઢીઓ ખુવાર થઈ ગયેલી. એમ તો માણેકચોક માટે એવું કહેવાય છે કે અહીં ધંધો કરવાવાળો કદી ભૂખ્યો ન મરે.. પણ અહીં ઘણા સોનીઓનાં પાટિયાં પડી ગયેલાં. અને પોદળો પડે ત્યારે થોડી ધૂળ લઈને જ ઊપડે એમ એ મોટા હાથીઓ પાછળ બીજા ઘણા નાના નાના સોનાના કારીગરો બિચારા ઊઠી ગયેલા. ત્યાંથી આગળ એક ચોક આવે છે. એ ચોકમાં વચ્ચોવચ્ચ મ્યુનિસિપાલિટીનો એક થાંભલો. હમણાં ઊગ્યો છે. એ થાંભલા પાસે ઊભા રહો તો ચારે દિશામાં વિના અવરોધ તમે જોઈ શકો. એ થાંભલા પાસે સાંકડીશેરીનું અજગર જેવું મોઢું ખૂલે છે. એ મોઢા આગળ તમને સોનાના દાગીના બનાવનાર કારીગરો પહોળો લેંઘો અને સફેદ સદરો પહેરેલા નજરે પડે. જોકે લેંઘો અને સદરો પહેરવાવાળા કારીગરો હવે વયોવૃદ્ધ થતા જાય છે. એ લોકો લાકડી લઈને સાંકડીશેરીમાં ક્યાંક ક્યાંક દેખાઈ જાય છે. પણ સાંકડીશેરી હજી એવી જ છે... ફૂલફટાક નવયૌવના. લાકડી લઈને આમતેમ આંટા મારતા, ચાની રકાબીઓમાં ડૂબી જતા એ આઉટ ઑફ ડેટ કારીગરોના કળા-કૌશલના કિસ્સાઓ હજીય સાંકડીશેરીથી લંબાઈને માણેકનાથ બાવાની મઢી સુધી પહોંચે છે :

પણ મારે વાત આવા એક જ જણ, રમણની કરવી છે. રમણ સોનાના દાગીના

પર નકશીકામનો કારીગર. સોડાવૉટરની બૉટલના તળિયા જેવા કાચનાં ચશ્માં. બેઠેલા લાફિંગ બુદ્ધ જેવું શરીર. માથામાં વચ્ચોવચ સપાટ રસ્તો અને આજુબાજુ જાળા-ઝાંખરાં જેવું આછુંપાતળું જંગલ ઊગી નીકળેલું. એ ક્યારેય વાળ ઓળતો નહીં. બોલે ત્યારે નાકામાંથી બોલે એટલે ખાનગીમાં બધા એને 'રમણ ગૂંગણો' પણ કહેતા. રમણ નકશીકામમાં ઊડતા પંખી પાડતો એમ કહેવાતું. સોનાના પતરાં પર નકશી કરતાં કરતાં એ અવનવી ઢીંગલીઓની, પતંગિયાંઓની ભાત ઉપસાવી આપે. તમને એ જોઈને એવું જ લાગે કે હમણાં આ ઢીંગલીઓ-પંખીઓ-પતંગિયાં બધાં ભેગાં મળીને ઊડશે અને વાદળોની સોડમાં ભરાઈને બ્લૂ આકાશ ભરી દેશે. નકશી કર્યા પછી રમણ તમારી સામે એવી રીતે જુએ જાણે વિશ્વરૂપ દર્શન કરાવ્યા બાદ શ્રીકૃષ્ણ અર્જુન સામે જોઈ રહ્યા હોય ! તમે એ પતંગિયાં-પંખીઓમાં લાલ, પીળો, લીલો, મીનો પુરાવો એટલે આખો વનવગડો તમારી સામે સજીવન થઈ આવે. પણ સાંજે જુઓ તો રમણ વનવગડામાં ભૂલા પડેલા જીથરાંભાભા જેવો લાગે આખા દિવસમાં જે કઈ કમાયો હોય એમાંથી એ સાંજે પોપટ સટોડિયા પાસે જઈને પાનું લખાવી આવે. કોઈક કહે 'તું આટલાં બધાં પૈસા કમાય છે ને આવી કટેવ ?'

- 'આપણે એકલા નથી લખાવતા, મોટા મોટા વકીલો અને ડૉક્ટરો ગાડીઓ લઈને લખાવવા આવે છે,' એ કહેતો.

- 'તે ડૉક્ટરો અને વકીલો તો લખાવે, એમને હરામના પૈસા આવતા હશે, તું શું કામ તારી કાળી મજૂરીના પૈસાની મા આણે છે ?' મેં એક વાર કીધું હતું.

પણ રમણ જેનું નામ... કટેવ ન છૂટી તે ન જ છૂટી. રમણને લોકો એટલા બધા સોનાના દાગીના નકશી કરવા આપી જાય કે એને મોટા તાંસમાં મૂકવા પડે. કોઈ અધૂરિયા જીવના વેપારી હોય તો કહે પણ ખરો કે 'રમણલાલ, આ તમને આટલા બધા દાગીના આપી જઈએ છીએ તો. દુકાનમાં તિજોરી જેવું રાખો છો કે ? કાલ ઊઠીને કંઈ આઘુંપાછું થયું તો તમે જવાબ આપશો ?'

- 'ના ભાઈ હો ! સાડી સત્તર વાર વિશ્વાસ હોય તો આપી જવાનું. 'મારે લેવાનું ગાજર અને રહેવાનું હાજર' એવું થોડું હોય ?' રમણ ચપટી ભરીને સોનું એ વેપારીને બતાવતો, 'જો આટલું મળે છે! તારા દાગીનાની નકશીથી કંઈ મારા બંગલા નથી બની જવાના !' પણ સાંજ પડે રમણ જે કમાતો એ કમાતો પણ એમાંથી વરલી-મટકાવાળો જરૂર કમાતો. પછી હાથનકશીની જગ્યાએ હૅન્ડમશીન આવ્યાં, પેન જેવું યંત્ર ફુરુરુરુ કરતું ઊપડે અને દાગીનો જોતજોતામાં મોઢું દેખાય એવો ચમકવા લાગે.

'રમણલાલ હવે કશુંક નવું વિચારો, ક્યાં સુધી આમ જૂની પંખી-પતંગિયાંઓની ડિઝાઇન પાડ્યા કરશો ?' વેપારીઓ પૂછવા લાગ્યા. રમણ કશું બોલતો નહિ.ધીરે ધીરે કામ ઓછું થવા લાગ્યું, પણ રમણનું મટકા રમવાનું ઓછું ન થયું. એની દુકાન રસ્તા પરની મોકાની એટલે પૈસાની તંગી પડતાં એણે દુકાનનો થોડો ભાગ ભાડે આપી દીધો. વરલી-મટકામાં હવે એને પેટી લાગશે એની લ્હાયમાં એ મોટા રૂપિયા લગાડવા માંડ્યો. રાતવરત બાવાઓ પાસે પહોંચી જતો. એ બાવો એમ કહે 'બચ્ચા અભી મત જાના, એક

ઘંટા બાદ ચલે જાના.' એટલે રમણ એ દિવસે એક્કો લગાવી દેતો. બાવાની જાડે ચલમ પીતો થયેલો. પાંસળાં ખેંચાઈ જાય ત્યાં સુધી ઊંડો કશ લઈને ચલમ પીતો ત્યારે નાકમાંથી નીકળતા ધુમાડામાં એની કારીગરી ઓગળતી ચાલી. કામ ઘટતું ગયું. દેવું વધતું ગયું, એટલે દુકાન વેચવાનો વારો આવ્યો. કશું કમાઈને ઘરે ન લઈ જતો એટલે લેણદારોનાં ત્રાગાં ઘર સુધી આવવા લાગ્યાં. એટલે એક દિવસ રમણની માથાભારે વહુએ એને ઘરમાંથી તગેડી મૂક્યો. એ દિવસે રમણ એની દુકાનના ઓટલે આવીને સૂઈ ગયો. એના હાથની કળા એની હસ્તરેખાઓની જેમ ઝાંખી પડતી જતી હતી. રમણના પેટમાં ખાડો પડવા લાગ્યો એટલે એ પેટ પાસેથી વાંકો વળી ગયો. હવે પાછળથી જુઓ તો રમણ ખૂંધો લાગતો હતો. એની વહુએ એને બે જોડી કપડાં આપીને કાઢી મૂક્યો હતો એ મેલી થેલી માથે મૂકીને એ સૂઈ રહેતો. માણેકચોકના મ્યુનિસિપાલિટીના નળ નીચે નહાઈને રમણ એની વેચાઈ ગયેલી દુકાનના ઓટલે આખો દિવસ બેસી રહેતો. એક દિવસ રમણે એની દુકાન પાસે ગળફો કાઢ્યો ત્યારે એની દુકાન જેણે ખરીદી હતી એણે કૂતરાંને હુડુડુ કરીને આંગણામાંથી કાઢે એમ રમણને આઘો કાઢ્યો, ત્યારે રમણના ચંપલની પટ્ટી તૂટી ગઈ. માથે સૂરજ બોકાહા નાખતો હતો.. રમણે તૂટેલા ચંપલ ફેંકી દીધાં અને આગળ રામજી મંદિરના પગથિયેથી એક જોડી ચંપલ તફડાવી લીધાં. રમણને ચંપલ તફડાવતાં સાંકડીશેરીનો એક લુખ્ખો જોઈ ગયો. એ લુખ્ખાએ રમણને બે ઝાપટ મારીને ચંપલ મુકાવ્યા. અને રમણ ત્યાંથી નિમાણો થઈને ભાગ્યો. પાછળથી લુખ્ખાએ 'એ ચપ્પલચોર... ચંપલચોર...' એમ બૂમો પાડી. એની પાછળ સાંકડીશેરીના અટકચાળા છોકરાઓએ પણ રમણનો હુરિયો બોલાવ્યો. રમણ એ દિવસે ઉઘાડા પગે ઓગળતા ડામર પર દોડતો દોડતો માણેકચોકની બહાર નીકળી ગયો. એ દિવસે એણે ગોળલીમડા જલારામ મંદિરની રામરોટીમાં લુસ લુસ ખાઈ લીધું. પૂરી ખાતાં ખાતાં એને થાળીમાં નકશી વડે ચિતરાયેલાં પતંગિયાં અને ફૂલો યાદ આવ્યાં. પૂરીવાળો બીજી વાર પૂરી મૂકવા આવ્યો ત્યારે એને ભૂખેય હતી પણ એણે ભાણામાં કશું લીધું નહીં. જે હતું એ મૂંગા મૂંગા ખાઈ લીધું. અને તડકો નમ્યો ત્યારે મોડી સાંજે એ ઢસડાતો એની દુકાનના ઓટલે આવીને આડો પડી ગયો. ઉઘાડા પગે ચાલવાથી એના પગ વધારે દુઃખતા હતા. સવારે એને ઉટવામાં મોડું થઈ ગયું. પાણી ભરવાવાળી ડોશીએ એને પગનો અંગૂઠો અડાડીને ઊભો કર્યો. પછી રોજ રાત્રે રમણ ગમે ત્યાં રખડીને, ગમે ત્યાં ખાઈને, ચીંથરાં વીંટીને દુકાનના ઓટલે આવી જતો. પાણી ભરવાવાળી ડોશીએ એક વાર એને પગના અંગૂઠાથી ઉઠાડવાને બદલે પાટુ મારીને ઉઠાડ્યો. રમણનો પિત્તો ગયો. એણે ડોશીને ધક્કો મારીને પછાડી દીધી. પછી લોકોએ ભેગા થઈને રમણને ઢીબી નાખ્યો. એનાં ચીંથરાં જેવાં કપડાં ફાટીને તાર તાર થઈ ગયાં. એનાં ઢીંચણ પર કોઈએ પાટુ માર્યું તો એના પગમાં કડ થઈને ટચાકો બોલી ગયો. પછી એ ઊભો થવા ગયો પણ થઈ શક્યો નહીં. ઢસડાતો ઢસડાતો એ માણેકચોક અને સાંકડીશેરીમાં આમતેમ ફરવા લાગ્યો. અટકચાળા છોકરાઓ એની પાછળ 'ચંપલ ચોર... ચંપલ ચોર'નો હુરિયો બોલાવતા. એને ગુસ્સો આવતો પણ એ છોકરાઓ પાછળ દોડીને એમને કશું કરી શકે એમ ન હતો. હૉસ્પિટલ જવા માટે

બે-ચાર સોનીઓએ એને કીધું પણ એ હવે જિદ્દી અને ચીડિયો થઈ ગયો હતો એટલે એ ધરાર હૉસ્પિટલ ન ગયો. હવે તૂટેલા પગે તો માણસ કેટલું ઢસડાઈ શકે ? એના કૂલા પાસેથી પૅન્ટ ફાટવા લાગ્યું હતું. એની ફાટેલી કોણીવાળા શર્ટમાંથી કાળું શરીર ડોકિયાં કરતું હતું. રમણ હવે પાંચ રૂપિયાની ચા માટે માણેકચોકના મુખ્ય રસ્તા પર હાથ લાંબો કરીને ઊભો રહેતો હતો. બધા નજર ફેરવીને જતા રહેતા… જાણે રમણને કશુંક કહેવાથી એમને એમની જાત પર શરમ આવતી હતી. મને ઘણી વાર થતું કે હું રમણને ઊભો રાખું કે હું ઊભો રહું, એની સાથે વાત કરું કે, ‘તું આમ સોનાનો કારીગર થઈને હાથ લાંબો કરીને ભીખ કઈ રીતે માંગી શકે ? દવાખાનામાં જઈને પગ સરખો કરાવી લે અને નાનકડો બાંકડો લઈને બેસી જા પાછો નકશી કરવા… પતંગિયાંની – ફૂલોની – દોડતાંરમતાં રાજારાણીની..!

પણ દર વખતે મારે ઉતાવળ રહેતી અને મને બીક પણ લાગતી કે હું આ બધું પૂછવા રમણ પાસે ઊભો રહીશ અને વળી એ મારી પાસે મોટા રૂપિયાની માગણી કરશે તો ?

રમણ હવે નથી. વરસાદ પડી ગયા પછી માણેકચોક ધોવાઈને ઊજળું થઈ ગયું છે. રૂના પોટલાં જેવાં વાદળો થીજીને ઊભાં રહી ગયાં છે. ઉદાસ સાંજ માણેકચોક માથે ઝળૂંબતી હતી. રમણની દુકાન હવે જેણે લીધી છે એ એના થડામાં સાંજ ઓઢીને બેઠો છે. એનું ઓશિયાળું મોઢું જોઈ મને કશુંક યાદ આવે છે. એના ચંપલ દુકાનની બહાર પડ્યાં છે. હું આસપાસ અટકચાળા છોકરાઓ નથી ને… એની ખાતરી લઉં છું. ધોવાયેલા માણેકચોકમાં પતંગિયાં ઊડતાં હતાં. એમાંનું એક તો પીળા સોના જેવું ચમકતું… જાણે રમણના હાથની નકશીથી સજીવન થઈને માણેકચોકમાં લહેરાઈ રહ્યું હોય !

❑


**ગુજરાતી સાહિત્ય પરિષદનું**
**નવું ઈ-મેઈલ આઈડી**

gspamd123@gmail.com

---

**‘પરબ’ માટે ઈ-મેઈલ આઈડી**

‘પરબ’ માટે કૃતિઓ ઈ-મેઈલ દ્વારા મોકલી શકાશે. ‘પરબ’નું ઇ-મેઈલ આઈડી :

parabgsp@gmail.com

કૃતિ નીચે નામ, સરનામું લખવા વિનંતી.

# છદ્મવેશી રેડ ડેથ

('The Masque of the Red Death'નો ગુજરાતી અનુવાદ)

એડગર એલન પો, અનુવાદ : વીનેશ અંતાણી

ઘણા સમયથી 'રેડ ડેથ' મહામારીએ આખા રાજ્યને પાયમાલ કરી નાખ્યું હતું. આ પહેલાં કોઈ મહામારી આવી જીવલેણ અને જુગુપ્સિત નીવડી ન હતી. લોહીના અવતાર જેવી આ મહામારીથી બધે જ રક્તવર્ણનો આતંક છવાઈ ગયો હતો. અચાનક અસહ્ય દુઃખાવો ઊપડે, ચક્કર આવે, ચામડીનાં છિદ્રોમાંથી પુષ્કળ લોહી વહે અને પછી મૃત્યુ. દરદીના શરીર પર, ખાસ કરીને મોઢા પર, છવાઈ જતા લાલચટક ડાઘને લીધે કોઈની સહાનુભૂતિ અને સહાયની શક્યતા રહેતી નહીં. રોગ એકાએક ભડકો લે, જોતજોતામાં પ્રસરે અને દરદી મૃત્યુ પામે. એ બધું માત્ર અર્ધા કલાકમાં પૂરું થઈ જતું.

એ દેશનો રાજકુમાર પ્રોસ્પેરો બિન્ધાસ, નીડર અને ચતુર હતો. એના રાજ્યની અર્ધી વસ્તી નાશ પામી ત્યારે એણે એના દરબારીઓમાંથી એક હજાર તંદુરસ્ત, ખુશમિજાજ, સુભટો અને પ્રતિષ્ઠિત સન્નારીઓના મિત્રવૃંદને હાજર થવા ફરમાન કર્યું. એ એમને બધાંને પોતાની સાથે એકાન્તવાસ માટે દૂરના એક દુર્ગ સમાન સુરક્ષિત મઠમાં લઈ ગયો. એ વિશાળ અને ભવ્ય ઇમારત હતી. રાજકુમારે એની તરંગી, પરંતુ ઉચ્ચ રુચિથી એનું નિર્માણ કરાવ્યું હતું. એની ચારે બાજુ ખૂબ ઊંચી મજબૂત દીવાલો હતી. દીવાલમાં લોખંડના દરવાજા હતા. બધા દરબારીઓ અંદર આવી ગયા પછી દરવાજાના આગળા પર હથોડા ઠોકી, વેલ્ડિંગ કરી, જડબેસલાક બંધ કરી દેવાયા. હવે કોઈને બહારથી અંદર પ્રવેશવાનો અને હતાશા કે આવેશમાં આવીને બહાર ભાગવાનો માર્ગ રહ્યો ન હતો.

દુર્ગમાં જીવનજરૂરિયાતની બધી સામગ્રીનો વિપુલ જથ્થો સંગ્રહ કરી લેવામાં આવ્યો હતો. સાવધાનીની આવી સજ્જડ વ્યવસ્થા પછી બહાર જઈ મહામારીના સંક્રમણના ભોગ બનવાનું કોઈ વિચારે પણ નહીં. બહારનું જગત બચાવના ઉપાય જાતે શોધી લેશે. અત્યારના સંજોગમાં એ વિશે કંઈ વિચારવું કે દુઃખી થવું મૂર્ખતાભર્યું હતું. રાજકુમારે દરબારીઓના મનોરંજન માટે બધી વ્યવસ્થા કરી હતી. વિદૂષકો હતા, ગાથાગાયકો હતા, નર્તકો હતા, સંગીતકારો હતા, સુંદરીઓ હતી અને આસવ હતો. ચુસ્ત સલામતી સાથે બધું અંદર જ ઉપલબ્ધ હતું, માત્ર 'રેડ ડેથ' બહાર રહી ગયું હતું.

આ રીતે એકાન્તવાસને પાંચથી છ મહિના પૂરા થવા આવ્યા. બહારના વિસ્તારોમાં મહામારીનો પ્રકોપ માજા મૂકી રહ્યો હતો. તે સમયે રાજકુમારે એના એક હજાર મિત્રોના મનોરંજન માટે વિવિધ વેશભૂષા સાથે મહોરાંધારી નૃત્યના સમારંભનું અનોખું અને શાનદાર આયોજન કર્યું.

આ નૃત્યસમારંભમાં વિલાસી દૃશ્યો ઊભાં થતાં હતાં. એની વધારે વિગત આપું તે પહેલાં એ નૃત્યસમારંભ જે ખંડોમાં યોજાયો હતો એની વાત કરું. અહીં રાજવી ઠાઠવાળા સાત ખંડ હતા. બીજા કેટલાક મહેલોમાં ઓરડા સીધી હારમાં આવેલા હોય છે. એના દરવાજા દીવાલની બંને બાજુ ખસકાવીને આખા ઉઘાડી શકાય. એ કારણે બધા ખંડ એકસાથે નજરે ચઢે. પરંતુ અહીં રાજકુમારના વિચિત્ર શોખને લીધે ખંડોની ગોઠવણી અલગ પ્રકારની હતી. બધા ખંડ સીધી હારમાં નહીં, પરંતુ આડાઅવળા બાંધ્યા હતા. એથી એક સમયે એક જ ખંડ જોઈ શકાતો. દર વીસ કે ત્રીસ વારના અંતરે તીવ્ર વળાંક આવતો હતો. દરેક વળાંકે નવું દૃશ્ય ઊભું થતું હતું. ખંડની જમણી, ડાબી અને મધ્ય દીવાલમાં લાંબી અને સાંકડી ગોથિક શૈલીની બારીઓ હતી. એ બારીઓ ખંડની બહાર આવેલી કૉરિડોરમાં પડતી. એમાંથી ખંડમાં હવા આવતી. બધી બારીઓમાં ભાતવાળા રંગીન કાચ જડ્યા હતા. એના રંગ અને ખંડના સુશોભન માટેના રંગ એકસરખા હતા. દૃષ્ટાંત તરીકે પૂર્વમાં છેક છેવાડે આવેલા ખંડની દીવાલો પર આસમાની પરદા લટકતા હતા. એની બારીઓમાં ભાતવાળા રંગીન કાચ જડ્યા હતા. એના રંગ અને ખંડના સુશોભન માટેના રંગ એકસરખા હતા. દૃષ્ટાંત તરીકે પૂર્વમાં છેક છેવાડે આવેલા ખંડની દીવાલોનું સુશોભન જાંબલી રંગનું હતું. બારીઓનો રંગ પણ જાંબલી હતો. ત્રીજો ખંડ આખો લીલો હતો, બારીઓ પણ લીલી. ચોથો ખંડ સમગ્રપણે નારંગી રંગનો. એ પ્રમાણે પાંચમો સફેદ અને છઠ્ઠો વાયોલેટ. સાતમો આખો ખંડ કાળા મખમલી કાપડથી આચ્છાદિત હતો. એ કાપડ ખંડની છતને ઢાંકી દીવાલો પર ઉપરથી નીચે સુધી લટકતું હતું. એની ગડીઓ એ જ રંગ અને એવા જ કાપડની કારપેટ પર વળતી હતી. અહીં બારીઓનો રંગ ખંડના રંગથી અલગ હતો. બધી બારીઓના કાચ ગાઢ લોહી જેવા લાલચટક રંગના હતા.

બધા ખંડોમાં સુશોભનની ઘણી વસ્તુઓ મૂકી હતી, પરંતુ ક્યાંય દીવો કે મીણબત્તી મૂકવાની સગવડ ન હતી. એથી કોઈ ખંડમાં દીવા કે મીણબત્તીનું અજવાળું પડતું નહીં. દરેક ખંડની બહારની બાજુ કૉરિડોરમાં પડતી બારી સામે મજબૂત ટિપાઈ મૂકી હતી. દરેક ટિપાઈ પર સગડી રાખી હતી. એ સગડીમાં પ્રગટાવેલા અગ્નિની થરકતી જ્વાળાઓ બારીના રંગીન કાચમાંથી પસાર થઈ આખા ખંડને અજવાળતી હતી. એ કારણે ત્યાં ચિત્રવિચિત્ર દૃશ્યો રચાતાં. પશ્ચિમમાં આવેલા, કાળા રંગના ખંડની બારીના લોહી જેવા લાલચટક કાચમાંથી અંદરનાં કાળાં આચ્છાદનો પર પડતી અગ્નિ-જ્વાળાની લપટોનું અજવાળું બિહામણું વાતાવરણ ઊભું કરતું હતું. એમાં પ્રવેશ કરનાર વ્યક્તિના મોઢા પર અત્યંત બિહામણી છાયાઓ પડતી. એથી બહુ ઓછા લોકો એ ખંડમાં પગ મૂકવાની હિંમત કરતા.

આ ખંડની પશ્ચિમ બાજુની દીવાલ પાસે કાળા રંગના એબોની લાકડાનું ખૂબ મોટું ઘડિયાળ હતું. એનું લોલક નીરસ, ભારેખમ અને એકસરખો અવાજ કરતું અહીંથી તહીં ડોલ્યા કરતું. મિનિટ-કાંટો આખું વર્તુળ ફરી એક કલાક પૂરો કરે ત્યારે ઘડિયાળના પિત્તળના યંત્રમાંથી સ્પષ્ટ, મોટા, ઘેરા અને સુરીલા ડંકા પડવા લાગતા. ડંકા એટલા

લાક્ષણિક અને જોરદાર હતા કે દર કલાકે એ સંભળાતાં જ ઑરકેસ્ટ્રાના સંગીતકારોએ થોડી વાર માટે વાદન અટકાવી દેવું પડતું. નર્તકો સ્થિર થઈ જતા. બધાના પ્રફુલ્લિત ચહેરા ફિક્કા પડી જતા. પ્રૌઢ અને ગંભીર લોકો મૂંઝાઈ ગયા હોય કે ધ્યાનમાં ડૂબી ગયા હોય તેમ કપાળ પર હાથ દાબી ઊભા રહેતા ડંકાના પડઘા સાવ શમે તે સાથે જ લોકોમાં આછું હાસ્ય ફરી વળતું. સંગીતકારો એકબીજા સામે જોઈ છોભીલું હસી લેતા, જાણે એકબીજાને સાવ ધીમેથી વચન આપતા હોય કે હવે ડંકા વાગશે ત્યારે આવો ભાવ જાગવા દેશે નહીં. તેમ છતાં સાઠ મિનિટ (ત્રણ હજાર, છસો સેકંડનો સમય) પસાર થાય અને ડંકા ફરી સંભળાય તે સાથે જ અગાઉ જેવી મૂંઝવણ, ધ્રુજારી અને ધ્યાનમગ્ન સ્થિતિ ફરી વળતી.

એમ હોવા છતાં એ ઉલ્લાસથી છલકાતો અને ભવ્ય જલસો હતો. રાજકુમારની રસવૃત્તિ વિશિષ્ટ હતી. એ રંગો અને તેની અસર સૂક્ષ્મતાથી પારખી શકતો. એ માત્ર ભભકાદાર દેખાડામાં માનતો ન હતો. એની યોજનાઓ સાહસિક અને જલદ હતી. એનાં આયોજન બર્બર પ્રકારના ઝગમગાટથી પ્રચુર રહેતાં. કેટલાક લોકો એને પાગલ માની શકે, પરંતુ એના અનુયાયીઓ એવું માનતા ન હતા. એ પાગલ નથી તે સ્વીકારવા એને સાંભળવો, જોવો અને અડી લેવો અનિવાર્ય હતું.

આવા ભવ્ય આયોજન માટે રાજકુમારે જાતે સાત ખંડોની સજાવટના નિર્દેશ આપ્યા હતા. નર્તકોની વિવિધ વેશભૂષા અને મહોરાં પણ એણે જ એની આગવી રસરુચિ પ્રમાણે નક્કી કર્યાં હતાં. એની ખાસ સૂચના હતી કે બધું કઢંગું અને વિચિત્ર લાગવું જોઈએ. નર્તકો કોઈ દુઃસ્વપ્નમાં જોયેલા આકાર જેવા લાગવા જોઈએ. એમની નૃત્યભંગિ આડીઅવળી અને અસંગત હતી. એમાં પાગલ જેવી ઉન્મત્ત કલ્પનાઓની ભરમાર હતી. એમાં ઘણું સુંદર હતું, ઘણું મનમોજી હતું, ઘણું વિચિત્ર હતું. થોડું ડરામણું હતું, છતાં ઘૃણા થાય એવુ કશું ન હતું. એ 'સપનાં' જાણે દરેક ખંડના રંગ ધારણ કરી થરકતાં હતાં. ઑરકેસ્ટ્રાનું ધમાકેદાર સંગીત નર્તકોનાં પગલાંની થાપના પડઘા પાડતું.

ત્યાં જ અચાનક કાળા મખમલવાળા ખંડમાંથી એબોની ઘડિયાળના ડંકા પડવા લાગતા. થોડી ક્ષણો માટે ડંકાના અવાજ સિવાય બધું સ્થિર, બધું શાંત, થઈ જતું. બધાં 'સપનાં' થીજી જતાં. એમના પર ઠોકાયેલા ડંકાના પડઘા વિરમે તે સાથે જ તેઓ દાબેલું, ખિસિયાણું, હસી પડે. ફરીથી સંગીત ગાજી ઊઠે, 'સપનાં' જીવંત થઈ ઊઠે અને બારીના કાચમાંથી ખંડમાં પડતી અગ્નિજ્વાળાના પ્રકાશનો રંગ ધારણ કરી સૌ અગાઉથી પણ વધારે ઉલ્લાસભેર નાચવા લાગતાં. માત્ર પશ્ચિમમાં છેક છેવાડે આવેલા સાતમા ખંડમાં પગ મૂકવાની કોઈની હિંમત ચાલતી નથી કારણ કે રાત ઢળવા લાગી છે, લાલચટક પ્રકાશ ફેલાયો છે, કાળા પરદા ભયભીત કરે છે. કોઈનો પગ કાળી કારપેટ પર પડે તો એને એબોની ઘડિયાળના ડંકા બીજા ખંડોમાં નૃત્યમાં ડૂબેલા લોકોને સંભળાય એથી વધારે વજનદાર લાગે છે.

બીજા ખંડોમાં પુષ્કળ ભીડ હતી. ત્યાં બધા નર્તકોમાં જીવનનો ઉન્માદ ધબકતો હતો. ઘડિયાળમાં મધરાતના બાર વાગ્યાના ડંકા શરૂ થયા ત્યાં સુધી એમની ધમાચકડી

ઘૂમરી લેતી વધતી ગઈ. ડંકા પડવા શરૂ થયા તે સાથે જ સંગીત બંધ થઈ ગયું અને નર્તકોની ગતિ થંભી ગઈ. બધું અગાઉ જેવી બેચેનીમાં સરી પડ્યું. અત્યારે બાર ડંકા વાગશે – એ વિચારની દર ક્ષણે વધતી જતી સભાનતા પ્રૌઢ અને ગંભીર નર્તકોને ઊંડા ધ્યાનની અવસ્થામાં ખેંચી ગઈ. છેલ્લા ડંકાનો પડઘો સાવ વિરમ્યો તે પહેલાં અચાનક ઘણા લોકોનું ધ્યાન એક મહોરાધારી આકાર પર પડ્યું. આ પહેલાં કોઈએ એને જોયો ન હતો. નવી ઉપસ્થિતિનો ગણગણાટ એક કાનમાંથી બીજા કાનમાં થઈ આખા ખંડમાં પ્રસરી ગયો. એ ગણગણાટમાં નારાજગી, આશ્ચર્ય અને પછી ભય, આતંક અને તીવ્ર અણગમો ઉમેરાયાં.

પ્રેતાત્માઓની છાયા જેવા સમૂહમાં સામાન્ય પ્રકારની વ્યક્તિની ઉપસ્થિતિથી આટલી ઉત્તેજના ફેલાઈ ન હોત. વિવિધ વેશ અને મહોરાંધારી નૃત્યના જલસામાં કોઈને પણ ભાગ લેવા માટે ખાસ પ્રકારનો પ્રતિબંધ ન હતો, પરંતુ અત્યારે દેખાયેલા આકારે તો હેરોડ જેવા અતિ ક્રૂર રાજાને પણ પાછળ રાખી દીધો હતો અને એ રાજકુમારના અમર્યાદ તરંગોને પાર કરી ગયો હતો. સૌથી વધારે બેપરવા વ્યક્તિના હૃદયને પણ કેટલીક લાગણી સ્પર્શી જાય છે. જીવન અને મૃત્યુ બંનેને હાંસીપાત્ર ગણતા લોકો પણ કેટલીક બાબતોની હાંસી ઉડાવતા નથી. બધાને લાગ્યું કે અજાણ્યા આકારની વેશભૂષા કોઈ મજાક ન હતી. એમાં કોઈ પ્રકારનું ઔચિત્ય ન હતું. એ આકાર લાંબો અને દૂબળો હતો. એણે માથાથી પગ સુધી કફન જેવું કપડું વીંટાળ્યું હતું. મોઢા પર પહેરેલું મહોરું લાશના મોઢાને મળતું આવતું હતું. ખૂબ ધ્યાનથી નિરીક્ષણ કરનાર પણ એમાંથી કોઈ જાતની બનાવટ શોધી શકે નહીં. તેમ છતાં મોજમસ્તી પાછળ ગાંડા લોકોએ તે સ્વીકારી લીધું હોત, જોકે સહન કરી શક્યા ન હોત. એને જોઈને લોકોનો ગણગણાટ રેડ ડેથની ધારણા સુધી પહોંચી ગયો હતો. એનો પોશાક લોહીમાં ઝબોળેલો હતો, ગાઢ ભમ્મરો એવા જ રંગની હતી, મોઢા પર લાલ-લાલ ભયાનક છાંટણાં હતાં.

રાજકુમાર પ્રોસ્પેરોની નજર એ વિચિત્ર આકાર પર પડી. (એ આકાર ધીરે ધીરે, પ્રભાવી ચાલે, પોતાની ભૂમિકા સ્પષ્ટ કરતો હોય તેમ, નર્તકો વચ્ચે ગર્વભેર ફરતો હતો.) રાજકુમાર પહેલાં તો ભય અને અણગમાથી ધ્રૂજી ઊઠ્યો, પરંતુ બીજી જ ક્ષણે એની આંખ ગુસ્સાથી ભભૂકી ઊઠી.

'કોણ છે આ–' એણે બાજુમાં ઊભેલા દરબારીઓને ઘોઘરા અવાજે પૂછ્યું, 'કોણ આવી અપવિત્ર મજાક કરીને આપણું અપમાન કરવાની હિંમત કરે છે ? પકડો એને, ખેંચી કાઢો એનું મહોરું... જેથી ખબર પડે કે સવારે સૂરજ ઊગતાં જ આપણે કોને ગઢના કાંગરે ફાંસીએ લટકાવવાનો છે.'

એ વખતે રાજકુમાર પૂર્વમાં આવેલા આસમાની ખંડમાં હતો. એણે હાથ હલાવ્યો તે સાથે જ સંગીત વાગતું બંધ થઈ ગયું હતું. બહાદુર અને કદાવર રાજકુમારનો પ્રચંડ ઘાંટો સાતેસાત ખંડમાં ફરી વળ્યો.

રાજકુમારની બાજુમાં ઊભેલા દરબારીઓના મોઢા પરથી નૂર ઊડી ગયું હતું. એનો આદેશ મળતાં જ કેટલાક દરબારી ઘૂસણખોર તરફ થોડા આગળ ગયા, પરંતુ એ

નજીક જ હતો, છતાં કોઈ એને પકડવાની હિંમત કરી શક્યું નહીં. એ ઇરાદાપૂર્વક અને સત્તાવાહી ઢબે ચાલતો રાજકુમાર સામે જવા લાગ્યો એના વિશે થયેલાં પાગલ જેવાં અનુમાનોને લીધે કોઈ એને રોકવા આગળ આવ્યું નહીં. એ કોઈ રોકટોક વિના રાજકુમારથી એકાદ વારના અંતરે પસાર થયો. એ જોઈને ખંડની વચ્ચે ઊભેલા ગભરાયેલા લોકો દીવાલ બાજુ ખસી ગયા. પહેલી જ નજરે એણે જમાવેલી ધાક સાથે એ રુઆબદાર અને માપેલાં ડગલાં ભરતો, કોઈ જ અવરોધ વિના, આસમાની ખંડમાંથી નીકળી જાંબલી ખંડમાં ગયો. ત્યાંથી લીલા ખંડમાં ગયો. લીલામાંથી નારંગી ખંડમાં અને ત્યાંથી સફેદ ખંડમાં થઈ વાયોલેટ રંગના ખંડમાં ગયો. રાજકુમારે એને પકડવાનો આદેશ આપ્યો હતો, છતાં કોઈ આગળ આવ્યું ન હતું. એથી રાજકુમાર પ્રોસ્પેરો જાતે એની પાછળ ગયો. એ ગુસ્સાથી પાગલ થી ગયો હતો. થોડી વાર પહેલાં એના મનમાં જાગેલી કાયરતાથી એ ક્ષોભ અનુભવતો હતો.

રાજકુમાર છ ખંડમાંથી દોડતો આગળ વધ્યો. ભયથી જડ થઈ ગયેલા લોકોમાંથી કોઈ એની પાછળ ગયું નહીં. રાજકુમાર ક્રોધાવેશમાં ખંજર ઊંચું કરી આકાર પાછળ ધસતો હતો. બંને વચ્ચે ત્રણ-ચાર ડગલાંનું જ અંતર બાકી રહ્યું હતું. આકાર કાળા મખમલના ખંડમાં પ્રવેશ કરી એના છેવાડા સુધી પહોંચ્યો અને પાછળથી હુમલો કરવા આવતા રાજકુમાર સામે અચાનક વળ્યો. તે સાથે જ ભયાનક ચીસ સંભળાઈ, ચળકતું ખંજર કાળી કારપેટ પર પડ્યું અને ક્ષણવારમાં રાજકુમાર સામે અચાનક વળ્યો. તે સાથે જ ભયાનક ચીસ સંભળાઈ, ચળકતું ખંજર કાળી કારપેટ પર પડ્યું અને ક્ષણવારમાં રાજકુમાર પ્રોસ્પેરો મૃત્યુ પામેલી હાલતમાં ઢળી પડ્યો.

હતાશામાં ડૂબેલા લોકોનું ટોળું હિંમત એકઠી કરી કાળા ખંડમાં ધસી ગયું. એ ઊંચો આકાર એબોની ઘળિયાળની છાયામાં ટટ્ટાર અને સ્થિર ઊભો હતો. લોકોએ આગળ વધીને એને પકડ્યો અને હિંસક કઠોરતાથી ચૂંથી નાખ્યો. તે સાથે જ બધાના શ્વાસ અકથ્ય ભયથી રૂંધાઈ ગયા. કફન જેવા કાપડ અને લાશના મોઢા જેવા મહોરા નીચે માનવશરીર કે ઠોસ આકાર જેવું કશું જ ન હતું.

અને હવે રેડ ડેથની ઉપસ્થિતિ સ્પષ્ટ થઈ ચૂકી હતી. એ રાતના સમયે ચોર જેમ અંદર ઘૂસી આવ્યું હતું. જ્યાં ધાંધલભરી મજામસ્તી ચાલી હતી એ જ ખંડોની હવે લોહીથી લથબથ દીવાલો વચ્ચે બધા એક પછી એક નીચે પડવા લાગ્યા અને લાચાર દશામાં મૃત્યુ પામ્યા. છેલ્લી વ્યક્તિ મૃત્યુ પામી તે સાથે જ એબોની ઘડિયાળ ચાલતું બંધ પડ્યું, ટિપાઈ પરથી ઊઠતી જ્વાળાઓ બુઝાઈ ગઈ. ત્યાર પછી બધાં પર અંધકાર અને વિઘટન અને રેડ ડેથનું અબાધિત પ્રભુત્વ છવાઈ ગયું.

❑

આસ્વાદ

# સુભાષિત સ-રસ-વતી ધારા
# અવતારવાદ કે ઉત્ક્રાન્તિવાદ ?

**વિજય પંડ્યા**

**ગ**ત માસના ડિસેમ્બરના 'પરબ' અંકનું અહીં આ લેખ સાથે અનુસંધાન કરી શકાશે. હિન્દુ ધર્મનો 'અવતારવાદ'નો વિચાર જગતના ધાર્મિક અને અન્યથા તત્ત્વદર્શનને એક મહત્ત્વનું પ્રદાન છે. હિન્દુ ધર્મમાં દસ અવતારો (ક્યારેક ૨૪) માનવામાં આવ્યા છે. તેમને રૈખિક રીતે આ પ્રમાણે દર્શાવી શકાય.

મત્સ્ય(માછલી) → કૂર્મ(કાચબો) → વરાહ(ભૂંડ) → નૃસિંહ(મનુષ્યસિંહનું મિશ્રણ) → વામન(પૂરો મનુષ્ય પણ કુંઠિત ઠીંગુજી) → પરશુરામ (પરશુ-આયુધ-આદિમ આવેગો સાથેનો વિકસિત મનુષ્યનો અવતાર) → રામ (મનુષ્યની અંતિમ મર્યાદા દર્શાવનાર) → કૃષ્ણ (પૂર્ણ અવતાર, ક્યાંક કૃષ્ણને બદલે બલરામ છે.) → ધ્યાનસ્થ ભગવાન બુદ્ધ (કરુણાના અવતાર) → કલ્કિ (અશ્વ પર સવાર મ્લેચ્છોનો – અધાર્મિકોનો સંહાર કરનાર થનાર અવતાર) એમ દસ અવતાર હિન્દુ ધર્મમાં ભાગવત અને અન્ય પુરાણોમાં દર્શાવ્યા છે. આ દસે અવતારો સંકટમાં ફસાયેલા જગતને ઉદ્ધારવાના પ્રયાસ રૂપે છે.

ગત અંકમાં આપણે વરાહ અવતારના વરાહનું કવિત્વભર્યું ભવ્ય વર્ણન માણ્યું. અહીં, હવે, પ્રસ્તુત સુભાષિતમાં દસે અવતારનું એક જ પદ્યમાં નિરૂપણ કર્યું છે! (ટુ ઇન વન નહીં, થ્રી ઇન વન નહીં, પણ ટેન ઇન વન!) અવતારનું એક કાવ્યઘટક લઈને કામ કરતા કવિઓ પોતાની સર્જકતાથી કઈ રીતે એકબીજાથી અલગ પડી પદ્યને કાવ્યત્વથી મંડિત કરે છે એ પણ એક રસપ્રદ અભ્યાસનો વિષય બને તેમ છે. પદ્યનો પાઠ આ પ્રમાણે છે :

यस्यालीयत शल्कसीम्नि जलधिः, पृष्ठे जगन्मण्डलं
दंष्ट्रायां धरणी, नखे दितिसुताधीशः, पदे रोदसी ।
क्रोधे क्षत्रगणः, शरे दशमुखः, पाणौ, प्रलम्बासुरो
ध्याने विश्वमसावधार्मिककुलं कस्मैचिदस्मै नमः ॥

(વિશ્વનાથકૃત સાહિત્યદર્પણમાં ઉદ્ધૃત ૧ પરિચ્છેદ)

**અનુવાદ :** જેની છાલની સળમાં સર્વ સમુદ્રો સમાઈ ગયા (મત્સ્યાવતાર), જેની પીઠ પર પૂરું બ્રહ્માંડ ટકી રહ્યું (કૂર્માવતાર), જેની દાઢ પર ધરતી ટેકવાઈ ગઈ (વરાહાવતાર), જેના નખે દિતિના પુત્રો દૈત્યોના રાજા હિરણ્યકશિપુને રહેંસી નાખ્યો

(નૃસિંહાવતાર), જેનાં ચરણોમાં પૃથ્વી અને આકાશ (રોદસી) મપાઈ ગયાં (વામનાવતાર), જેના ક્રોધમાં સર્વ ક્ષત્રિયો હોમાઈ ગયા (પરશુરામ-અવતાર) જેના બાણે દસમુખ રાવણને વીંધી નાખ્યો (રામઅવતાર), જેના હાથે પ્રલમ્બાસુરનો વધ થયો (કૃષ્ણાવતાર), જેના ધ્યાનમાં સમસ્ત વિશ્વ લીન થયું (બુદ્ધાવતાર) અને જેના ખડ્ગે અધર્મીઓનો ખાત્મો કર્યો (કલ્કિ-અવતાર) એવા કોઈક એને (સર્વ અવતારોમાં રહેલા એક અને અદ્વિતીય પરમતત્ત્વને) નમસ્કાર હજો.

આ ઉપર્યુક્ત પદ્યની કેટલીક વિશેષતાઓ છે : એક તો, દરેક અવતારનું અવતારકાર્ય સંક્ષેપમાં મૂકી આપ્યું છે.

બીજું અવતારોનો ક્રમ જાળવ્યો છે અને તેથી પણ એક પ્રકારનું કાવ્યસૌંદર્ય (અલંકારશાસ્ત્રી અને 'યથાસંખ્ય' અલંકાર કહેશે.) ઉત્પન્ન થાય છે.

પ્રથમ મત્સ્યાવતારમાં માછલીની છાલ (ચામડી)ની સળમાં જ સમુદ્રો સમાઈ જાય છે. મત્સ્યનું કેટલું વિરાટ સ્વરૂપ છે ! એક એકથી ચઢિયાતાં વિરાટ સ્વરૂપો આ પ્રસ્તુત પદ્યમાં શ્રેણીબદ્ધ રજૂ થયાં છે !

હવે જો ધ્યાનથી આપણે આ અવતારોનો ક્રમ તપાસીએ તો, સમસ્ત બ્રહ્માણ્ડને તેના સૃષ્ટિક્રમમાં જે સર્જકચેતના (અવતારવાદ વિષયક) ગ્રહણ કરે છે તેનું તત્ત્વદર્શન વિસ્મયકારક છે.

આ અવતારવાદનો ક્રમ ડાર્વિનના ઉત્ક્રાન્તિવાદની સાથે સામ્ય ધરાવે છે.

પહેલી જળસૃષ્ટિ (માછલી), પછી જલ-થલ ઉભય સૃષ્ટિ કૂર્મ-કાચબો, જે જલચર અને સ્થલચર બન્ને છે. પછી કેવળ સ્થલ-સૃષ્ટિ જેમાં વરાહનો અવતાર થયો. પછી પ્રાણીઓમાંથી મનુષ્યત્વ પ્રતિ ગમન થાય તે પહેલાં અર્ધું પ્રાણી, અર્ધ મનુષ્ય એવો એક પડાવ થાય જેમાં નૃસિંહાવતાર થયો. નૃસિંહમાંથી પ્રાણી નીકળી જાય અને કેવળ મનુષ્ય ઉદ્ભવે પણ એ કુંઠિત મનુષ્ય છે તે વામન-ઠીંગુજી મનુષ્યનો અવતાર. પછી સુસંસ્કૃત મનુષ્યનો વિકાસ થાય તે પહેલાંનો આદિમ વૃત્તિઓ જેમાં પડેલી છે તેવો આવેગ ધરાવતો મનુષ્યનો પરશુરામનો અવતાર. પરશુ આવેગનું પણ પ્રતીક બની શકે. પછી મનુષ્ય પોતાની મર્યાદાઓ સાથે કેવું લોકોત્તર સ્વરૂપ ધારણ કરી શકે છે દર્શાવતો રામનો અવતાર. અને કૃષ્ણ તો પૂર્ણ છે, પૂર્ણાવતાર કહેવાય છે. ત્યાર પછી ભગવાન બુદ્ધનો અવતાર જેના ધ્યાનમાં સમસ્ત વિશ્વનો સમાવેશ થઈ જાય છે. અંતે દસમો કલ્કિ અવતાર જે લીલા-ભૂરા રંગના અશ્વ સાથે જ અવતારવાનો છે અને અધર્મીઓનો ઉચ્છેદ કરવાનો છે. જે હજુ હવે થવાનો છે, આપણે પ્રતીક્ષા કરીએ છીએ. પછી વળી કૃતયુગ-સત્યયુગની સ્થાપના થશે જ્યાંથી અત્યારની વિદ્યમાન સૃષ્ટિનો આરંભ થયો હતો. કાળની ગતિ પણ વર્તુળાકાર (circular) છે એમ અવતારવાદ સૂચવે છે.

વધુમાં આપણા સુભાષિતકારે દસ અવતારો તો નિરૂપ્યા પણ તાત્ત્વિક રીતે એક બીજું પણ દર્શન ઉજાગર કર્યું. આ ભિન્ન ભિન્ન અવતારોમાં છેવટે તો પરમ તત્ત્વ એક અને અદ્વિતીય છે જેના આ વિવિધ અવતારો આવિર્ભાવ છે. આ પણ આ સુભાષિતની એક ઉપલબ્ધિ છે !

શતાબ્દી વંદના

# મરમી ગોઠ ગુરુની

ગુલામમોહમ્મદ શેખ



દલહાઉઝી
૧૧-૫-૨૦૦૨

પ્રિય ગીતા, ભરત,

**સો**ળેક વર્ષ પહેલાં, આ લખું છું તે મેજ પરથી સુરેશભાઈને ‘સાયુજ્ય’ માટે, મરુભૂમિની સંગમકળા પર લાંબો પત્ર લખેલો. તે વેળા પંજાબના આતંકવાદની જ્વાળાઓ અખબાર વાટે અહીં લગી લંબાવાતી અનુભવી હતી. આ વખતે પાંસઠ વરસે પહેલી વાર પરાણે ઘર છોડ્યાને બોતેર દહાડા થયા (બોતેર કલાકમાં કોમી દાવાનળ ડામી દીધાનો મુખ્ય પ્રધાનનો દાવો યાદ આવ્યા વગર રહે ?) પણ હજુ ગુજરાતના કેટલાય વિસ્તારો ભડકે બળે છે અને એ હુતાશનની ઝાળ ટેલિવિઝન વાટે અહીં ઊતરે છે. કેટલા મર્યા એમાં કોણ મર્યું તેનો હિસાબ નથી. છાપે ચડ્યાં ને છપાયાં તે નામ સિવાયનાં કેટલાં ? સરખેજ પાસે કૉલેજમાં ભણાવવા જતા અધ્યાપકને વિદ્યાર્થીઓની નજરે બાળી મરાયો એનું નામ શું ? ૪૫°ના પારે શરણાર્થી છાવણીઓમાં ભૂંજાતા દોઢેક લાખ લોક ને બોતેર દિવસની બોણી જેવા બેતાળીસ નવાં જન્મેલાં બાળકો – અને હણાયા કે ‘ગુમ થયા’ એવા હજારો નનામા ચહેરાઓમાં ગરવી ગુર્જરગિરાની અસ્મિતાનો ચહેરો જડતો નથી. આમાં થઈને સુરેશભાઈનો ચહેરો શોધવાનું કામ કપરું છે.

પહેલી માર્ચે બપોરના ત્રણેક વાગે હસમુખ શાહની ગાડીમાં પ્રતાપગંજના આ ઘરેથી ઉચાળા ભરતી વેળા પહેલાં તો અધ્યાપક કુટિરનો ઝાંપો આવ્યો અને પછી અસ્મદીયમ્‌વાળો ખાંચો. લગભગ છેતાલીસ વર્ષ પહેલાં, પંચાવનના જુલાઈની એક

બપોરે, વડોદરામાં નવોસવો, હું કુટિરના એ ઝાંપે સુરેશભાઈને શોધવા નીકળ્યો હતો. એ ઢાળિયા છાપરા-નળિયાંવાળું ઘર કદાચ આગળ રહેતા રાજીવભાઈ (મોટા)એ દેખાડેલું. સુરેન્દ્રનગરમાં ગુરુ-મિત્ર લાભશંકર રાવળ 'શાયર'ની સોબત-સંગતે સાહિત્યનો ડગલો સીવેલો તે પહેરી અમે છડેચોક ફરતા. કવિતા લખતા ને હસ્તલિખિત સચિત્ર સામયિક 'પ્રગતિ'ની બે નકલ દર અઠવાડિયે જાહેર (બર્ડવૂડ) લાઇબ્રેરીમાં મૂકતા. આ જોઈ ગામના લોક મિયાં-મહાદેવની જોડીની ચોવટ કરતા. વડોદરે બીજા મહાદેવ મળ્યા. અહીં સામયિકો છપાયેલાં નીકળ્યાં ને સુરેશ જોષીની સંગત-સોબતે ડગલો શરીરે ચોંટી ગયો. ઢાળિયા ઘરથી 'ફ્લૅટ'માં થઈ અસ્મદીયમ્ લગીનો ફેરો થયો એમાં શરીર અને ડગલામાં ફેર રહ્યો નહિ.

ઢાળિયા ઘરના ઓરડાની લાદીની ટાઢક અને આવકારની ઉષ્મા હજુ તાજી છે, ચહેરો કળાતો નથી. એ વખતની છબી જોઈનેય સ્મૃતિનાં પડ ખૂલ્યાં નહિ. ત્રણેય ઘરમાં વચલું વધારે કોરાયેલું રહ્યું છે. એમાંય એ બેસતા તે પશ્ચિમે પડતો ઓરડો, એ ટેકતા તે બારી, એના આડા સળિયા અને પલંગ.



રાચ-રચીલામાં કબાટ, એકઢાળિયું ટેબલ, થોડાં ગાદલાં અને વળગણી. દીવાલે ભૂપેનનું એક ચિત્ર અને પછી મારી પ્રિન્ટ લટકતાં થયાં હતાં. પણ ખડકલો મોટો ચોપડાનો, ટેબલ પર, પલંગ પર, આમતેમ. ગોળાકાર શરીરે થોડી ફાંદ પર બાંડિયા જેવું બનિયાન, કોઈક વાર સોનાની ચેઈન પણ ખરી. ગોળ ચહેરો અને એમાંથી ઊપસી આવતી તેજ, ચતુર, તોફાની, કરુણ, દર્દુર આંખો. કીકીઓ એ બોલે ત્યારે સતર્ક તગતગે, બીજા બોલે ત્યારે બહાર ફરી આવે. ઘર મોટું નહિ, પરિવારે બહોળો નહિ પણ આગંતુકો ઘણા. જીવતા-જાગતા ને અશરીરી બધા. એમાંના કેટલાક તો જાણે ધામા નાખી પડેલ. બોદલેર બહાર નીકળવાનું નામ ન લે. રિલ્કે અને માલાર્મે તો પડ્યા-પાથર્યા, માળિયે બેઠા

કાફકા અને દોસ્તોયેવ્સ્કી વચ્ચે હુંસાતુંસી. રવીન્દ્રનાથનો રંગ આખા ઘરમાં. પ્રૂસ્તનો પડછાયો ચોમેર. સુરેશભાઈ અને ઉષાબહેનની જેમ એનેય દમનો વ્યાધિ. પાંદડું પડવાની એક પળને એ પાનાંનાં પાનાં ભરી વર્ણવે ત્યારે નળીવાળા પંપમાંથી સણકા લેતા સુરેશભાઈના શ્વાસેય થંભી જાય. લોર્કાના નામે એ છકે : બળિયો ઇગ્નાસિયો સાંચેઝ મેખિયાસ ખૂંટ સામે ઝઝૂમતા મર્યો એના મરશિયાની ધ્રુવકડી 'ફાઇવ ઇન ધ આફ્ટરનૂન' દોહરાવતા એ સાંભળનારને સ્પેન લઈ જાય. ફાંસીને માચડે લઈ જવાતા નાયકના કલાકોને વરસો જેટલા લાંબા કરવાનો ખેલ દોસ્તોયેવ્સ્કી રચે કે કામ્યૂનો સિસિફસ દદડી પડતા કાળમીંઢને ટેકરીએ ચડાવવા પાછો પ્રવૃત્ત થાય તે ટાણાના એ સામે બેઠેલા સૌને સાક્ષી કરે. આ તો બધા રોજિંદા રહેવાસી, એમાં નવાનવા નોતરાયા કરે. રેમ્બો આવ્યો, ઓસામૂ દાઝાઈ ડોકિયું કરી ગયો, રોબ્બ ગ્રિય્યે ઉંબરે ઊભો હોય. બીજા આવનારાઓમાં હરિવલ્લભ ભાયાણી કે વિંદા કરંદીકર આમાંના ઘણાને પારખે, નહિતર નવી ઓળખ થાય. અમારા જેવા વિદ્યાર્થીઓ, મિત્રો એ ઝમેલા ભેગા ભળે. બે પ્રકારની હસ્તીની વસ્તી વધે તો પરિવાર થોડો આઘો રહે.

મારું અંગ્રેજી કાચું પણ એમણે આપેલા ચોપડાની એકાદ વાતે મન એટલું ઉત્તેજિત થયું હોય કે વાંચ્યા કે સમજ્યા વિના આરો નહિ. ફાઇન આર્ટ્સ કૉલેજમાં ભણું ત્યાંના ગુરુઓમાં એક જ ગુજરાતી અને તેય અંગ્રેજીમાં જ બોલે. બે બાજુનો ધક્કો એટલે ઠેબાં ખાતા ખાતા, પણ વહેલું વાંચતાં શીખ્યો. બોલવાની બીક ભારે, પણ સુરેશભાઈ સાથે તો વાંચવાનું એટલે વાંધો નહિ. એમને તો આપવાની જ હોંશ. ચોપડાં પોતાનાં હોય, પારકાનાં કે ગ્રંથાલયનાં, સામેની વ્યક્તિને ખપનું લાગે તે અચૂક પકડાવે. કહે, આ તો જરૂર, પણ પેલુંય જોજો ને ફલાણું મૂકતા નહિ. એ વાતે વાતે જ અક્ષરો વચ્ચે રસ્તો કરતા જાય તે કેડીએ ચાલ્યા વગર રહેવાય નહિ. હું એમના વર્ગમાં ભણ્યો નહિ પણ ચીંધેલું વાંચતો ગયો તેમાં અંગ્રેજી સમજવાની ઝાઝી સવલત થઈ. આ અંગ્રેજી તે જરા જુદું, બ્રિટિશ કે રજવાડી નહિ પણ યુરોપીય ભાષાઓના અનુવાદનું. ભાષાઓ વાટે એ સંસ્કૃતિઓનાં નૂર, શહૂર અને સ્વાદ આવ્યા તે આ વાદ્યને વિશેષ ભાવ્યાં. કોલેત અને જુલિયન ગ્રીન ફ્રાન્સીસી, લોર્કા સ્પેનનો રહેવાસી અને મેં જાતે અનુવાદ માટે શોધ્યો સ્લાવોમીર મ્રીઝેક તે પૉલીશ. બ્રિટિશ અંગ્રેજી સાહિત્યથી એ અજાણ કે અલિપ્ત હતા એવું નહિ, પણ વાત કરે ત્યાં મોટા ભાગના કાં તો યુરોપીય, કાં તો મેક્સિકન કે પછી અમેરિકન. (મોડેથી અંગ્રેજી વિભાગમાં સલ્માન રશ્દીની પ્રસ્તાવના કરતા સુરેશભાઈ કાલ્વિનો અને કુન્દેરા પર બોલ્યા ત્યારે એ પ્રભાવિત થયેલો). મારે માટે આ બધું નવું. સુરેન્દ્રનગરમાં ગુજરાતી ઉપરાંત હિંદી વાંચેલું, અનુવાદે શરદચંદ્ર અને ખાંડેકર તો ખરા જ અને દેવનાગરી વાટે ઉર્દૂના ગાલિબ-મંટોનોય પરિચય. હિંદી સામયિક 'આજકલ'માં કાશ્મીરી કવયિત્રી અરનિમાલ વિશે વાંચેલું અને અનુવાદે કરેલો. પણ પરદેશી સાહિત્યનો — અને ફાઇન આર્ટ્સ કૉલેજમાં વિશ્વની, વિશેષ તો પશ્ચિમની કલાનો — આવો પરચો પહેલી વારનો. નામે, વિષયે અને વિચારે આ બધું ભારે અઘરું ને અટપટું પણ રોમાંચક એટલું કે ગળે ઊતરી ગયું. એમાંનું ઘણું અંદર સૂતેલા અવનવા ને અગમ સંસ્કારોય

ઢંઢોળી ગયું. વર્ષો પછી એ પ્રદેશોમાં ફરવાનું થયું ત્યારે જાણીતું જોયાનો ભાવ થયેલો. લોર્કામાં તો આમેય કાઠિયાવાડ ઊગતું લાગે : સફરજન જેમ સૂવાનું, ભસતી ક્ષતિજો, કોળાની જેમ ફૂલતું અજવાળું કે પંખાની જેમ ઉઘાડબંધ થતું ઓલિવના ઝાડનું ખેતર – જેવાં કલ્પનોએ નશો ચડાવ્યો. બોદલેરનું પગેરું કાઢતાં ભીતરનાં કેટલાંય ભોયરાં ખૂલ્યાં.

પણ કુટિરના ઘર કરતાં શ્રવણ અને વાચનનો આસવ કોઠે ઊતર્યો તે ભોગીલાલ ગાંધીને ઘેર, શનિવારની બેઠકમાં. કમાટી બાગથી કોઠી પેર સરકારી છાપખાનાની સામે સાંકડી રામજી મંદિરની પોળ, તેની વચલી ટોચે ગોપાળ ઘર : પહેલે માળે ઊભા સળિયાવાળાં કથ્થાઈ બારણાં, અંદર મોટો, બાર-વીસેકનો, લીલી દીવાલનો ઓરડો પશ્ચિમે પડે. હવા-ઉજાસ ઉપરાંત ટેબલ, ખુરશીઓ અને ચોપડી-ચોપડાંના કબાટથી ભરેલો. બધું ગોઠવેલું, સુઘડ રસોડા જેવું, વસાણાં ને વાસણ સૌની જગ્યાએ : ડેમી અને ક્રાઉન કે ગુટકા અને થોથા, બાંધેલી ફાઈલો ને સંદર્ભગ્રંથો વિષયવાર અને ક્રમસર. ઓરડે ડાઘડૂઘનું નામ નહિ (બધું રોજ વારંવાર ઝટકાય), ફરશ ચોખ્ખી, સ્વચ્છ શેત્રંજી ને ચટાઈ. આમાં આઠ-દસ જણનો અડ્ડો. બધા સફાઈદાર લૂગડે પણ સૌથી સુઘડ ભોગીભાઈ અને સુભદ્રાબહેન. ભોગીભાઈનો ખાદીનો હળવા રંગનો ઝભ્ભો, સફેદ પાયજામો; સુભદ્રાબહેનની ધોળી કે આછા રંગની, ઝીણાં ટપકાંવાળી અને લીલી કે જાંબલી કિનારવાળી સાડી, તેય ખાદીની. બંને ટચૂકડાં અને સુકલકડી પણ ઊર્જા અપરંપાર. ભોગીભાઈ વાત કરે તે વીજળીભેર, સુભદ્રાબહેન ધીમું, અચકાતાં બોલે પણ એ નવરાં બેસે તો જ નવાઈ. અવિરત કાર્યરત. એકેયને જાતની વાતનો અભરખો નહિ, બસ કામથી કામ. સુભદ્રાબહેન હોંશીલાં યજમાન, મમતથી ખવડાવે (ત્યાં જમતાં મને માતૃત્વના અણસાર મળેલા.) બેઠકમાંય ચા ને સૂકો નાસ્તો આવે, ખાખરા તો ખરા જ. ભોગીભાઈ સાથેનો વહેવાર 'વિશ્વમાનવ' પૂરતો, ચોપડાની આપ-લે ઓછી.

બધા પાંચેક વાગે કોરાં કડક કપડાં પહેરી આવે (હું કૉલેજથી સીધો આવું તો લૂગડે થોડા ડાઘ હોય) અને નીચે શેત્રંજી કે ચટ્ટાઈ પર બેસે. પ્રબોધ ચોક્સી યજ્ઞમુદ્રિકાનું પતાવી જરા મોડા પહોંચે. એમનો વેશ અલગ. ખાદીનો ટૂંકો ડગલો, થોડો મેલો ને સળવાળો. ચોરસ મોઢે ચપ્પટ વાળ ને 'ટૂથ-બ્રશ' મૂછ નીચે તોફાની મરકલું. ભારે ભાસતા દેહે ટચૂકડી થેલીમાં ગેલી-પ્રૂફ. એમની સામે અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ ઠાવકા, ઉકળાટને લીધે કે આમ જ બુશકોટનો કૉલર સરખો કર્યા કરે, પાટલૂનની સળ સંભાળે અને બોલે ત્યારે મધુર રણકો અચૂક નીકળે. હું પાટલૂનમાં ખમીસ ખોસવાનું વડોદરા આવી શીખ્યો હતો : ખમીસ આખી બાંયનું – સુકલકડી હાથ ઢાંકવા સારુ. બોલું ત્યારે કાઠિયાવાડી લહેકો નીકળે ને સાંકડા ગળે હૈડિયો હલે તે કોઈ ચૂકતું નહિ હોય. દાક્તરો મધુકર શાહ અને દામોદર બલર મોડા આવે, સુઘડ ખરા પણ ટાપટીપ નહિ. પ્રાસન્નેય પહેલાં આવતા આવું યાદ છે, માધવ અચવળ પણ ટપકી પડતા. કદાચ અરુણ શ્રોફ પણ. મુંબઈગરા રસિક શાહ ને જયંત પારેખ નહિવત્ કે ભાગ્યે જ જોડાયા. ઉષાબહેનની ગેરહાજરી બધાએ કેમ સ્વીકારી લીધી હશે ? બાળકો નાનાં એટલે એ ઘેર રહ્યાં. આ બધું લગભગ સત્તાવન-અટ્ઠાવનથી એકસઠ લગીનું. એકસઠ-બાસઠમાં ભૂપેન (ખખ્ખર) વડોદરા આવ્યો

ત્યાં લગીમાં બેઠક બંધ થવા આવી હતી. સુરેશભાઈ કોઈ નવા કવિનો મેળાપ કરાવતા હોય એમ કવિતા વાંચવા લાગે, તે એકટશ સાંભળતા આ ટચૂકડા પરિવાર લગી પહોંચે ને જોતજોતામાં વાતાવરણ બદલાય. સામેની બારી બહારનાં ઘર, ઉનાળાની બેસતી બપોરનો તાપ કે ચોસામાનો બાફ, ગોપાળ ઘરના ઓરડા સાથે આંખ સામેથી સરકવા લાગે. સેં ઝ્યાં પેર્સનું 'પવનો' (ધ વિન્ડ્સ) વાંચ્યું ત્યારે અફાટ મધદરિયે તૂતક પર ફરકતા વાવટા  જેવા ફરકી રહ્યાનું અનુભવેલું. એથી અવળી લીલા ફ્રાન્સિસ પોંઝ જેવાની 'સાબુ'- વિષયક કવિતાની કે ખેમેનીઝની, એના ગામના ગધેડા પરની. રિલ્કેની 'ડ્યુઈનો એલિજિસ' સાંભળતાં હું અચૂક પિકાસોના 'રંગલા'ની દુનિયામાં ગરકાવ થતો. એમાંથી એક મોઢે, તે હું લલકારતો અને મોડેથી શિવમહાલ પાસેની ખોલીમાં રહ્યા ત્યાં દરવાજાની દીવાલે લખેલી. એક ઇન્કમટેક્સ કમિશ્નર અડવલપાલકર આવી ચડતા, તે ફ્રેન્ચ જાણે : એમણે બોદલેરને ફ્રેન્ચમાં વાંચી બેઠકને બહલાવી, બહેકાવી હતી. અધ્યાપક કુટિરમાં મળ્યા તે સિવાયના ઘણા કવિ અહીં મળ્યા. એમને ત્યાં સમાયા નહિ તે મારી હૉસ્ટેલની ઓરડીમાં રહેતા થયા. નેરુદા સાથે ઘરોબો થયો તે ટૂંક સમયમાં જ ઑક્ટેવિયો પાઝને (સાચ્ચે જ) મળવામાં પરિણમ્યો. જયંત (પારેખ) પાસેથી એ મેક્સિકોના એલચી થઈને આવ્યા છે એ જાણતા એમને દિલ્હીમાં ખોળી કાઢ્યા. પછી તો એમણે અમારા સામૂહિક પ્રદર્શન 'જૂથ ૧૮૯૦'ની પ્રસ્તાવનાય લખી. ચિત્રકાર-મિત્ર સ્વામીનાથન્ સાથે ઘનિષ્ઠ દોસ્તી થઈ અને એના પર કાવ્ય લખ્યું તે 'ઈસ્ટર્ન સ્લોપ'માં સંગ્રહિત છે. શનિવારનું બંધાણ સૌને થયું : રોજબરોજની ઘટમાળમાં ગળવાની એ વિટામિનની ગોળી હતી. અહીં આવતાં આજુબાજુનું વિશ્વ વીસરાતું. તડકો ઢળતો જાય, અંધારું ને દીવા થાય (એ સુભદ્રાબહેન સાચવે) પણ કવિતા ઓલવાય નહિ એવો સૌનો નિરધાર. કવિતા કાનેથી શરૂ થઈ આંખે, જીભે ને આખે ખોળિયે રમે. પછી તો ચોમેર કવિતાનો જ કારભાર. જ્યાં જોઉં ત્યાં કવિતા. કવિતા ચામાં અને નાસ્તામાંય, સાહિત્યનો રોટલો ને સાહિત્યનું શાક, બે-ત્રણ કલાકે બેઠક ઊઠતા હૉસ્ટેલ પાછો ફરું ત્યારે સાંભળેલી કવિતા સાઇકલના પૈડે ફરતી હોય.

સુરેશભાઈ, પ્રબોધભાઈ અને ભોગીભાઈ ત્રણે વાતે, વિચારે અને વ્યક્તિત્વે જુદા પણ સાહિત્યના આચમને ભેગા થયા, પ્રબોધભાઈ-ભોગીભાઈ સામાજિક, રાજકીય સંદર્ભે વધારે જાગરૂક, એમની વચ્ચે ચર્ચા થતી તે અમે આદર અને કંટાળાના મિશ્રણે સાંભળતા કે સહેતા, સર્વોદય અને માર્ક્સ-ગાંધી સમન્વયના મુદ્દાઓને લઈ ટપાટપી પણ થતી. સુરેશભાઈ પણ ચર્ચામાં કોઈ વાર સામેલ થતા ને પછી સિફતથી જુદા રસ્તે એને સાહિત્ય ભેગી કરતા ત્યારે અમે હાશકારો લેતા. એ બે સિવાય બધા જ રાજકારણથી ઊફરા, એ યુગની બલિહારી. 'વિશ્વમાનવ'માં ભોગીભાઈના અગ્રલેખો(એમાં જુદા જુદા ટાઈપમાં નાના-મોટા છાપવાનો આગ્રહ)ની વાતે કે પ્રબોધભાઈના વેધક કે સંકુલ પ્રશ્નોથી ઘણાને રસક્ષતિ થતી લાગતી. એવું થાય ત્યારે દરેક વેળા અમારી નજર સુરેશભાઈ પર. લાવેલા થોથામાંથી એક નવું ખોલીને એ વાંચવા લાગે એટલે બેઠક પાછી કવિતાની કેડીએ, શબ્દની નકરી વાટે ચડે. એ નકરી વાટ થોડી કાંટાળી પણ

એમણે એ સામયિકો પર સામયિકો કાઢીને ખૂંદી. એમના ઘરની હસ્તીઓ અને તેમના હરફ સૌને મોઢે ચડ્યાં. પહેલાં મળ્યો એ અરસામાં 'મનીષા' ચાલતું, ઓગણસાઠ પછી 'ક્ષિતિજ' સર્વોદયમાંથી સાહિત્યમાં ગયું. છાસઠમાં હું ઇંગ્લૅન્ડથી ત્રણ વર્ષે પાછો ફર્યો ત્યારે એનાં વળતાં પાણી થવા આવ્યાં હતાં. પછી કોઈએ નાણાં ધીર્યાં ને 'સંપુટ' આવ્યું, એ બે અંકે બંધ થયું. યાદ છે ત્યાં લગી નાણાં નાખનાર વ્યક્તિને 'સંપુટ'ની સામગ્રી રુચી નહોતી. પછી પડીકાના કથ્થાઈ પૂંઠાવાળું 'ઊહાપોહ' આવ્યું. છેવટે એય ગયું ને આવ્યું 'એતદ્', તે એ જોઈને - ચલવીને ગયા. વચમાં 'સાયુજ્ય' વાટે એમણે 'કેસૂડાં'થી નવી ભાતનો ચીલો પાડ્યો. ગુજરાતી-અંગ્રેજીની જુગલબંદીવાળું 'સેતુ' કાઢ્યું એમાં ગણેશ દેવી પરોવાયા, પણ એ એમના ગયા પછી અકાળે ગયું. આવાં પ્રકાશનો તે આમેય ખોટનો ધંધો. બે સાંધે ને તેર તૂટે એવો ઘાટ. ખોબા જેવડો સાહિત્ય-પરિવાર અને એના વિસ્તરિત કુટુંબ જેવો વાચકવર્ગ - એમાંથી હજાર ગ્રાહક થાય તો અધધધ. બસો-ત્રણસો લવાજમ મળે તોય ભયોભયો. સુદામા જેવા સંપાદકોને સામયિક તે દરિદ્ર બ્રાહ્મણની દ્વારિકા જેવું, એટલે એ ભણી પ્રયાણનું ઘેલું, એને ચલવ્યા વગર ચાલે નહિ. અહીં તો જાહેરાતનાય વાંધા, માગ્યા વગર મળે નહિ એટલે થોડું લવાજમે, થોડું રસિક શાહ જેવાને આશરે નીકળે, નહિતર ગાંઠના ગરથ જાય ને ગાડું ગબડે. જોકે એ માથે હાથ દઈને મૂંઝવણમાં બેઠા હોય એવું જોયાનું યાદ નથી. એમના ઘણા અખતરાઓમાં હું જોતરાયો હતો, 'ક્ષિતિજ'માં સવિશેષ. સર્વોદયકાળે એનું પૂંઠું કોરું રહેતું, એ સાહિત્ય-સહોદર થયું પછી એવું પળોટાયું કે કોરું રાખવાની ઘડી આવી જ નહિ. નાણાંનો અભાવ એક પડકાર હતો પણ એનો લાભ લીધો. મિત્ર-કળાકારો પાસે હાથે કોરાવેલા લીનો-કટને જસતના બ્લૉકની જેમ છાપ-યંત્ર પર ચડાવી 'મૌલિક' કૃતિ વાચક લગી પહોંચાડવાનું એ નિમિત્ત થયું. સિલ્ક-સ્ક્રીન અને 'કૉલાજ' અજમાવ્યાં અને જરૂર પડ્યે યાંત્રિક બ્લૉકની જોગવાઈ પણ થઈ. એમ. એફ. હુસેનનું 'જેસલમેર'વાળું રેખાંકન ભૂપેન મુંબઈ જઈ લઈ આવ્યો તે નવલકથા-વિશેષાંકને બે પૂંઠે છપાયું. દૃશ્યકળા પર દળદાર અંક પણ સંભવ્યો. આ બધું સુરેશભાઈની નજર સામે થાય, પણ એમની દખલ નહિ, ઝાઝી ટિપ્પણી પણ નહિ : જાણે કે એ કારભાર મારે હસ્તક એટલે નુક્તેચીની શાની ? આથી અવળું ભોગીભાઈને 'વિશ્વમાનવ'ના રૂપરંગ વિશે મારી જરૂર કદી જણાઈ નહિ. એમણે શ્રી પિંગળેનું પૂંઠું જુદા જુદા રંગે વરસો લગી વાપર્યું.

સામયિકનો ફંદ ભોગીભાઈ, પ્રબોધભાઈ, સુરેશભાઈ ત્રણેને. ચોપડી લખનારા ઘણા, પણ સંપાદન એ જુદો વ્યવસાય. એ એમનો સામાજિક, જાહેર નેજો. એ વાટે ઘટમાળ તોડવાના, ચાલુ ગતિવિધિઓમાં દખલ કરવાના, નવા વિચાર વહેવડાવવાના નુસ્ખા મળે, રસ્તા ખૂલે. આમાં થોડો અધ્યયન અને અધ્યાપનનો સમન્વય. એક બાજુ અનામી વાચક ને બીજે સાહિત્ય-પરિવાર, બંને ભેગાં થાય : અંકે અંકે સંવાદ, થોડા વિસંવાદ અને વિતંડા તથા પરિસંવાદના નિમિત્ત યોજાય. સુરેશભાઈ અને ભોગીભાઈને એ સૌથી ગોઠ્યું. પ્રબોધભાઈએ એ છોડ્યું પણ છેવટે પત્રકારત્વ વાટે એક નવા સંવાદમાં એ પ્રવૃત્ત થયા. ભોગીભાઈ સમયના સાક્ષી કરતા જિવાતા જીવનના ઝાઝેરા સાથી.

સાહિત્ય, સમાજ, રાજકારણ બધાંમાં એમની દખલ, માત્ર નુક્તેચીની નહિ. હું મળ્યો તેના પૂર્વકાળે સક્રિય તો હતા જ, કટોકટી વેળા ભૂગર્ભમાં જઈ જયપ્રકાશ-પંથે ચળવળ પણ ચલાવેલી, ('૬૧થી '૬૩ના ગાળે ગોપાળ ઘરમાં 'પેઇંગ ગેસ્ટ' થઈને રહ્યો, તે ઘટનાની પરખ ત્યારે નહોતી, પણ આજના સાંપ્રદાયિક સંદર્ભે આંખે ઊડીને વળગે. આજે મુસ્લિમ નામધારી વિદ્યાર્થી કે અધ્યાપકને ઘરમાં કોણ સંઘરે ?) ભોગીભાઈના પરિપ્રેક્ષ્યમાં વધારે ઊતરાયું નહિ એ મારું ઉધાર પાસું. એ કેટલા કલાભિમુખ તે કળવું અઘરું પણ 'કલાનો આસ્વાદ'ના લેખો અને જ્ઞાનગંગોત્રી શ્રેણીનો 'દૃશ્ય-કળા' ગ્રંથ એમને કારણે જ થયાં. પ્રબોધભાઈનું સામાજિક સહભાગીપણું ભૂદાન અને સર્વોદયના પરીઘનું, પણ જાગરૂકતા વિશાળ પાયાની. એ સર્વોદયનો પરિવેશ બહોળો કરવાની ધખનાવાળા, થોડા એની મર્યાદાઓથી મૂંઝાયેલા પણ ખરા. એક વાર કંઈક ઊહાપોહ પણ કરેલો. સાઠની શરૂઆતનાં વર્ષોમાં મને એમની હૂંફ ઘણી. 'ક્ષિતિજ' સુરેશભાઈને સમૂળગું સોંપ્યું એ પહેલાં એમણે મારી કવિતાઓના ગુચ્છો છાપેલાં, પ્રગટ થનાર સંગ્રહનું નામાભિધાન 'ઝાંય' પણ એમણે જ કરેલું (એને એ ગાળે પ્રગટ નહિ કરવાનો નિર્ણય માત્ર મારો જ). એક ચિત્રનું શીર્ષક 'વિહોણાં' આપી એમણે તોડ કાઢેલો. એમના માંડવી બાજુના ઘરે, ઉપરના માળે, ખપાટિયા દાદરા ચડી દેવયાનીબહેનની રસોઈ ચાખ્યાનુંય યાદ છે. એમનો – છ બાળકો – કૃતાર્થ, કૃષિ, ધરતી, જગત વગેરેનો પરિવારે પરિચિત. 'ક્ષિતિજ' અને 'યજ્ઞમુદ્રિકા' મૂકીને ગાંધીસ્મૃતિમાં સંચાલક તરીકે પહેલાં એ વારાણસી અને પછી દિલ્હી રહ્યા. (વારાણસીમાં વિવાન સુંદરમ્ એમને મળતો તે હોંશે સંભારે છે.) અમદાવાદમાં પત્રકારત્વ અને જ્યોતિષમાં પેઠા પછી હું તેમને જવલ્લે જ મળ્યો. એમના ગયાની ભાળ મોડી મળી. ભોગીભાઈ સાથેનો સંસર્ગ પછીનાં વર્ષોમાં અલપઝલપ રહ્યો. જ્યુપિટર એપાર્ટમેન્ટમાં વર્ષે-બે વર્ષે જવાનું થતું. ત્યારે બંનેની મેજબાની મળતી. અમારાં બાળકો નાનાં એય એમનાં વહાલાં થયાં હતાં. મોડેથી સેવાસી બાજુ બંને એકલાં રહેતાં ત્યારે ભોગીભાઈને આજની ભૂલામણનો વ્યાધિ થયો, પણ ભૂતકાળ વર્તમાન થઈ વળગ્યો. કહે છે કે એ બારણે ઊભા અદૃશ્ય આગંતુકને આવકાર દેતા. સુભદ્રાબહેન માટે આ કપરું હતું. એક વાર બારણે વળાવતા મને કહે, બસ હવે પુષ્પક વિમાનની રાહ જોઈને બેઠાં છીએ. વિમાન આવ્યું, પણ એકલા ભોગીભાઈ માટે. હવે સુભદ્રાબહેન સુનકારમાં સરી પડ્યાં છે. ભાગ્યે જ કોઈને ઓળખે. હાથ ઝાલીને નજર મેળવી તોય એ અજાણી આંખે મને તાકી રહ્યાં. દીકરો અમિત અને એની પત્ની નંદિની સેવા-ચાકરી કરે છે પણ સાહિત્ય પરિવારને એમની ભુલામણ થઈ છે.

સ્વાતંત્ર્યના પહેલા બે દાયકાનું પરિપ્રેક્ષ્ય સુરેશ જોષીના સર્જન-ચિંતનના સ્રોત અને દિશાઓ તરફ આંગળી ચીંધે છે. બંધ આગળા ખૂલ્યા હોય એમ એ ગાળે પશ્ચિમથી અભૂતપૂર્વ સર્જનવાળી કૃતિઓનો ધોધ વહ્યો – વિશેષતઃ તે કાળપર્યન્ત સીમિત તે બિન-અંગ્રેજી સાહિત્યનો – એમાં અનેક ભૂખંડોની ચેતના તરબોળ થઈ. પણ આ સાક્ષાત્કારના ફળસ્વરૂપ આપણો પરિવેશ ઊઘડવો જોઈએ તેટલો ઊઘડ્યો નહિ, તે પણ એ કાળની દેન. એ તબક્કે જે ગ્રંથિએ ઘર કર્યું તે આજેય અમુક અંશે હયાત છે. એમાં દૂરનું દેખાય,

નજીકનું નહિ; ગુલાગની ભીષણતા આંખો સામે ખડી થાય પણ દેશના ભાગલે સર્જેલી વિભીષિકા પર પડદો પડે : સાહિત્યકાર એથી ઊફરો ચાલે. હમણાં, વર્લ્ડ ટ્રેડ સેન્ટર પરના હુમલાથી કેટલાક ખૂબ વ્યથિત થયા હતા, ગોધરા કે નરોડા પાટિયાનું હુતાશન એવો અજંપો નથી જગવતું. કાફકાની કૃતિઓ પાછળ નાત્સી ભૂમિકા અને સાર્ત્રની રાજકીય ચળવળોમાં સંડોવણીથી કોણ વાકેફ નથી ? પાસ્તરનાક વિશે સુરેશભાઈ સતત લખતા રહ્યા. પણ પિસ્તાળીસથી સુડતાલીસના ગાળે એ (અને ડોલરરાય માંકડ તથા બીજા) કરાંચીમાં હતા તે કાળે આ ઉપખંડમાં થયેલી ઊથલપાથલ અને આકરી પીડાનો ઉલ્લેખ કે કૃતિ આપણને ન મળ્યાં તેનું કારણ શું ? પણ સુરેશભાઈ આ કે આવી સમસ્યાઓથી સચિંત નહોતા એવું કહેતાં અચકાટ થાય. 'આધુનિક કવિતામાં યુગચેતના'વાળા લેખમાં એમનું વલણ સ્પષ્ટ થાય છે. 'વિદ્યા વિનાશને પંથે'ની એમની સ્પષ્ટભાષિતા અને કટોકટી વેળાની મોઘમ કે સીધી ટીકા એમની સચેત દૃષ્ટિનાં ઉદાહરણો છે. 'જન્માષ્ટમી' જેવી વાર્તાઓમાંય સ્વરૂપ અને સંરચના સાથે એક ચોક્કસ સામાજિક સંદર્ભની સંવિત્તિ પણ સામેલ છે.

પણ એ વાતેય ખરી કે એમનાં સંસાર અને સમષ્ટિ સાહિત્યના શબ્દથી ખચિત હતાં. ચોપડીનો હાથવેંતની હથેળીનો જાદુઈ ચિરાગ એમને મન સર્વસ્વ હતો. જીવ મૂળે ભોંયતળિયાનો, કાલ્વિનો જેવાની સૃષ્ટિમાં હોય એવું ચોપડીમાં જીવતું ચરિત્ર. હંસા મહેતા લાઈબ્રેરીના ભંડકિયા જેવા તળિયે ચોપડાનો ભંડાર ત્યાં એમનો ડેરો. (નવું પુસ્તક પામ્યાનો ઉમંગ નિહાળવા જેવો : બે હાથે દસ-બાર ચોપડાં લઈ એ બહાર નીકળ્યા હોય તે જોવાનોય લ્હાવો). અહીંથી પામ્યા હોય અને બીજું ઊગે તે બધું કૉલેજની ખોલીમાં, વર્ગમાં ને બારીએ બેસતા તે પલંગ પર ઠલવાય. ત્યાંથી સીધે રસ્તે સોનગઢ જવાય, પણ પાછા પગલે જતાં લાગણીનો લસરકો લાગે તો અધવચે અટકે. બીજો ખેલ કરે તેમાં એટલું જ જોખમ ખેડવાનું. કોઈક વાર એક પૂરો ન થયો હોય ત્યાં બીજો અખતરો શરૂ. સર્વાંગસંપૂર્ણ કૃતિ કરતાં પ્રક્રિયામાં પ્રવૃત્ત રહેવાનું નિમિત્ત મોટું. સાહિત્યની સુરંગો ચાંપવાનું ને ઊહાપોહની આલબેલ પોકારવાનુંય એટલું જ. એક રીતે કહીએ તો અંતિમો જેવા લાગતા અભિગમો એમણે એકીસાથે અજમાવ્યા, અપનાવ્યા. કવિતામાં, 'છિન્નપત્ર' કે 'મરણોત્તર' જેવી કૃતિઓમાં સર્જનની સંનિધિ આરાધ્ય રહી, ચિંતનલેખોમાં પ્રાસંગિકને વણી લીધો. 'જનાન્તિકે'માં બંને વ્યાપારની આપ-લે થઈ એમાં એ ખૂબ ખીલ્યા.

સુરેશભાઈ માત્ર શબ્દ-રત હતા કે રહ્યા એવું પણ કોણ કહે ? મને જોતાં જ, જોયું કે વાંચ્યું હોય એવા ચિત્રની વાત અચૂક કાઢે અને ઘેર જાઉં ત્યારે એ સામયિક કે ચોપડી પકડાવે. હંસા મહેતા લાઈબ્રેરીમાં ચિત્ર-પ્રચુર 'હોરાઇઝન' સામયિક આવતું થયું એની પહેચાન એમણે જ કરાવેલી. એમને ચિત્રો જોવા ફાઈન આર્ટ્સ કૉલેજના સ્ટુડિયે ઘસડી ગયાનુંય યાદ છે. સાઠીના મધ્યે દર્શન ફિલ્મ સોસાયટી થઈ એટલે બાબુ છાડવાના આગ્રહે ફિલ્મો જોતા થયા હશે. ફિલ્મો વિશે વાંચેલું તે હોંશે સંભળાવે. '૬૩માં 'દોલ્ચેવીતા'ની ચોપડી હાથમાં આવી એ ફિલ્મ પર એ આમ જ વારી ગયા હતા અને મુગ્ધ ભાવે 'લાસ્ટ ઇયર ઍટ મારિયેનબાડ' અને 'હિરોશીમા મોન આમૂર'ની વાતો

કરતા. ઈંગ્લૅન્ડ જઈને એ બધી ફિલ્મો જોતા એમને ખૂબ સંભારેલા. (મોડેથી છાડવા 'લાસ્ટ ઈયર'...ની પ્રિન્ટ ઉપાડી લાવ્યા તે એમની સંગાથે (?) મારા રેસિડેન્સીવાળા ઘરમાં જોઈ હતી.) ઈંગ્લૅન્ડથી ફિલ્મ વિશે પત્રો લખ્યા તેમાંનું થોડુંક 'ક્ષિતિજ'માં છપાયું પણ ખરું. મધુસૂદન ઢાંકીની સોબત અને મારી જેમ એમના દીકરા કલ્લોલને જાઝનું ઘેલું એટલે સંગીત સાંભળતા હશે તેમ માનું છું. પંકજ મશરનું તોતિંગ ટેપરેકોર્ડર સોની એમને ત્યાં પડી રહેતું – પણ સંગીતના જલસે એ નજરે ચડતા નહિ. ઉષાબહેન કહે છે કે રમા શ્રીકાન્તને નૃત્ય રસ્તે વળવા એમણે જ શીખ આપી હતી : આજે પૌત્રી સંવિત્તિ રમાની શિષ્યા થઈ છે તે વાતે હરખ કરતા હશે.

એ તો સુવિદિત છે કે એમનાં સામયિકોમાં ભાગ્યે જ કોઈ નકરા સાહિત્યનું. અને સાહિત્ય તેય વિશ્વનું, પશ્ચિમનું તેટલું આપણું. એ બંગાળીમાંથી સીધા અનુવાદ કરે ને મરાઠીય એમને મોઢે. વિંદા કરંદીકર, ભાલચંદ્ર નેમાડે અને બુદ્ધદેવ બસુ જેવા મિત્રો. (મોડેથી એ. કે. રામાનુજન્ અમેરિકામાં મળ્યા એય એમને ભાવથી યાદ કરતા હતા). અચવળને ઘેર પુ. લ. અને સુનીતા દેશપાંડેએ હૈયે હતી એ બધી ગમતી કવિતાઓ સંભારી સંભારીને હોઠે લાવી લ્હાણ કરાવી તે એમની સાખે માણ્યું હતું. મૂળે જીવ જ રસનો, મળે ત્યાંથી મેળવે. ગોપાળઘરની બેઠક વાટે ઘૂંટાયો તે 'વિશ્વમાનવ'ની આસ્વાદ-શ્રેણીમાં અને પછી પુસ્તકમાં પરિણમ્યો. એ દિશામાં હુંય ભેરવાયો. ભોગીભાઈએ કળાના આસ્વાદની લેણી કરી. સુરેશભાઈની પડખોપડખ લખવાનો પડકાર ઝીલવાનું ગમે ને ઝીલ્યો. ભણતાં ભણતાં સૂઝ્યું તેવું માહિતીપ્રદ લખ્યું, પછી કળાના ઇતિહાસની માંડણી કરવાનોય સુયોગ થયો. સુરેશભાઈના આસ્વાદ એથી જુદા. કળાગુરુ સુબ્રહ્મણ્યન્નુંય કંઈક એવું જ. પણ બંને, વાંચે ને વિચારે (કે દેખે) એમાં કૃતિનું કે વસ્તુનું હાર્દ પામવા તત્પર. એમને મન સર્જન અને ચિંતન અળગાં નહોતાં, કલા ને વિદ્યાનો ભેદ નહિ. બંનેમાં સીધી અને સરખી પરોવણી. સુરેશભાઈને તો કૃતિ વાટે અન્યના વિશ્વમાં સાહજિક રીતે ઊતરી, મરજીવા શા જોખમે, મોતી વીણવાની તલપ. કવિતાના આસ્વાદમાં એ અભિગમ દીવા જેવો દેખાય. ચિત્રસૃષ્ટિમાં પ્રવેશી ભાવકનું વિશ્વ રચવાની મારી ટેવ એમના સહવાસે પડી હોય તો નવાઈ નહિ.



અંગત જીવનમાં સુરેશભાઈ મારી સમક્ષ ઊઘડ્યા નહિ એમ કહું તો ખોટું નથી. કોની સાથે, સામે ઊઘડ્યા તે જાણકાર જાણે. આમ તો મળવાનું વારંવાર, ઘણી વાર છાશવારે. સાઠીની શરૂઆતે દિલ્હીનો પ્રવાસ સાથે કરેલો અને પ્રબોધભાઈને ત્યાં ગાંધીસ્મૃતિમાં ઊતરેલા. ત્રણે કુતુબમિનાર પણ ચડેલા : એ બેનો ફોટોય છે.

એ જ ગાળે ડુમ્મસ મધે મેળો થયો'તો. ત્યાં રસિક-કલા, જયંત-સુધા, ભાયાણી, ભોગીભાઈ-સુભદ્રાબહેન (?), ભૂપેન અને સુનીલ (કોઠારી), મધુકર અને ભારતી (દલાલ) – બધા ઉષાબહેનના દરુ કુટુંબના બંગલે, કદાચ પ્રબોધભાઈ પણ ખરા. રસિકભાઈને ત્યાં, એમના ગામદેવી ઘરે વિશેષ, મહેફિલો અને મિજબાનીઓ કેટલી થઈ એનો હિસાબ નથી. અહીં અંગતમાં મસ્તી-મજા સિવાય બીજું બધું સાહિત્યની પંગતનું, બિટનીક કવિઓ અને વિલિયમ બરોઝ કે હાંરી મિશો જેવાની રાહે એલએસડીના અખતરાય થયા. જોકે આમ તો દાક્તર મધુકર શાહે 'નિર્દોષ' પ્રમાણિત કરી તે 'રિટાલિન' લઈને જલ્સો કરતા. સાહિત્ય પરિષદ અને જ્ઞાનસત્રેય મેળાવડા થયા. મોડાસા મધ્યે જ્ઞાનસત્ર થયું ત્યારે સાથે મળીને ચુ. વ. શાહ જેવા વડીલની તાલની ટિખળ કરેલી. કાકાસાહેબની કથનશૈલીની નકલના એ સાહેદ. ડુમ્મસના ડહોળા દરિયે કાદવ-કળણ ખૂંદી બધાં નાહ્યાં ત્યારે એમના મોઢે ભોગીભાઈના સળેકડા દેહની ઠેકડી સાંભળ્યાનુંય યાદ છે અને ભોગીભાઈએ એક વાર પ્રબોધભાઈ પર ઊકળીને એમની ટચૂકડી થેલી પર ટોણો માર્યો ત્યારે એમણે એમાં ટાપશી પૂરેલી. મશ્કરી અને ગુસપૂસ એમને સ્વભાવગત, એ વાતે ઘણા હા ભણે. રવીન્દ્રનાથનો 'પરનિંદા' પરનો અનુવાદ 'સંચય'ના સંપાદકોને પણ સંગ્રહિત કરવા જેવો લાગ્યો છે. મશ્કરીમાં મસાલો ભરી નિર્લિપ્ત ભાવે એમને વહેંચતા જોઈ એ રસના ભાગીદાર ભૂપેને કહેલું કે એ બાબતે એમનો અભિગમ 'શુદ્ધ' છે : એમને પોતાથી સવાયા ગણવાનું કારણ એ આપતો કે એમને કોઈની કે કશાની ગુસપૂસનો છોછ નહોતો. મને ઘણી વાર એમને ભૂપેનમાં ખૂટતો ખૂણો જડ્યાનું લાગતું : એ બંને પરસ્પર એકવચને સંબોધતા. એની સાથે એ જાસૂસી વાર્તાઓની અદલબદલ કરતા : ત્યાં અગાથા ક્રિસ્ટી અને સિમેનોન પણ આવે. અમારી વચ્ચે આપલે થાય તે સિલ્વિયા પ્લાથની કે નેરુદાની. અંગત વાતોમાં અમે એકબીજાથી મુક્ત કે અલિપ્ત રહ્યા. એમના વિશેની ગુસપૂસ આમતેમ સંભળાતી, મારા વિષેય એમના કાન સરવા હશે જ, પણ એ બધું અંતરંગ સંબંધમાં આડું આવ્યું નહિ. અંગત રહસ્યોને પામ્યા વગરની થોડી અગમ પણ આગવી આત્મીયતાનો તાંતણો છેક લગી અતૂટ રહ્યો. આને કારણે જ એમને ત્યાં ગમે ત્યારે જઈ ચડવાનો સંકોચ નહિ, ઊલટાના ઉત્સાહ અને ઉમંગ રહેતા અને એમાં નીલૂ પણ જોડાતી.

મારી સ્મૃતિમાં કાં તો એમનું દૂરદર્શન કાં તો સાવ નજીકની સૃષ્ટિ છે : વચગાળાનાં દશ્યો ઓછાં. પ્રસંગોય હશે પણ તે વિસ્મૃતિના ભાંઠામાં બળી ગયા છે. ઘરની શિકલ કોઈ પણ મધ્યમ-વર્ગીય ઘર જેવી. કશું અવનવું નહિ એટલે નજર એમના પર. વારંવાર જોયાં તે દશ્યોમાં, દમના પંપની નળી નાકમાં નાખી એ શ્વાસ લેવા મથતા હોય તે અવિસ્મરણીય. બીજું, વારંવાર રમરમ્યા કરે તે કુટિરના ઘર અને આર્ટ્સ કૉલેજ વચ્ચેના રસ્તા પરનું. દસ-અગિયારને સુમારે એ વહેલા જમી, ઉતાવળે પગલે, હાથમાં છ-સાત ચોપડાં દબાવી, કડક બુશકોટ અને પાટલૂનમાં, તેલથી ચળકતા માથે, નીચું જોઈ પ્રતાપગંજની ગલીઓ વળોટતા, દાદાભાઈ હૉલની પડખે અને ક્રિકેટ- મેદાન ફરતા રસ્તે, પહેલા ગરમાળા અને પછી નાળે ઊતરતા રાવણતાડ ગણતા જતા તે. ભણતી

વેળા હું પણ એ જ રસ્તે નાળું ખૂંદી કૉલેજ અને હૉસ્ટેલના ફેરા કરતો. ભણાવતી વખતે મોડો નીકળતો થયો ત્યારે એમનો સંગાથ થતો. એ રાહના ગરમાળા ફૂટ્યા-ફૂલ્યાના ખબરનો શિરસ્તો ઘણો લાંબો ચાલ્યો. એમનાં ત્રણે ઘરે અને લલિત-લેખોમાં મઘમઘી તે મધુમાલતી અમારા આ ઘરે છોગાંમાં આવી તેમાં કશું ગોપિત જોવાનું ગમે છે. ઊગતી બપોરનો તડકો વીંધીને કોઈક વાર હું એમની સાથે એમની કૉલેજની બંધ ખોલીમાં જતો ત્યારે અંદર પ્રવેશતાં અંધારાં આવતાં. અધ્યાપકની એ ઓરડીમાં ઝાઝાં ખુરશી-ટેબલ ને કબાટ, થોડું ચોપડાની, કાગળિયાંની ગમાણ જેવું.





બેસીને પછી પાછલી બારી ખૂલે તો થોડો ઉઘાડ થાય, નહિતર અર્ધ-અંધારે આવતા-જતા વિદ્યાર્થીઓ, પટાવાળા ને અધ્યાપકો અડધા-અડધા ભળાય. ધીમે ધીમે કળાય એમાં હંમેશ હાજર એવાં ભારતી દલાલ અને બીજાં ઓળખાય. એક વાર એમના વર્ગમાંય બેઠો'તો, એમને સાંભળવા ને ફોટા પાડવા.

અસ્મદીયમ્ કાળે ઓછું મળાયું. એ પહેલાં એ ઘણું ફરતા, પણ મળવાનું ઘણું. પ્રવચન ખાતર ગામનાં ગામ ખૂંદેલા. સુરેન્દ્રનગર ગયા ત્યારે મારું ઘર શોધીને પહોંચેલા. ઉષાબહેન કહે છે એ બંનેય મારાં માને મળેલાં. પણ છેલ્લાં વરસોમાં પ્રવાસ ઓછા થયા હશે. મુંબઈના ફેરા અને મિજબાનીઓમાં એ પહેલાં જ ઓટ આવી ગયેલી. હવે મુંબઈગરા વડોદરે આવતા ત્યારે ગોઠ ને બેઠક બેય થતાં, પણ મુખ્ય મુદ્દે સામયિકો ચલાવવાની

પેરવી અને કડાકૂટ હોય. પછી એ વધારે બારીએ બેસતા થયા હશે. મળવાનું ઓછું પણ ‘લોકસત્તા’માં દર અઠવાડિયે બારી બહારનાં દૃશ્યો અંકિત થતાં ને દૂરની દુનિયાના નકશાય દોરાતા એ નિમિત્તે પરોક્ષ મેળાપ નિયમિત થતો. પણ કટોકટી બાદ અને સવિશેષ એંશીના ગાળે દુનિયા બદલાઈ, દેશ બદલાયો, જીવનના, સાહિત્યના અભિગમો બદલાયા. કેટલુંક એમની ‘કટાર’માં પ્રવેશ્યું, બીજાની બાદબાકી થઈ. સાંપ્રદાયિકતાના જુવાળની વાતથી એ જરા અલિપ્ત રહ્યા. પણ જીવનના સંધ્યા-કાળે એ એક બીજી સૃષ્ટિમાં સર્યા : અલગારી સાધુ જેવા, એમણે ઢૂંઢેલા ‘ભગત’ સાથેનો એમનો ઘરોબો વધ્યો. કહે છે કે ‘ભગતે’ આપેલી ભસ્મ એમણે માંદગીના ઇલાજ તરીકે અજમાવી હતી. કોણ જાણે એ કાળે અમારો સંગાથ ઓછો રહ્યો એટલે એમના એ આંતરિક સંચરણને પામવાનો લાભ લાધ્યો નહિ. મારી સામે નવા પડકારો ઊભા થયા હતા. મારા નામનો ડગલો (અને દાઢી) અચાનક ગુજરાતી મટી ગયાં ! રસ્તે, બજારે, દુકાને, બૅંકમાં બધે લોક મારી સાથે હિંદીમાં વાત કરતા થયા, હું ગુજરાતીમાં બોલું તોય. લાગ્યું મિયાં ને મહાદેવની વચ્ચે કોઈ લીટી તાણે છે. બિન-ગુજરાતી વર્તુળે અને ગુજરાત બહાર આ વકરતા વહેવારની વાત થઈ : આ વધતું ગયું તોપણ આપણા સાહિત્ય-પરિવારમાં એ છેડાઈ નહિ. (કટોકટી જેવો કપરો આ કાળ, પણ આજેય એની વાત કરનાર, અહીં કેટલા ?).

જાહેર જીવનમાં બે બાજુ થઈ તે બધા જોતા હશે તો જરૂર. બધી બાજુની અવરજવરનો ભોમિયો હું ક્યાં, એની ભાળ નહોતી. પણ પ્રાધ્યાપકની વરણીના પ્રશ્ને મારું નામ બીજી બાજુ ધકેલાયું તે જાણી સુરેશભાઈ ખિન્ન થયા હતા. અંગત સંબંધે લક્ષ્મણ-રેખા નહોતી એટલે મળતા - છૂટા પડતા અરસપરસના ભાવ-પ્રતિભાવ હતા તેવા જ રહ્યા. એ સંબંધોમાં ચૂક ન આવે એટલે મેંય એ વાત મનમાં રાખી. સુરેશભાઈ સાથેની આત્મીયતા હતી એવી જ અકબંધ રહી. એમની સામે હું આવી સમસ્યાઓ છણવાનું ટાળતો. એ આ બદલાતાં વહેણોથી વાકેફ અને પીડિત છે એવું હું માનતો. સાહિત્યમાત્રથી શ્વસિત એ હસ્તીનો મારે બધેથી બચાવ કરવાનો હતો - મારા પોતાના વિચારોથીય.

એમને દવાખાને લઈ ગયા તે સવારે હું અસ્મદીયમ્ ગયેલો. એ બારીવાળા પલંગ પર પગ લટકાવી દમનો પંપ લઈ શ્વાસ લેવા ફાંફાં મારતા હતા. પગ સૂઝી ગયેલા. ઘેર આવી નીલૂને વાત કરી, એ કહે સિરિયસ લાગે છે. મારે ત્યાં ગાડી નહિ એટલે પંકજ (મશર)ને ફોન પર તાકીદ કરી કે એમને દવાખાને પહોંચાડ, દાક્તર મુનશીને ત્યાં કે બીજે. બપોરે જાણ્યું કે દાક્તરની ભલામણે એમને સયાજી દવાખાનાના ઘનિષ્ઠ સારવાર કેન્દ્રમાં દાખલ કર્યા છે. અંદર જઈને આંખ મેળવી (બોલવાનો વિકલ્પ નહોતો રહ્યો). એ જ તેજીલી, કરુણ આંખે એમણે મને પારખ્યો. પછી તો નડિયાદની કિડની હૉસ્પિટલમાં. બધાની સાથે બેઠા કલાકો થયા. સાંજના કોઈકે કહ્યું કે તમે અંદર જાવ. અંદર બે જણ, એક દાક્તર અને બીજો, જાણે કે એમના શરીરે ચડી છાતીને ગારાની જેમ ગૂંદી રહ્યા હતા. જતા જીવને રોકવાનો એ મરણિયો પ્રયાસ. ગૂંદનારના શ્વાસોચ્છ્વાસ અને ગુંદાનારના ચાદરની બહાર ફંગાળાતા પગ જોઈ હું બહાર નીકળી ગયો. રાતના

મેટાડોરમાં વડોદરે પાછા ફરતા એ પગ ને ચાદર હલતાં નહોતાં. તેજીલી આંખોય ગેરહાજર હતી. રસ્તો પૂરપાટ કપાતો હતો પણ એ મેટાડોરથી ક્યાંય આગળ નીકળી ગયા હતા.

૧૩ ઑગસ્ટ, ૨૦૦૨

---

સૌજન્ય : ‘સોનગઢનો કળાધર’ (૨૦૦૩), સં. ગીતા નાયક, સાહચર્ય પ્રકાશન. સુરેશ જોષી વિશે સંસ્મરણ લેખો.

ગુલામમોહમ્મદ શેખસાહેબ પાસેથી એમણે પાડેલા સુરેશ જોષીના સુંદર ફોટા મળ્યા એનો વિશેષ આનંદ વ્યક્ત કરું છું.   – તંત્રી

## ‘શિષ્ટ-વિશિષ્ટ સુજો : એક રફ સ્કેચ’ | નરોત્તમ પલાણ

**૨૦**૨૧મું વર્ષ તે સુરેશ જોશીની શતાબ્દીનું વર્ષ છે. તેમની વિદાયનું હવે ૩૫મું વર્ષ શરૂ થઈ રહ્યું છે. એવો અનુભવ થાય છે કે છેલ્લાં ૩૫ વર્ષથી ‘વેદના’ સાહિત્યના ફળિયામાં રડી રહી છે. શ્રીમદ્ ભાગવતમાં જ્ઞાન અને ભક્તિ રેઢાં પડ્યાં હતાં. નારદજી કહે છે કે ‘ખિન્ન મનવાળી એક તરુણી, બેભાન અવસ્થામાં પડેલા બે વૃદ્ધ પુરુષોની પાસે બેઠી હતી.’ આ તરુણી રડતી હતી. કારણ પૂછતાં તે બોલી કે હું ‘ભક્તિ’ છું અને આ બે વૃદ્ધો મારા દીકરા જ્ઞાન અને વૈરાગ છે! નારદને આશ્ચર્ય થાય છે કે ‘તું તરુણી અને તારા પુત્રો વૃદ્ધ ?’ હા, વેદના કાયમ તરુણી હોય છે અને જ્ઞાન તથા સર્જનશક્તિ - વૃદ્ધ થતાં હોય છે! સુરેશ જોશીએ છેલ્લે છેલ્લે કહેલું, ‘આ ‘વેદના’નું શું થશે ?’ નારદ કહે છે ‘સાવધાન થઈને સંભાલો!’ આ યુગ એવો આવ્યો છે કે હવે કોઈ કોઈને આશ્વાસન આપી શક્યાની સ્થિતિમાં નથી.આત્મનિર્ભર બનીને તેમજ તમારી ‘વેદના’ને સમજો તો જ કંઈ રસ્તો–નીકળવો હોય તો નીકળી શકે! ‘ઇતિ મેં મતિ’ !

ભક્તિ અને નારદના આ ‘વાર્તાલાપ’ સમો એક ‘વાર્તાલાપ’ સુ.જો. દ્વારા પણ આપણને મળ્યો છે. આરંભમાં તો આપણને એમ લાગે કે આ તો ગાંધી અને આંબેડકરનો લંડનમાં મળ્યા હતા ત્યારનો ‘વાર્તાલાપ’ છે, પરંતુ પેલી સ્ટુઅર્ડ્રેસ જાહેરાત કરે કે, ‘હવે આપણને નીચે ઊતરવાની તૈયારીમાં છીએ પણ સજ્જનો અને સન્નારીઓ ! નીચે ઊતરવાનાં પૈડાં કામ કરતા નથી. એટલે સાવધાન રહેવાનું છે ! ‘ઓહ, સુ.જો.નો આ ‘વાર્તાલાપ’ તો નીચે ઊતરી રહેલા વિમાનમાં છે! ખ્યાલ તો આવ્યો પણ આપણી પેઢીના આ છેલ્લા બે કવિઓ તે કોણ ?’ નારદ ઉત્તર વાળે છે. ‘જ્ઞાન અને વૈરાગ્ય!’ આપણને તુરંત કંઈ સમજાતું નથી પણ જ્યારે એમ ખબર પડે કે આ તો સુ.જો.ના કાવ્યસંગ્રહ ‘પરકિયા’ (૧૯૭૫), જેમાં વિદેશી કવિઓની રચનાઓના અનુવાદો છે તેની પરંપરામાં પછીથી થયેલો એક અનુવાદ છે! જ્ઞાન કહે છે, ‘હું જીવવાની આશા છોડી દેતો નથી.’ વૈરાગ્ય કહે છે, ‘મારું આખું જીવન જાણે આ દિશા તરફ જ રહ્યું - મેં

આશા છોડી જ દીધી છે!' એતદ્' ઑગસ્ટ ૧૯૮૨ના અંકમાં પ્રસિદ્ધ થયેલી કવિ ડૅવિડ ઇગ્નેરોવ (સંભવતઃ યહૂદી કવિ)ની આ દીર્ઘ રચના આપણા જેવા વાચકને આપણા પુરાણકાળમાં લઈ જાય છે અને જ્ઞાન-વૈરાગ્ય, જીવન-મૃત્યુના દ્વંદ્વને અકસ્માત ભિમુખ વિમાનની ભયયુક્ત પરિસ્થિતિમાં મૂકીને વિશ્લેષે છે! સુ.જો. હંમેશાં નવું અને નવું જ સર્જવાના કવિવાર્તાકાર રહ્યા છે. નિશ્ચિત મૃત્યુ વચ્ચે સાત દિવસ જીવતા પરીક્ષિતની સ્થિતિ હંમેશાં આકર્ષક અને વિચારપ્રેરક લાગી છે. 'પીડા-વેદના' જાણે એમના સર્જનની જન્મોત્રી રહી છે! દુનિયામાં જેનું કારણ નથી શોધી શકાતું તે વેદના છે. સુરેશ જોશીને જ્યારે કવિતા વિશે પૂછવામાં આવેલું ત્યારે તેમણે આવો જ ઉત્તર વાળેલો.

ધર્મ અને અધ્યાત્મ સાથેનો નાતો 'દાદાનાં જૂનાં વસ્ત્રોમાં સંકેલીને મૂકેલા એક વારસા' સમો એમને લાગેલો, એ સતત વિચારતા રહેતા અને, 'પાંચ અંકનું નાટક' જેવી સ્વગતોક્તિઓ કરતા રહેલા. ૧૯૮૬ના સપ્ટેમ્બર માસની છઠ્ઠી તરીખે તેમને હૉસ્પિટલ લઈ જતાં એમણે પૂછેલું - 'પણ આ 'વેદના'નું શું થશે ?' પાંસઠ વર્ષનું આયું એમણે પાંસઠ સાવ મૌલિક સર્જનો ઉચ્ચારીને પૂરું કરેલું! એમણે જીવેલા છ - સાડા છ દાયકા તે 'ફાલ્ગુની', 'વાણી', 'મનીષા', 'ક્ષિતિજ', 'ઊહાપોહ' અને 'એતદ્' છે, જે કવિમિત્ર કમલ વોરા દ્વારા આજે પણ અવિરત છે. ૧૯૫૬થી એમના ઉદ્ગારો લિપિસ્થ થવા લાગ્યા તેનું મંગલાચરણ કવિતા છે અને તુરંત બીજું પગલું તે વાર્તા 'ગૃહપ્રવેશ' (૧૯૫૭) છે. દક્ષિણ ગુજરાતના સોનગઢના વનમાં થઈને તેમણે ગૃહપ્રવેશ કરેલો તે આખી યાત્રા 'અહો આશ્ચર્યમ્ છે!' આ યાત્રાનો પ્રધાન સૂર વિસ્મય અને વિષાદનો છે.

સુ.જો. કહે છે કે 'અર્ધી જિંદગી તો ખભે ચડી બેઠેલા દેવદેવલાંને હેઠે ઉતારવામાં ગઈ છે.' દેવદેવલાંના સામા પક્ષે નિર્ગુણ આરાધના છે, સુ.જો. એના વિશે કહે છે. 'શૂન્યથી હું લોહીલુહાણ થયેલો આદમી છું. 'મોક્ષ એટલે તો મરણ'—મારે જીવવાનો, માણસ બનીને જીવવાનો રસ્તો જોઈએ છે!' 'હા, સદીઓથી 'માણસ' થઈને રહેવાના ઉદ્યમથી હું થાકી ગયો છું!' ('તથાપિ') 'માણસ' બનવાની શોધ કેટલી લાંબી ચાલી ? સુજો કહે છે કે, 'માણસના હાથે માણસના લોહીનું ટીપું પડે એટલે એક ટીપામાંથી સો રાક્ષસો ઊભા થાય' ('રાક્ષસ' નામની વાર્તા). આમાં સદીઓ વીતી ગઈ. યુદ્ધ પછી યુદ્ધ! રાક્ષસ 'માણસ' બનવાની શોધયાત્રા તો હજુ ચાલે જ છે.

હા, હવે આપણે સુજોની રચનાઓમાંથી 'ગાંધી' તારવવાનો અભ્યાસ શરૂ કરવો ઘટે. અમને એમ લાગે છે કે રવીન્દ્રનાથ અને શરદબાબુની સાથે ગાંધી પણ વણાતા આવે છે. આધુનિક ટૂંકી વાર્તાની સ્થાપના કરનાર સુજો છે, તેમાં ઘટનાલોપ અને ભાષાકર્મ સાથે 'વાસ્તવ'ના ભિન્ન ભિન્ન—આછાંપાતળાં રૂપોનું નિરૂપણ પણ છે. આ 'વાસ્તવ' આજનું હોય, નૈમિષારણ્યનું હોય કે ડેણ-ડાકણ-ભૂત-પ્રેતનું હોય. સુજોએ બખૂબી એને નભાવ્યું છે. ગમન, અતિગમન – ભારતના ઈતિહાસ અને પૌરાણિક કથાઓ સાથે યુરોપ-અમેરિકાની ચિત્રવિચિત્ર અનેકાનેક વાસ્તવિકતા સુજોએ ઝીલી છે. 'રિગન માર્ટિસ' કે 'પરગજુ ભૂખણદાસ' - શીર્ષકોથી જ એની વ્યાપકતાનો અંદાજ આપણને આવી જાય છે. એમ લાગે છે કે સુજો જેટલી વિશાળ ક્ષિતિજ આપણા અન્ય કોઈ સર્જક પાસે નથી.

આપણે શિરીષ પંચાલ અને અકાદમીના ઋણી છીએ કે એમણે ડઝનબંધ ગ્રંથોમાં સુજોની સમગ્ર સાહિત્યસૃષ્ટિ હાથવગી કરી આપી છે. હા, ગાંધીજી અને ઉમાશંકર જોશીની માફક સુરેશ જોશીએ પણ પત્રો લખ્યા છે, એનો પત્રસંચય આ શતાબ્દીવર્ષમાં વિચારવો ઘટે. વ્યક્તિનો ચેતનાપ્રવાહ ડાયરી અને આત્મકથા કરતા પત્રોમાં સાવ વાસ્તવિકપણે ઝિલાયેલો હોય છે. ડાયરી, આત્મકથાદિમાં પાછળથી ફેરફાર થઈ શકે, જ્યારે પત્ર તો પોસ્ટ થઈ ગયો હોઈ એમાં સુધારા-વધારાની કોઈ શક્યતા નથી. સર્જકની આંતરછબી સાવ નૈસર્ગિકપણે પત્રોમાં નિષ્પન્ન થતી હોય છે. સુજોએ પોતાના સર્જનમાં પણ પત્રસ્વરૂપનો ઉપયોગ કર્યો છે. ‘તારો પ્રિય, પત્ર/આપણા રે વિરહ પર ઊભો ધરી શો છત્ર!’ (‘પ્રત્યંચા’).

***

આશરે બે હજાર પૃષ્ઠોમાં પથરાયેલું ‘વિવચન’ સુરેશ જોશીનું સૌથી વિશાળ સાહિત્ય છે. ‘કિંચિત્’ (૧૯૬૦)થી માંડીને ‘વસ્તાનાં પદો (૧૯૮૩) સુધીના ચૌદ વિવેચન-ગ્રંથો ઉપરાંત શિરીષભાઈ દ્વારા સંપાદિત થઈને હમણાં હાથવગા થયેલા બે દળદાર ‘અગ્રંથસ્થ વિવેચનો’ (૨૦૧૧)ના ગ્રંથો સંભવતઃ સમગ્ર ગુજરાતી વિવેચનમાં સૌથી વધુ સંખ્યાનાં વિવેચનો છે. છઠ્ઠા સામયિક ‘એતદ્’નો આરંભ કરતાં સુજો કહે છે.. (આજનું) ‘વિવેચન કંઈક ડોળઘાલું, વધારે પરંતુ બોલકું અને કોઈક વાર મીંઢું થઈ જતું જણાય છે.’ - ગ્રંથાવલોકનની પરિસ્થિતિ પણ ખેદજનક છે.’ - ‘સાહિત્યકળાના અન્ય કળાઓ સાથેના સંબંધની ભૂમિકા પણ રચાવી જોઈએ.’ - ‘સાહિત્ય સાથે સંકળાયેલા અન્ય વિષયો : તત્ત્વચિંતન, ભાષાવિજ્ઞાન, રસમીમાંસા પણ ચર્ચાતા રહે એવું અમે ઇચ્છીએ છીએ.’ - સમજી શકાશે કે સુજોની વિવેચનક્ષિતિજો કેટલી વિશાળ છે! સુજોના વિવેચનમાં પૂર્વ અને પશ્ચિમના સાહિત્યનો ઇતિહાસ પણ છે. ‘અમેરિકન સાહિત્ય’ વિશે તો એમણે પોતે જ સ્વતંત્ર અનુવાદો આપ્યા છે. સુજોનું વિવેચન એટલે સકલ કલાઓના સંગમનો મહાઉદ્યાન.

સુમન શાહ અને શિરીષ પંચાલ એમના વિવેચન વિશે લખનાર બે મુખ્ય નામ છે. બંનેએ એમને ભારે તટસ્થતાથી મૂલવ્યા છે, પરંતુ આપણા જેવા પ્રમાણમાં શિશુ, જેમનો નાયડો હજુ પરંપરાગત ધાર્મિક સૃષ્ટિમાં છે તે શું કહેશે ? સુજોએ ધર્મવિચાર તેમ તત્ત્વવિચારને પણ સર્જન-વિવેચનમાંથી દૂર રાખ્યા અથવા કંઈક જુદા અર્થમાં એને ગ્રહણ કર્યા છે... જુઓ, શિરીષભાઈ કહે છે કે, ‘સુરેશભાઈએ ફિનોમિનૉલૉજીની ભૂમિકા સ્વીકારી છે. ‘હવે આ ફિનોમિનૉલૉજી તો તત્ત્વચિંતનની જ એક શાખા છે ને ? જોકે સુરેશભાઈની આ મૌલિકતા નોંધવા જેવી છે કે ‘ઇઝમ’ પછી તે પૂર્વનું હોય કે પશ્ચિમનું - સુરેશભાઈએ એને યથાતથ સ્વીકારી લીધું નથી. જર્મન ફિલસૂફ હુસેર્લ દ્વારા ૧૯૦૦ની આસપાસ અસ્તિત્વમાં આવેલો આ અભિગમ, ગુજરાતમાં ‘પ્રતિભાવ’ અને ‘પ્રતિભાસ’ નામથી ચર્ચાયો છે. સુજોના સાહિત્યમાં અમુક સરવાળા અને અમુક બાદબાકી સાથે ઝિલાયો છે. ‘એતદ્’ જુલાઈ ૧૯૮૯માં પોતે ‘ફિનોમિનૉલૉજી’ને કેમ સમજ્યા અથવા સ્વીકાર્યો તેની વાત કરી છે. (જુઓ, અકાદમી પ્રકાશિત ‘અગ્રંથસ્થ વિવેચન’ ભાગ

એક, પૃ.૭૮-૯૫ (૨૦૧૧)). પરંપરાગત ધર્મકથાઓને ગાળી નાખીને, કહો કે બાહ્ય કલેવરની ઘટનાનો લોપ કરીને માત્ર 'ચેતના'ને તેઓ લક્ષ્ય કરે છે. સુજોમાં 'નૈમિષારણ્ય' છે, પણ મૂળની વિભાવના નથી 'સેતુબંધ', 'રાક્ષસ', 'રૌરવ', 'જન્મોત્સવ' અને 'કાલીયમર્દન'માં આપણા રામાયણ-ભાગવત નહિ, 'સુરેશાયણ' ઝિલાયેલું છે! આપણા વિવેચકો 'બાલિશ અર્થઘટન' કહેશે પણ 'વસરામ કડિયા'ની ખૂંધ સાથે મંથરા અને કુબ્જાની ખૂંધની તુલના થઈ જાય છે અને વસરામ કડિયાની ખૂંધ વધતી વધતી બીજો વસરામ બની જાય તે સુજોની કલ્પના છે. અહીં પેલી પૌરાણિક 'ખૂંધ' પ્રતીક બનીને આધુનિકતા ધારણ કરે છે અને ફિનોમિનાલૉજી બદલાય છે. 'ગૃહપ્રવેશ'ના આરંભે જ બ્રોકર અને સુજો વચ્ચે એક પત્રવ્યવહાર થયો છે તે જોવા જેવો છે. બ્રોકર સત્ય અને ઔચિત્યને નજરમાં રાખી વાર્તામાં બનતી ઘટનાને વિવેચે છે, જ્યારે સુજા ઘટનાની ભીતરને લક્ષ્ય કરીને વાર્તા લખે છે. બ્રોકરને 'પાંચમો દાવ'માં કરામત લાગી છે,જ્યારે સુજો કહે છે કે મેં 'પાંચમો દાવ' પૂરી ગંભીરતાથી લખી છે. જો એક સાવ જુદી દિશામાંથી વિચારીએ તો અહીં ફિનોમિનૉલૉજીનાં બંને રૂપો કામ કરી જતાં જણાશે. 'વસ્તુ' જેમ છે તેમ બ્રોકર ગ્રહણ કરે છે અને સુજો એને જુદા કોણથી જુએ છે! 'વારતા કહો ને'-માં ચંપા પોતાનું બ્લાઉઝ ખોલી નાખીને તેનો ઘા ઇન્દુભાઈ ઉપર કરે - એમાં દેખાતી અશ્લીલતા સાવ નવો અભિગમ છે તે આ દૃષ્ટિએ. સુજોએ વારે વારે સ્પષ્ટતા કરી છે કે બાહ્ય ઘટના નહિ, Stream of Consciousnessની આલેખનરીતિ તરફનો મારો પક્ષપાત છે. આમ તો આ જ ફિનોમિનૉલૉજી છે,પણ સુજો એના ઘણા અંશોને ગાળીને સ્વીકારે છે.

સુરેશ જોશીની સાહિત્યિક યાત્રામાં - એના આધુનિક ગણાતા વિચારપ્રવાહમાં સહુ કોઈને આ એક આશ્ચર્યકારક થઈ પડેલો પક્ષપાત છે કે તેમણે મધ્યકાલીન સાહિત્યની 'જ્ઞાનગીતા'નો સાવ નૂતન અને ભક્તિજ્ઞાનવૈરાગ્યથી સાવ ઘેઘૂર રસ્તો લીધો. અમને લાગે છે કે આપણી મધ્યકાલીન જ્ઞાનમાર્ગી વિચારણા, એની બધી જ ધર્મકથાઓ, અસ્તિત્વવાદનાં બધાં જ વળગણો ફગાવીને સુજોમાં સ્વીકાર પામી છે. અહીં 'ઈહ'ની સામે 'પર' છે, કહો કે 'પર' પછી તે સગુણ હોય કે નિર્ગુણ—વિના 'અસ્તિત્વ' શક્ય જ નથી! માણસ દેહથી કંઈક વિશેષ વિચારી શકે છે. માટે જ તે માણસ છે. આપણી મધ્યકાલીન વિચારણા અને તેની પૂર્વની પૌરાણિક પરંપરા 'અસ્તિત્વ'ને કેન્દ્રમાં રાખીને જ, તેની શોધ અર્થે જ ગતિમાન બનેલી છે. સાર્ત્ર અને હાઈડેગર તો જાણે ચાર્વાકના જ વંશજો છે! 'નવા કોઈ ઐક્યે પરમ રસ કો ભવ્ય છલકે' કવિ સુન્દરમ્‌ની આ યાત્રા અમને તો સુરેશ જોશીની આંતરચેતનાની યાત્રા પણ લાગે છે. નરહરિની 'જ્ઞાનગીતા'માં સુજોનું વલોણું ફરે અને જે નવનીત ઉપલબ્ધ થાય તે ખુદ સુરેશ જોશી છે! સુજોમાં ભારતીય પરંપરાનો લગાવ પહેલેથી જ છે. એમણે પૌરાણિક સાહિત્યનાં પાત્રો વિશે સ્વતંત્ર લેખો પણ કરેલા છે. આપણા કેટકેટલા સાહિત્યકારોએ 'કર્ણ' વિશે કાવ્યો, નાટકો, નિબંધો અને નવલકથાઓ લખ્યાં છે ? સુજો તરફથી પણ એક લાંબો લેખ મળે છે. સુજોએ પશ્ચિમી સાહિત્ય વિશે વિશેષ લખ્યું. કાફકાના 'કૅસલ' ઉપર તો ઓવારી ગયા એવું લાગે! આ બધું છતાં સુજો અનુભવે છે કે પશ્ચિમી વિચારધારામાં પાયાની જ અસંગતિ રહેલી છે!

આપણા ડૉ.રાધાકૃષ્ણન્ અને શ્રી અરબિંદો જ બોલતા હોય એવું લાગે છે! પશ્ચિમમાં ભલે ‘અનુકંપાશીલ માનવ’ હોય, એમને કંઈક પૂર્ણ માનવ તો ભારતીય પરંપરામાં જ નજર આવ્યો છે. જુઓ, કવિ સુન્દરમ્‌ના કાવ્યસંગ્રહ ‘યાત્રા’ ઉપર સુરેશ જોશી કેવા ખીલ્યા! આ એમનો રાજીપો છે અને તે ભારતીય પરંપરા સંદર્ભે છે.

અસ્તુ. અકાદમી પ્રકાશિત ‘સુરેશ જોશીનું સાહિત્યવિશ્વ’ ૧૫મો ગ્રંથ સમાપનનો ગ્રંથ છે. આ ગ્રંથમાં ‘નરહરિની જ્ઞાનગીતા’, ‘મધ્યકાલીન જ્ઞાનમાર્ગી કાવ્યધારા’ અને ‘વસ્તાનાં પદો’ ઉપરાંત બે પરિશિષ્ટોમાં ‘અના કેરોનિનાં’, ‘કાન્તના કાવ્યમાં કરુણ’ અને ‘માર્ક્સવાદી અભિગમ’ વિશેના કુલ ત્રણ લેખો તથા છેલ્લે ૭૬ પૃષ્ઠોનો સાંપ્રત તથા સાહિત્યવિહાર છે. ‘જ્ઞાનગીતા’ અને ‘જ્ઞાનમાર્ગી કાવ્યધારા’ આપણા મધ્યકાલીન સાહિત્યમાં સદૈવ સીમાચિહ્ન બની રહે તેવા માતબર અભ્યાસગ્રંથો છે.

‘ન હિ જ્ઞાનેન સદૃશમ્ પવિત્રમ્ ઇહ વિદ્યતે’ - તે ગીતાના શ્લોક સાથે ઋગ્વેદનો હવાલો નાખીને સુજો આપણા સમૃદ્ધ જ્ઞાનમાર્ગનો સૂત્રપાત કરે છે. પૌરાણિક પરંપરાના આશક સહુ કોઈએ સુરેશભાઈનો આ સ્વાધ્યાય આત્મસાત્ કરવા જેવો છે. આપણી તત્ત્વવિચારણા સાથેસુજોના ગજાનો ક્યાસ પણ અહીં અનુમાની શકાશે. આપણો પરંપરાગત શબ્દ વાપરીને કહીએ તો અહીં ‘ધન્ય’ થઈ જવાય એવી ચર્ચા છે. આદ્ય શંકરાચાર્યજી અને નાથ સંપ્રદાયની રહસ્યમય સાધનાના તાણાવાણા સાથે નરહરિ, અખો, માંડણ અને મર્મી ભજનિકોની વાણી આપણી કવિતાને ક્યાંથી ક્યાં સુધી લઈ ગઈ તે જોવું-અનુભવવું ખરેખર રોમાંચક છે! ‘સત્ય ભાષો, પ્પપંચ નાષો, તત્ત્વ ચાષો રુધિ ધરી’ - આ નરહરિ છે, જેને સુરેશ જોશી ‘પરિણતદશા’નો કવિ કહે છે.

ઉમાશંકર જોશી, કે. કા. શાસ્ત્રી, અનંતરાય રાવળ જેવા અભ્યાસીઓની ગૂંચ સુધારતા સુધારતા સુજો ‘મોક્ષ એટલે આત્મદર્શન’ એવા સમ ઉપર આવતા દેખાય છે. એમના મનમાં ‘અસ્તિત્વવાદ’ છે. ‘અસ્તિત્વ’ને કીમતી માનતી પરંપરા સાથે ‘કાયા ઉપરાંતિ રત્ન નાહી’ - એમ પ્રતિપાદન કરતા ગોરખનાથ ‘યહ તન સાચકા ધરવા’ એમ કહે પણ પશ્ચિમ ત્યાં જ અટકે અને ‘ભોગ-ભોગ ને ભોગ’માં જ રહે, જ્યારે પૂર્વ પાસે હજારો વર્ષ ભોગમાં જીવીને એનાથી જુદું વિચારનાર યયાતિનું પાત્ર છે. પશ્ચિમને હજુ એનું ‘ધ્રુવપદ’ નથી મળ્યું એટલે રવીન્દ્રનાથ કહે છે તેમ, તે પોતાની બેડીને જ અલંકાર ગણે છે, જ્યારે ભારતીય દર્શન આકાશ જેવું ખુલ્લું છે. અહીં બધાનો સ્વીકાર છે.‘ધરા’ સાથે ‘અધરા’ અને ‘ક્ષર’ સાથે ‘અક્ષર’ - નરહરિ કહે છે કે આ રસ અનુભવો ભાઈ, આ રસ અનુભવો!

આપણા મધ્યકાલીન સાહિત્યમાં નરસિંહ અને અખાની વચ્ચે નરહરિ, બે ઉચ્ચ શિખરો વચ્ચે સમથલ વહેતા ગંગાના ગંભીર પ્રવાહ જેવો છે. નહીં નરસિંહની તરલતા કે નહીં અખાનો ઉકળાટ, નરહરિ પ્રમાણમાં ધીરગંભીર ઠરેલ કવિ છે.‘ગોપી-ઉદ્ધવસંવાદ’ અને ‘હસ્તામલક’વચ્ચે ‘જ્ઞાનગીતા’, નરહરિની ‘કવિ’ તરીકે તેમ ‘સાધક’ તરીકેની વિકાસયાત્રા સમી કૃતિ છે. સુરેશભાઈ પહેલાં ભૂપેન્દ્ર ત્રિવેદી દ્વારા ‘જ્ઞાનગીતા’નું સંપાદન આપણને મળી ગયું છે. સુજોની વિશિષ્ટતા એ છે કે તેમણે ‘મધ્યકાલીન જ્ઞાનમાર્ગી

કાવ્યધારાની ભૂમિકા' બાંધી અને બીજા વર્ષે નરહરિની 'જ્ઞાનગીતા' આપી. સુજોનો આ સળંગ અભ્યાસ આપણા સાહિત્યિક સ્વાધ્યાયમાં એક તેજલિસોટા સમાન છે. નરહરિની ગતિ વૈષ્ણવથી શંકરીવિદ્યા તરફની છે. 'જ્ઞાનગીતા' સરળ, લાઘવયુક્ત અને સામાન્ય છે તેમ સુરેશભાઈનું સંપાદન પણ એક સીધો, સાદો અભ્યાસ છે, સુજોની જે વિશિષ્ટતા છે તે 'જ્ઞાનમાર્ગી કાવ્યધારા' છે.*

નરહરિમાં સગુણ-નિર્ગુણની સાચી સમજ અને સમન્વય છે તેમ સુરેશ જોશીના આ 'સ્વાધ્યાય'માં પૂર્વ-પશ્ચિમતુલના અને સમન્વય છે. આ છે શિષ્ટ-વિશિષ્ટ સુરેશ જોશીનું પ્રદાન.

---

* વિશેષ ચર્ચા : લેખકના 'ઉજો, સુજો અને બીજામાં' (પ્રકાશ્ય)

❑

## સાભાર સ્વીકાર

### નવલિકા

**કોરોના :** સદાશિવ વ્યાસ, ૨૦૨૦, લેખક પોતે, પૃ. ૯૬,રૂ. ૧૫૦. **મનાલીની હવા :** હરીશ મહુવાકર, ૨૦૨૦, શબ્દલોક પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૦૪, રૂ. ૧૧૫. **મુકામ :** હર્ષદ ત્રિવેદી, ૨૦૨૦, ડિવાઇન પબ્લિકેશન્સ, અમદાવાદ, પૃ. ૧૨૮, રૂ. ૧૪૦. **અરીસામાં યાત્રા :** અંજલી ખાંડવાળા, ૨૦૧૯, આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા.લિ. મુંબઈ/અમદાવાદ, પૃ. ૧૩૬, રૂ. ૧૩૫. **એક સ્પર્શ બની તરસ :** હેમા મહેતા, ૨૦૨૦, બાલવિનોદ પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૪ + ૧૩૪, રૂ. ૧૪૦. **બે તારીખો વચ્ચે :** ગિરીશ ભટ્ટ, ૨૦૧૯, લટૂર પ્રકાશન, ભાવનગર, પૃ. ૮ + ૧૩૬, રૂ. ૧૮૦. **પુસ્તક અને :** દીવાન ઠાકોર, ૨૦૨૦, ડિવાઇન પબ્લિકેશન્સ, અમદાવાદ, પૃ. ૧૪૪, રૂ. ૧૬૦. **પછી આમ બન્યું :** રાઘવજી માધડ, ૨૦૧૯, આર. આર.શેઠ ઍન્ડ કંપની, મુંબઈ/અમદાવાદ, પૃ. ૧૯૨, રૂ. ૨૨૫. **સૂચિત્ર :** મેધા ત્રિવેદી, ૨૦૧૯, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પૃ. ૧૨ + ૧૫૧, રૂ. ૨૨૫. **તિરાડ :** માવજી મહેશ્વરી, ૨૦૨૦, વિવેકગ્રામ પ્રકાશન, માંડવી, પૃ. ૧૬૦, રૂ. ૧૮૦. **સ્વપ્નપ્રવેશ :** વર્ષા અડાલજા, ૨૦૨૦, આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા.લિ. મુંબઈ/અમદાવાદ, પૃ. ૧૨૬, રૂ. ૧૩૫. **તાળું :** જગતમિત્ર, ૨૦૨૦, નિધિ પબ્લિકેશન, મહેસાણા, પૃ. ૧૧૨, રૂ. ૧૫૦. **અંધારાનો રંગ :** વંદના શાંતુઇન્દુ, ૨૦૨૦, હર્ષ પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૬ + ૧૬૦, રૂ. ૨૧૦, **ઉમાશંકર જોશીનો વાર્તાવૈભવ :** સંપા : શરીફા વીજળીવાળા, ૨૦૨૦, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પૃ. ૨૨ + ૧૩૦, રૂ. ૧૮૦.

શ્રદ્ધાંજલિ

# વિધાતા જ દોરી ગઈ હશે મને જયંત મેઘાણી સુધી

**યજ્ઞેશ દવે**



**આ**જથી લગભગ ચાલીસેક વરસ પહેલાં ૧૯૮૦માં મિત્ર તુષાર મહેતા સાથે પુસ્તકો જોવા અને તુષારના આગ્રહથી જયંતભાઈને મળવા 'પ્રસાર' ગયેલાં. પહેલી જ નજરે ગમી ગયું તે એ કે રોડની સહેજ અંદર કોઈ પણ રીતે બુકશૉપ જેવું ન લાગે તેવું પુસ્તકઘર. શાંત અને સુરુચિપૂર્ણ રીતે સજાવેલું. આપણને તો ઠીક, પુસ્તકોને પણ ઘર જેવું લાગે – પુસ્તકોને વેચવાની ઉતાવળ ન હોય તેમને તો હોંશ હોય યોગ્ય હાથમાં પહોંચવાની. પુસ્તકોની એ હોંશ હોંશથી પૂરી કરે જયંત મેઘાણી. તુષારે મારી ઔપચારિક ઓળખાણ કરાવી. (મેઘાણીભાઈઓમાંથી સહુથી પહેલો પરિચય નાનક મેઘાણી સાથે. અમારા રાજકોટમાં જ ધર્મેન્દ્ર કૉલેજ સામે તેમની બુકશૉપ. એ પણ એવા જ પુસ્તકપ્રેમી. કલાકો બેસી પુસ્તકો જોઈ શકો – પ્રેમપૂર્વક સામેથી બતાવે પણ ખરા. તેઓ અમદાવાદ ગયા તે પછી હું પણ નવ વરસ અમદાવાદ હતો એટલે જોડાયેલા રહ્યા – છેક તેમના મરણ સુધી. ક્ષિતિમોહન સેનનું તેમનું પ્રકાશન 'સાધનાત્રયી' પ્રેમપૂર્વક ભેટ આપેલું. મહેન્દ્રભાઈ સાથેનો સંબંધ પરોક્ષ વધારે. મારું કોઈ લખાણ તેમને ગમે તો તેનું સંક્ષિપ્ત કરી મને મોકલે અને તેમની વાચનબેઠકમાં વાંચે પણ ખરા. પત્રમૈત્રી પાંગરી તે જયંતભાઈ સાથે) પ્રથમ મુલાકાતે જ 'હું શું જાણું કે વ્હાલે મુજમાં શું દીઠું'ની જેમ અમે બંને બહાર રહેલા એકમેકના કેન્દ્રમાં આવી ગયા.

૧૯૮૨માં ફરી ભાવનગર જવાનું થયેલું. ત્યારે તેમનાં પત્ની લતાબહેન અને સંતાનો – નીરજ નિહાર બહારગામ ગયેલાં. તેમણે આગ્રહ કરી મારો થેલો ત્યાં જ ઉતરાવેલો. આપણે તો અઢ્ઢે દ્વારકા. પહેલી મુલાકાત વખતે તેમના સૌમ્ય પણ ગંભીર લાગતા ચહેરા અને ઓછાબોલા સ્વભાવને કારણે થયું હતું કે આ માણસ પોતે ઊઘડશે ને મને ઊઘડવા દેશે કે કેમ ? પણ ત્યારે જ જે સ્નેહઝરણ ફૂટેલું તેથી બધી આશંકા દૂર થઈ

ગયેલી. ત્રણ દિવસ ‘પ્રસાર’માં જ ધામા. ઉપર જ રહેઠાણ. એ દિવસોમાં સ્વયંપાકી બની વઘારેલી ખીચડી, પરોઠા, મિક્સ વેજિટેબલની જયાફત ઊડાડેલી. છૂટા પડતી વખતે તેમણે અંગ્રેજી કવિતાના સંચયનું પુસ્તક ભેટ આપતાં અંદરના પાને લખ્યું,

‘પ્રિય યજ્ઞેશ, ત્રણ દિવસના સહવાસની યાદમાં – જયંત.’

ત્યારે તો ધ્યાન નહોતું ગયું પણ પછી એ અર્પણવાક્ય સમજાયું કે અંગત મૈત્રીમાં અટક કે બીજી કોઈ ઓળખથીય વિશેષ હોય છે માત્ર વ્યક્તિની ઓળખ – જે માત્ર નામ જ હોય. યાદ આવ્યું કે ઉડિયા કવિ જયંત મહાપાત્રને તેમના કટકના ઘરે મળેલો તે પછી તેમનું એક પોસ્ટકાર્ડ આવેલું તેમાં છેલ્લે તેમનાથી લખાઈ ગયેલું : જયંત મહાપાત્ર. પણ પછી મહાપાત્ર પર છેકો મારી રાખેલું, માત્ર ‘જયંત’. મેઘાણીનાં અન્ય સંતાનોની જેમ જ તેમણે ક્યારેય પિતાનું નામ આગળ ન કર્યું – પિતા વિખ્યાત હોવા છતાં પણ. તેમના સંતાનોએ મેઘાણીના ગ્રંથોનાં અનેક પ્રકાશનો-સંપાદનો થકી નવી નવી પેઢીઓને મેઘાણી સાહિત્ય ઉપલબ્ધ કરાવ્યું પણ જાતને નેપથ્યમાં રાખીને.

૧૯૮૩માં ભૂતનું ઘર પીપળો તેમ દિવાળીના દિવસોમાં હું ફરી ભાવનગર જયંતભાઈને ઘેર. પીએચ.ડી. પૂરું થયેલું પણ નોકરી નો’તી મળી. એટલે બેકાર પણ સાવ ફ્રી. આ વખતે તેમના પરમ મિત્ર ચિત્રકાર-કવિ પ્રદ્યુમ્ન તન્ના ઇટાલીથી આવેલ હતા. બીજે દિવસે કહ્યું, ‘ચાલો આવવું છે ને સાથે રાણકપુર ?’ ફરવા જવા માટે કંઈકેટલીય પાંખો ફફડાવું પણ પૈસા ? ફરવા જવા માટે પિતાજી પાસે પૈસા કેમ મંગાય ? મારો અનુત્તર જ મારો ઉત્તર હતો. જયંતભાઈ જેવા સમજુ માણસ તો સાનમાં સમજી જાય. જયંતભાઈ કહે ‘પૈસાની ચિંતા ન કરશો. આ પ્રવાસ મારા તરફથી. પ્રદ્યુમ્નભાઈને રાજસ્થાન જવાની ફરી ઇચ્છા થઈ છે. તમે આવશો તો કંપની જામશે.’ સંકોચ તો થયો પણ ‘તમે આવશો તો કંપની જામશે’ એ વાક્યથી અને સાથે ફરવા જવાની લાલચથી મેં હા પાડી. અને ૧૯૯૩ના દિવાળી પછીના દિવસોમાં જયંત મેઘાણી, પ્રદ્યુમ્ન તન્ના, મનોહર દેસાઈ અને મેં રાણકપુર, કુંભલગઢ, અને ઉદેપુરનો યાદગાર પ્રવાસ કર્યો. કહ્યા વગર સામેવાળાની તકલીફ સમજી જાય તેવા માણસો કેટલા ?

એ પછી મહેન્દ્રસિંહ પરમાર સાથેની દોસ્તી થઈ અને ભાવનગર જવા માટેનાં કારણો અને પ્રસંગો વધ્યાં. અને વીતેલાં વરસોમાં મારી નોકરી અર્થે હું જ્યાં જ્યાં જતો હતો ત્યાં ત્યાં તેમનું મારા ઘરે આવવાનું થતું રહ્યું. પહેલાં અમદાવાદ પછી રાજકોટ, આહવા અને છેલ્લે વડોદરા પણ. વડોદરામાં અમારી મિત્રમંડળી – હું, રાજેશ પંડ્યા, નિખિલ મોરી, વિપુલ વ્યાસ, પીયૂષ ઠક્કર બધાના મહેમાન. પ્રદ્યુમ્ન તન્ના જ્યારે ભારત આવે ત્યારે તો મળવાનું જ. એક વાર ભારત આવ્યા ત્યારે અમદાવાદ ઉષાબહેન ઉપાધ્યાયને ત્યાં બે દિવસ સાથે રહ્યાં. ૨૦૦૫માં હું ડાંગ-આહવા હતો ત્યારે પ્રદ્યુમ્નભાઈ સુરતથી નંદીગ્રામ આવવાના હતા. ફરી સાડા ત્રણ વજ ભેગા થવા જેવો યોગ થયો. હું આહવા હતો અને પ્રદ્યુમ્નભાઈનો લાંબો ઇન્ટરવ્યૂ કરવાની મારી નેમ હતી તેથી હું આહવાથી નંદીગ્રામ પહોંચ્યો અને જયંતભાઈ ભાવનગરથી નંદીગ્રામ આવવા નીકળ્યા. પહોંચવાના નિયત સમયે આવ્યા નહીં. ચિંતા થઈ પણ એ સમયમાં મોબાઇલનું એટલું ચલણ નહીં. અંતે ઘણા કલાકો મોડા નંદીગ્રામ પહોંચ્યા ત્યારે તેમણે કરમકથની કહી.

વડોદરા કોઈ ચોર કળા કરી ગયેલો... પાકીટ ઉટાવી ગયેલો. તોય વાયક લીધાનું વચન ન ઉથાપાય એ ન્યાયે વડોદરાથી પૈસાની વ્યવસ્થા કરી નંદીગ્રામ પહોંચેલા. નંદીગ્રામ બે દિવસ સાથે રહી જયંતભાઈ, પ્રદ્યુમ્નભાઈ અને રોઝાલ્બા આહવામાં મારાં મહેમાન બનેલાં. ડાંગ દરબાર જોયો અને મજા મજા કરી.

'My beloved Friend' અમારું માનીતું પુસ્તક. એ પુસ્તક એટલે વિખ્યાત રશિયન સંગીતકાર પીટર ચાયકોવ્સ્કી અને તેની સંગીતરસિક પ્રેમિકા નાદેઝદા વૉન મેક વચ્ચેના અંગત ઉત્કટ પત્રવ્યવહાર થકી ઉજાગર થતી એક વિરલ પ્રેમગાથા. બંને પ્રેમીઓ વચ્ચે કોઈ સમાનતા નહીં. પીટર મધ્યમવર્ગનો છત્રીસ વરસનો એક અપરિણીત જુવાન તો નાદેઝદા તેના કરતાં દસ વરસ મોટી અતિ ધનાઢ્ય બાર સંતાનોની એક વિધવા માતા. નાદેઝદાએ પીટરની આર્થિક માનસિક વિટંબણાઓમાં તેને સાથ આપ્યો અને પીટર જગતભરમાં મશહૂર થાય તે માટે બધું જ કરી છૂટી. તેર વરસની તેમની મૈત્રીની મોટી ખાસિયત એ કે જિંદગીમાં એક વાર પણ તેઓ રૂ-બ-રૂ મળ્યા નહીં પણ પત્રો થકી જ ઘનિષ્ઠ મૈત્રી પાંગરતી રહી. જામનગર કિરીટ દૂધાત મારફતે એ પુસ્તક મારી પાસે આવ્યું અને તેનો અનુવાદ કરવાની ચાનક ઊપડી. જયંતભાઈને વાત કરી તો તેઓ તો રાજી રાજી. પોતાનું પ્રકાશન લગભગ સંકેલી લીધા છતાંય એ પુસ્તક પ્રકાશિત કરવામાં તેમને રસ હતો. એ માટે તેમણે પીટર – નાદેઝદાના પત્રવ્યવહારનાં બીજાં પુસ્તકો પણ વિદેશથી મંગાવ્યાં અને એક તો ઝેરોક્ષ કરી મને મોકલાવ્યું. પુસ્તકમાં સમાવી શકાય તેવાં ચિત્રો – ફોટોગ્રાફ્સ પણ ઝેરોક્ષ કર્યા, ડાઉનલોડ કર્યાં, મને મોકલાવ્યાં. અનુવાદ પૂરો કરી મઠારી ફાઇલ તેમને મોકલી. તેમને એ અનુવાદ યથાતથ છાપી શકાય તેવો ન લાગ્યો. મારા સર્જનાત્મક ગદ્ય જેવા ગદ્યની તેમની અપેક્ષઆ હતી – જે અનુવાદમાં લાવવું અઘરું. તેમણે એ અનુવાદમાં જ થોડો સુધારોવધારો કરેલાં થોડાં પાનાંઓ મને મોકલ્યાં. ઘણા સુધારાઓ યોગ્ય હોવા છતાં મેઘાણી સાહિત્યના આજીવન સંપર્કને કારણે કેટલાક શબ્દો, કેટલીક લઢણો અત્યારની બોલચાલની ભાષામાંથી નીકળી ગયેલી હોય તેવું લાગે. વચ્ચે પંદરેક વરસો વહ્યાં અને જયંતભાઈની ટકોર નજરમાં રાખી આખા અનુવાદનો નવેસરથી ડ્રાફ્ટ તૈયાર કર્યો જે ઑક્ટોબર માસથી 'શબ્દસર' માસિકમાં હપ્તાવાર પ્રકાશિત થઈ રહ્યો છે. એકાદ મહિના પહેલાં જ પુસ્તકનું પ્રકાશન થાય તો તેમાં ઉપયોગી થાય તેવા ફોટોગ્રાફ્સ તેમણે ઝેરોક્સ કરી રાખેલાં તે મને મોકલ્યાં. જ્યારે એ પુસ્તકાકારે પ્રકાશિત થશે ત્યારે તેમનું પણ એક સપનું પૂરું થશે. પણ અફસોસ કે એ પુસ્તકને તેમની ચીવટ, કળાદૃષ્ટિ, લે-આઉટ અને લાડ નહીં મળે.

સંપાદન કોને કહેવાય તે જોવું હોય તો તેમણે 'પ્રસાર' થકી પ્રકાશિત કરેલાં મેઘાણીનાં પુસતકો અને ગુજરાત સાહિત્ય અકાદમીએ પ્રકાશિત કરેલી મેઘાણી ગ્રંથાવલિ તેનું ઉત્તમ ઉદાહરણ. અત્યાર સુધી અપ્રગટ વેરવિખેર પડેલી સામગ્રી એકઠી કરી દટાયેલી સામગ્રી બહાર લાવી સમગ્ર મેઘાણી સાહિત્યની પુરક અને અધિકૃત વાચના આપી. ગ્રંથાલય વિજ્ઞાન ભણેલા તેથી વૈજ્ઞાનિક દષ્ટિકોણ તેમના કામમાં વણાઈ ગયેલો. પુસ્તકના અંતે પરિશિષ્ટો, વિગતવાર સૂચિ, આધારસામગ્રીની વિગતો અને નાનીશી ખાલી જગ્યામાં પણ સૂઝપૂર્વક મૂકેલાં ચિત્રો, ફોટોગ્રાફ્સ અને સુરુચિપૂર્ણ લે-આઉટ – છપાઈ તેમનાં

પુસ્તકોનો વિશેષ.

ગુલામમોહમ્મદ શેખ પણ એવા જ આગ્રહી છતાં તેમના ‘ઘરે જતાં’ પુસ્તકનું પ્રૂફ જયદેવ શુક્લ, શિરીષ પંચાલ જેવાની નજર તળે પસાર થઈ ગયું હોવા છતાં શેખસાહેબે અંતિમ પ્રૂફ જયંતભાઈને મોકલ્યું અને પછી જ છાપ્યું. તેમના સંપાદનકામ અને સંપાદનકળા વિશે તે ક્ષેત્રના નિષ્ણાતો અલગ લેખ લખી શકે તેવું ગંજાવર કામ છે તેમનું. વિદેશોમાં યોગ્ય ગુજરાતી પુસ્તકો પહોંચે તે કામ પણ તેમનું. મારા ફઈના દીકરા ડૉ. રાજીવ શુક્લે ન્યૂયૉર્કની લાઇબ્રેરીમાં મારા પ્રવાસનિબંધ ‘ચિલિકા’ જોયું અને ઘરે લઈ જઈ વાંચ્યું ત્યારે એમના એ ‘પ્રસાર’ના કામને જાતે પ્રમાણેલું. પુસ્તક પ્રસાર-પ્રચારમાં તેઓ ગમતાનો ગુલાલ કરતા જ રહે. ટપાલ દ્વારા સુંદર સામગ્રી અને ચિત્રો સાથેના બુકમાર્ક, બે ફ્લૅપમાં સમાઈ તું કોઈ સુંદર લખાણ કે કવિતા, નવાં પુસ્તકોની સંકલિત-સંક્ષિપ્ત સૂચિ એવી સામગ્રી તો વર્ષભર આવતી રહે. પહોંચની વળતી ટપાલ ન લખી હોય તોય તેનો ધોખો નહીં.

ઉત્તરવયે રવીન્દ્રનાથનું ઋણ ઉતારવા તેમની લઘુ ચિંતનિકાઓના અનુવાદની પુસ્તિકાઓ આપી. એ પછી આરંભ્યું તેમનાં ગદ્ય, પત્રો, તેમના વિશેનાં ગદ્ય અને રવીન્દ્રનાથની કવિતાઓના અનુવાદનું કામ. કવિતાઓનો અનુવાદ કરતા હતા ત્યારે બે-ચાર કવિતાઓના અનુવાદો અને જેમાંથી અનુવાદ કર્યો હોય તે મૂળ અંગ્રેજી અનુવાદ પણ સાથે મોકલતા જેથી હું બંનેને સરકાવી મારાં કોઈ સૂચન હોય તો તે આપી શકું. ક્યાંક મેં કોઈ શબ્દનો પર્યાય સૂચવ્યો હોય, ક્યાંક વાક્ય-અન્વય બદલવાનું સૂચન કર્યું હોય તો સહર્ષ સ્વીકારતા. નાજુક તબિયત વચ્ચે તેમણે તે કામ પૂરું કર્યું અને રવીન્દ્રપ્રેમી ગુજરાતી વાચકોને તેમણે ત્રણ માતબર અનુવાદગ્રંથો આપ્યો – ‘અનુકૃતિ’, ‘રવીન્દ્ર પત્રમધુ’ અને ‘રવીન્દ્ર સાન્નિધ્યે’. તેમનું પોતાનું ગદ્ય પણ વિશિષ્ટ સ્વાદવાળું – તે તો કેટલાક લેખોમાં અને પત્રોમાં જ સચવાયું જેમાંના થોડા પત્રો મારી પાસે પણ છે.

ખાવા-ખવરાવવાના શોખીન. પાકશાસ્ત્ર તેમના રસનો વિષય. નવી નવી ડિશોની અજમાયેશ પણ કરે. ઘરે આવે ત્યારે ગાંઠિયા સાથે તેમણે બનાવેલું પીનટ બટર સાથે લેતા આવે. તેમના ઘરના રસોડા સુધી જઈ શકાય. એકબે વાર તો મેં તેમના ઘરે વઘારેલી ખીચડી બનાવી આખા ઘરને ખવરાવેલી. મહેમાનગતિમાં પણ મોકળાશ. આપણા ઘરે જે સાહજિકતાથી રહીએ તે જ સાહજિકતાથી તેમને ઘરે રહી શકાય. રાત્રે રવીન્દ્રનાથની, ગમતાં પુસ્તકોની, અંગત મિત્રોથી દુભાયા હોય તેની, મોટા સાહિત્યકારો સાથે થયેલા છીછરા અનુભવોની, સંગીતની એમ જાત જાતની વાતો ચાલે. સવારે પોતે વહેલા ઊઠી ગયા હોય તોય મને ન ઉઠાડે. ચાના સમયે હળવેથી હાથ મૂકી કહે ‘ચા પીશું ને ?’

ગયા વરસે સપ્ટેમ્બરમાં તખ્તસિંહજી પરમારના અવસાન પછી તેમના પુત્ર અને મારા મિત્ર મહેન્દ્રસિંહ પરમારને મોઢે થવા ભાવનગર ગયેલો ત્યારે જયંતભાઈના ઘરે – તેમના નવા ફ્લૅટે જ ઊતરેલો. વૃક્ષો અને પંખીઓથી ઘેરાયેલા નવા ઘરમાં ખુશ હતાં. ‘પ્રસાર’માં પણ તેમના leisure corner જેવો નાનકડો રૂમ હતો – અહીં આખું ઘર

હતું.પાછોતરા વરસાદી દિવસોમાં એ અમારી છેલ્લી મુલાકાત. ફોનથી વાત કરવામાં ઝોળો પડે પણ જ્યારે વાત થાય ત્યારે લાંબી વાત ચાલે ત્યારે વચ્ચેનો સમય ભૂંસાઈ જાય. હું પુનર્જન્મમાં માનતો નથી તેથી આ આયખા દરમ્યાન જ મળી ગયેલાનું મહત્ત્વ વધારે છે. દરેક સ્વજનના મૃત્યુની સાથે આપણે પણ આપણો એક અંશ એક ઉઘાડ ગુમાવતા જઈએ છીએ તેમ મેં પણ મારો એક અંશ ગુમાવ્યો છે – તે પણ કાયમ માટે.

સંસ્કારનગરી તરીકેની ઓળખ ધરાવતી ભાવનગર નગરીએ પોતાની એ ઓળખ જાળવી રાખી તે જયંતભાઈ જેવાઓને કારણે. થાય કે આપણે એક તીર્થસ્થાન ગુમાવ્યું. ઘણી વાર થતું કે અમારે એક જ શહેરમાં રહેવાનું થયું હોત તો ઘણું મળી શકાયું હોત. મેળવી શકાયું હોત. છતાં પણ તેમની પાસેથી જે સ્નેહ, કેટલાક વિશિષ્ટ સંસ્કારો અને થોડો આદર મળ્યા છે તેનું મૂલ્ય કાંઈ ઓછું નથી. પુનરુક્તિદોષને વહોરીને પણ મેં અન્યત્ર ટાંકેલી રવીન્દ્રનાથની પંક્તિ ફરી ટાંક્યા વગર રહી શકતો નથી. ‘કત અજાનારે જાનાઈલે તુમિ...’ – કેટકેટલાં અપરિચિતોને તેં પરિચિત બનાવ્યા, કેટકેટલાં ઘરમાં, હૃદયમાં તેં સ્થાન આપ્યું.’

## લોકસાહિત્યના જ્ઞાનકોશ : હસુ યાજ્ઞિક

(જ.તા. ૧૨-૨-૧૯૩૮, અવસાન તા. ૧૦-૧૨-૨૦૨૦)

**હર્ષદ ત્રિવેદી**



**જા**મનગરની ડી.કે.વી. કૉલેજમાંથી બદલી થવાથી હસુભાઈ યાજ્ઞિક સુરેન્દ્રનગરની એમ. પી. શાહ આર્ટ્સ કૉલેજમાં આવ્યા ત્યારે હું બી.એ.ના છેલ્લા વર્ષમાં હતો. સત્ર પૂરું થવામાં જ હતું અને એ આવ્યા. અભ્યાસક્રમ લગભગ પૂરો જ થઈ ગયો હતો, છતાં એમણે અમને શરદબાબુની ‘વિપ્રદાસ’ નવલકથા ભણાવી અને થોડા મહત્ત્વના મુદ્દાઓ પણ લખાવ્યા. તંત્ર સામે થોડા નારાજ હતા, કેમ કે એમને જવું હતું અમદાવાદ કે ગાંધીનગર અને અહીં અડધે રસ્તે સુરેન્દ્રનગર આવી પડ્યા ! અમને

વિદ્યાર્થીઓને તો અધ્યાપક ઉપરાંત તેઓ લેખક પણ છે એનો આનંદ. હું કવિતાઓ લખું છું એવું જાણ્યું એટલે એમણે સંપાદિત કરેલું પુસ્તક 'ફૂટતી પાંખોનો પહેલો ફફડાટ' મને ભેટ આપેલું. સામાન્ય રીતે વિદ્યાર્થીઓ નવા આવનાર અધ્યાપકને જલદી સ્વીકારતા નથી, કાઠિયાવાડી દરબારો તો પોતાનો વિશિષ્ટ પરિચય પણ આપે ! પરંતુ હસુભાઈએ વર્ગમાં આવીને પહેલે દિવસે જ વાર્તારસમાં અમને તરબોળ કર્યા હતા. એમનો અવાજ થોડો ધીમો, અનંતરાય રાવળસાહેબની પરંપરાનો. મને યાદ છે એ વખતના અધ્યાપકો વસ્ત્રોની બાબતે બહુ સભાન નહોતા, પણ હસુભાઈ આકર્ષક અને નવી ફૅશનનાં વસ્ત્રો પહેરતા. બેલબૉટમ પૅન્ટ, લાંબું શર્ટ અને મોટા કૉલર. પગમાં ઊંચી એડીના બૂટ. અણીદાર નાક અને તેજસ્વી આંખો ઉપર ગુલઝારની ફિલ્મનો નાયક પહેરે એવી જાડી કાળી ફ્રેમનાં ચશ્માં. નાક અને ચિબૂક આકારમાં એકબીજાંની સ્પર્ધા કરે. ઊંચાઈ પણ સારી એવી. વર્ગમાં આવે ત્યારે હાથમાં એક-બે પુસ્તકો અને નોટબુક હોય જ. ધીમી પણ મક્કમ ચાલ એ એમનો વિશેષ.

પછી તો હું એમ.એ. કરવા અમદાવાદ આવ્યો અને ભણતાં ભણતાં જ ગુજરાતી સાહિત્ય પરિષદના કોશકાર્યાલયમાં નોકરીએ લાગ્યો પણ એમની સાથેનો સંપર્ક કાયમ રહ્યો. શનિ-રવિમાં તો અમારા ધામા એમના ઘેર વિદ્યાનગરમાં જ હોય. ટાણેકટાણે પણ હસુભાઈએ અને હસુબહેને અમને જમાડવામાં ક્યારેય પાછું વળીને જોયું નહોતું. વેકેશનમાં હસુભાઈ કોશકાર્યાલયમાં જ હોય. એ વખતે મધ્યકાળનું કામ ચાલે. એમને જે વિષયનાં અધિકરણો સોંપાયાં હોય એને લગતાં સંદર્ભકાર્ડ અને પુસ્તકો અમે તૈયાર જ રાખ્યાં હોય. વિશેષ ઉપરની પક્કડને કારણે હસુભાઈ ફટાફટ લખે. એમનું લખવાનું એક વાર શરૂ થાય પછી ચાના પ્રલોભન સિવાય રોકાય નહીં. શરૂઆતની થોડી લીટીઓ સીધી ચાલે પણ પછી બધી લાઇનો નીચે ઊતરતાં ત્રાંસી થતી જાય. એમની ઝડપ જોઈને એક વાર જયંતભાઈ કોઠારીએ કહેલું કે – 'એમનું ચાલે તો હસુભાઈ એકલા જ કોશ પૂરો કરી દે !' એમના ઉત્સાહનું કારણ તો એ કે મધ્યકાલીન સાહિત્યનો ઊંડો અભ્યાસ અને ભાયાણીસાહેબ જેવા એમના ગુરુ. એટલે એમને તો ભાવતું'તું ને વૈદ્યે બતાવ્યા જેવું થયેલું. એ ગાળામાં જ ગુજરાત સાહિત્ય અકાદમીની સ્થાપના થઈ અને યાજ્ઞિકસાહેબ એના પહેલા મહામાત્ર નિમાયા. બધું એકડે એકથી જ શરૂ કરવાનું હતું. અનેક અવરોધોની વચ્ચે એમણે રાતદિવસ જોયા વિના આખું તંત્ર ઊભું કર્યું. જોકે એમને માધવસિંહ સોલંકી, પ્રબોધ રાવળ અને મોહમ્મદ માંકડસાહેબનું પીઠબળ હતું એટલે થોડું સરળ પણ રહ્યું.

મને અકાદમીમાં લઈ જનાર જ યાજ્ઞિકસાહેબ. એટલું બધું કામ કરાવે કે નોકરી કરીએ છીએ એનો સતત અહેસાસ રહે. ગુસ્સો પણ ઘણો. કંઈ ભૂલ થઈ હોય તો આપણી સામેય ન જુએ. મૌન થઈ જાય એટલે સમજી જવાનું. એમના મોઢેથી નીકળેલા શબ્દને છેલ્લો શબ્દ માનીએ તો જ આખી યોજના સમજાય. સતત સાથે રહેવાને કારણે અમે ચારપાંચ જણ એમની પરિભાષાને બરોબર સમજી ગયેલા. એક વાર કહે : 'પેલું

આજે પતવું જ જોઈએ. તું પેલામાંથી પેલું લઈ આવ ને પેલું કરીને પેલાને બતાવીને અહીં આવ. પેલાને મોકલી દઈએ !' પ્રથમ પેલું એટલે મંજૂર કરાવવાની યોજના. બીજું પેલું એટલે ગઈ કાલવાળી ફાઇલ. ત્રીજું પેલું એટલે કચેરીનોંધ. ચોથું પેલું એટલે તારે જ ટાઇપ કરવાનું. પાંચમું પેલું એટલે હિસાબી અધિકારી અને છઠ્ઠું પેલું એટલે શિક્ષણવિભાગ ! આટલું સમજવામાં જો થાપ ખાધી તો આવી બન્યું !

મારા પ્રત્યે એમનો વાત્સલ્યભાવ ઘણો. અચાનક આપણી જગ્યાએ આવી જાય ને કહે – 'ઊભો થા. આજે તો હસુબહેને આખાં રીંગણાંનું શાક બનાવ્યું છે.' હાથ પકડીને એમની ચેમ્બરમાં લઈ જાય અને અમે બંને જમીએ. જમ્યા પછી અર્ધું પાન પણ ખવરાવે ! એ અમારી પાસે એટલું બધું કામ કરાવે કે ક્યારેક એમ લાગે કે આ સાહેબ તો આપણું શોષણ કરે છે. પણ, આટલાં વર્ષે સમજાય છે કે એ એક તાલીમ હતી. યાજ્ઞિકસાહેબ બોલે ને મારે લખવાનું. મૂળે અધ્યાપક, એટલે ચેમ્બરમાં ચાલતાં ચાલતાં બોલે. ક્યારેક એમ લાગે કે એ આપણી પ્રદક્ષિણા કરે છે ! એમની નજર મારા દોડતા હાથ ઉપર જ હોય. ક્યારેક અડધું જ બોલે ને કહે કે તું પૂરું કરી લેજે. હું લખું એટલે જોડણીની ચિંતા એમને ન હોય. એટલું બધું લખાવે કે થકવી નાખે. એક કામ હાથમાં લીધું એ પૂરું ન થાય ત્યાં સુધી એમને ચેન ન પડે. અકાદમીનું બંધારણ અક્ષરશઃ એમણે મારી પાસે સાત વાર લખાવ્યું હતું ! સ્વાયત્તતા અને બિનસ્વાયત્તતાના બે કાંઠા વચ્ચે સામે પૂરે તરવાનું હતું છતાં એમણે સાહિત્યના વ્યાપક હિતમાં જ બધી યોજનાઓ બનાવી અને એને સ્થાયી રૂપ આપ્યું. ચૌદેક વર્ષ એમના હાથ નીચે કામ કરવામાં એમ કહી શકાય કે વહીવટી અને સાહિત્યિક કોઈ અનુભવ બાકી ન રહ્યો.

વિશ્વાસ એ એમનું બળ હતું. આત્મવિશ્વાસ અને બીજા ઉપર મૂકેલો વિશ્વાસ. એક પ્રસંગ તો જાહેરમાં મૂકતાં સંકોચ થાય એવો છે. એક વખત એવું બન્યું કે, અમુક ખાનગી નોંધ વિભાગને તાત્કાલિક મોકલવી પડે એમ હતું. યાજ્ઞિકસાહેબ આવે અને સહી કરે કે તરત મોકલી દેવાય એ હદે બધું જ તૈયાર રાખ્યું હતું. અચાનક એવું બન્યું કે એમને કોઈ કારણસર અમદાવાદ રોકાઈ જવું પડ્યું. ગાંધીનગર આવી શકે એવી સ્થિતિ નહોતી. હિસાબી અધિકારી ઉપર એમનો ફોન આવ્યો ને સૂચના આપી કે નોંધ મોકલી દો. હિસાબી અધિકારી કહે કે બધાંમાં મારી સહી થઈ ગઈ છે. સામેથી જવાબ આવ્યો : 'મારી સહી હર્ષદ કરી આપશે ! એને ફોન આપો.' મેં નમસ્તે કર્યા એટલે ધીમેથી બોલ્યા : 'પેલામાં તું સહી કરી દેજે.' આ વાત અમે ત્રણ જણ જાણતા હતા. યાજ્ઞિકસાહેબના સન્માન વખતે મેં યાદ કરાવ્યું તો હસી પડ્યા ! એમને માટે તો કામ થાય એ વાત જ અગત્યની. આંધળો વિશ્વાસ પણ મૂકે અને કોઈનેય શંકા ન જાય ત્યાં એમને શંકા પડે એટલા સતર્ક પણ ખરા.

હસુભાઈ લોકસાહિત્યના અભ્યાસમાં જોડાયા એ પૂર્વે નવલકથાકાર અને વાર્તાકાર તરીકે ઓળખતા. ખાસ તો 'દગ્ધા', 'હાઈવે પર એક રાત', 'દીવાલ પાછળની દુનિયા', 'જેલરની ડાયરી' વગેરે લોકપ્રિય કૃતિઓ. એમની એ બધી કૃતિઓ મોટા વાચકસમૂહ

માટેની હતી. સસ્પેન્સ, થ્રિલર અને એવું બધું. પરંતુ એમાંય સુરેખ પાત્રાલેખન, સૂક્ષ્મ માનવીય સંવેદનાઓ અને ઘટનાઓનાં વિશદદીર્ઘ આલેખનને વાચકો ઉત્સાહથી વધાવતાં. ભાયાણીસાહેબના સૂચન અને આગ્રહને કારણે જ એમણે લોકસાહિત્યમાળાના મણકાઓનું પુનર્ગઠન કરવાનું સ્વીકાર્યું. વિષય પ્રમાણે નવેસરથી ગોઠવણી કરી. આગળ સ્વતંત્ર પુસ્તિકા જેવા અભ્યાસલેખો લખ્યા. ખરું તો એમ કે મારી પાસે લખાવ્યા. કોઈ ગીતનો ઢાળ એમને ન બેસે તો મારી પાસે ગવડાવે. અમે બંને નિષ્ફળ જઈએ ત્યારે ભાયાણીસાહેબ કે ડાહ્યાભાઈ વાઢુ મદદે આવે. એ માળાના મણકાઓમાં ઘૂસી ગયેલી કેટલીયે આધુનિક રચનાઓને અમે અલગ તારવી અને ખાતરી કરીને દૂર પણ કરી. પાઠાન્તરો પણ નોંધ્યાં. ત્યારથી માંડીને, જીવ્યા ત્યાં સુધી એમ સમજોને કે એ લોકસાહિત્યના હરતાફરતા જ્ઞાનકોશની ગરજ સારતા હતા.

એમના નામે સોથી વધારે પુસ્તકો હશે. બધાંની યાદી આપવાનો ઉપક્રમ અહીં નથી. પરંતુ કેટલાંક પુસ્તકો તરત યાદ આવે. ‘મધ્યકાલીન ગુજરાતી પ્રેમકથાઓ’, ‘મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્ય’, ‘શ્રેષ્ઠ ભારતીય કથાનકો’, ‘લોકસાહિત્ય : વિભાવના અને પ્રકાર’, ‘ગુજરાતી લોકગીત’ અને ‘આદિવાસી લોકસાહિત્યનો ઇતિહાસ’. આ ઉપરાંત પદ-ભજનનાં સ્વરાંકનોની શ્રેણી અને સંગીતવિષયક ગ્રંથો મુખ્ય ગણાય. જોઈ શકાશે કે એમણે અવિરામ કામ કર્યું છે. હસુભાઈને ભાયાણીસાહેબની પરંપરા આગળ ધપાવનાર અગ્નિહોત્રી કહી શકાય.

આમ તો એમને લગભગ બધી જ વિદ્યાઓમાં રસ. પરંતુ સાહિત્ય પછીનો એમનો મુખ્ય રસ તે સંગીત. હાર્મોનિયમ, સિતાર અને વાયોલિન જેવાં વાદ્યોનું પ્રાથમિક શિક્ષણ આપતાં પુસ્તકો પણ એમના તરફથી મળ્યાં છે. ગાંધર્વ વિદ્યાલય, પ્રવીણસિંહ જાડેજા અને શશિકાંત ગુંદાણી પાસેથી હસુભાઈ વાયોલિન વગાડતાં શીખ્યા હતા. ગમે તેટલાં કામમાં હોય તોપણ વાયોલિન માટે એમની પાસે સમય રહેતો. રાત્રે ત્રણ વાગ્યે તો સૂવા જાય. એમણે ક્યારેય મંચ પર આવવાની કોશિશ ન કરી. નિજાનંદે આંગળીઓ અને ગજ ફેરવતા રહ્યા. માલકૌંસ અને દરબારી એમના પ્રિય રાગ. અકાદમીમાં અમે ક્યારેક સંગીતની વાતે ચડી જઈએ. હસુભાઈ એક પછી એક ગીત ઉપાડે અને કયા રાગમાં છે અને એની શી ખૂબી છે એની વાત કરે. એક જ રાગ પર આધારિત અનેક ગીતોના સંદર્ભો આપતા જાય. સમાંતરે એ રાગો લોકગીતોમાં ક્યાં ક્યાં જોવા મળે છે એની પૂર્તિ પણ કરતા રહે. મોહમ્મદ રફીએ ગાયેલું ‘મન તડપત હરિ દર્શન કો આજ...’ માલકૌંસમાં જ કેટકેટલી રીતે ગાઈ શકાય એનું નિદર્શન એમણે ચાલતાં ચાલતાં જ આપેલું.

જામનગર હતા ત્યારે કરોડરજ્જુનું ઑપરેશન કરાવવું પડેલું. એ સમયે આજના જેવાં સાધનો નહોતાં. મોટો કાપ મૂકીને ઑપરેશન કરેલું. હસુભાઈ ભાનમાં તો આવી ગયા. બધું સારું જ હતું. પણ ડૉક્ટર ઘેર જવાની રજા ન આપે. હસુબહેનને ખ્યાલ આવી ગયો એટલે ડૉક્ટરને પૂછ્યું : ‘ડાબા હાથની આંગળીઓ સતત હલ્યા કરે છે એ વાતે

ચિંતિત છો ને ?' ડૉક્ટરે હા કહી એટલે કહે કે : 'તો તો એ નૉર્મલ છે. ચિંતા ન કરો. એમની આંગળીઓ વાયોલિન વગાડે છે !'

અકાદમીમાં એમનું વર્તન થોડું રુક્ષ લાગે. એમ લાગે કે એક સંવેદનશીલ સર્જક અને કડક અધિકારી વચ્ચે જંગ ચાલી રહ્યો છે. અમદાવાદમાં મારા ફૂવા વહેલી સવારે ગુજરી ગયા. પડોશીને ત્યાં આવેલા ફોનથી મને સંદેશો મળ્યો. સ્વાભાવિક જ હું ત્યાં ગયો. ઑફિસ તો સાડા દસે ખૂલે અને એ સમયે કોઈને ત્યાં ફોન તો ક્યાંથી હોય ? બીજે દિવસે હું ઑફિસે ગયો ત્યારે મારે માટે 'આકસ્મિક રજા' અગાઉથી મંજૂર કરાવ્યા વિના ગેરહાજર રહેવા બદલ મેમો તૈયાર હતો. એમને નિયમો સમજાવવાનો કોઈ અર્થ નહોતો. હું પણ હઠે ભરાયેલો. તે ફૂવાનું ડેથ-સર્ટિફિકેટ લાવીને આપ્યું. વાત કડે ચડી ગઈ. ન સાહેબ માને, ન હું. એક અઠવાડિયા સુધી યાદીઓ અને ખુલાસાઓ ચાલ્યા ! આની સામે – હું ઘણીયે વાર રિસેસમાં સચિવાલય જાઉં ને મિત્રો સાથે ચર્ચાઓમાં મોડું થઈ જાય. બે વાગ્યાનો ગયેલો સાડા ચારે પાછો આવું ત્યારે આખો સ્ટાફ યાજ્ઞિકસાહેબની ચેમ્બર ચીંધે. હું અંદર જાઉં એટલે ઘડિયાળ બતાવીને પૂછે : 'રિસેસ કેટલા કલાકની હોય ?' મારી પાસે એમને કહી શકાય એવું કોઈ કારણ તો હોય જ નહીં. એટલે પૂછું : 'સાચું કહું કે ખોટું ?' એટલે હસી પડે. પછી વિગતે વાત કરું કે સાહિત્યના અમુક મુદ્દે અમે ચર્ચાઓ કરતા હતા તે ખ્યાલ ન રહ્યો ! વાત સાંભળીને એ જ મુદ્દે પોતે ચર્ચા છેડે અને અમારી સાંજ પડી જાય !

એક વહીવટકાર તરીકે એમનામાં ઘણી કુનેહ હતી. માંકડસાહેબ, મનુભાઈ પંચોળી 'દર્શક', અને યશવંતભાઈ ઉપરાંત અનેક પ્રધાનો અને સચિવો સાથે એમણે કામ કર્યું. અકાદમીના મહામાત્ર તરીકેની કામગીરી તો બરોબર, પણ એમનો જીવ શિક્ષકનો હતો. સાહિત્ય અને સંગીત અંગે તમે પ્રશ્ન કરો એટલી જ વાર. પાંથીએ પાંથીએ તેલ નાખી આપે. કોઈ કહે કે ન કહે, પણ કેટલાયે અભ્યાસુઓને વિદ્વાન બનાવવામાં એમનો પ્રચ્છન્ન ફાળો છે. મેં તો નજરે જોયું છે કે ઘણા લોકોને આખેઆખાં ભાષણ કે લેખનનો મુસદ્દો એમણે આપી દીધો હોય. દીર્ઘસૂત્રતા અને ક્યારેક વિલક્ષણ વાક્યરચનાઓ એમનામાં જોવા મળે. વચ્ચે વચ્ચે રહી ગયેલો અવકાશ વાચકે સ્વમતિથી ભરવાનો રહે !

તેઓ નિવૃત્ત થયા એ પછી અમારી ગોષ્ઠિઓ ફોન પર ચાલે. વૉટ્સઍપ વાપરતા થયા એટલે વધારે મજા પડી. મને વિવિધ રાગ, ઠૂમરી, ભજનો અને સિમ્ફનીઓ મોકલે. હસુબહેનના અવસાન પછી થોડા એકલા થઈ ગયેલા. ગયા વર્ષે હું એમને મળવા ગયો ત્યારે કહે કે એક દિવસ આવી જા. હું તને સિતારવાદનની કેટલીક ટિપ્સ આપીશ. ભૂતકાળ વાગોળવાની એમને ટેવ નહોતી છતાં, એ દિવસે ઘણું ઘણું યાદ કર્યું. એમના જવાથી લોકસાહિત્ય અને સંશોધનક્ષેત્રે ઘણો મોટો અવકાશ ઊભો થયો છે. એમણે ભીંતે ભરાવેલી મશાલ હાથમાં પકડીને કોણ આગળ લઈ જશે તે એક પ્રશ્ન છે.

# મંગલેશ ડબરાલ : પહાડોમાંથી ઝરતો એક બુલંદ અવાજ | ભગવાન થાવરાણી



હિંદી ભાષાના મૂર્ધન્ય કવિ શ્રી મંગલેશ ડબરાલનું તાજેતરમાં નવમી ડિસેમ્બર ૨૦૨૦ના રોજ ૭૨ વર્ષની વયે અવસાન થયું. એમના નિધન સાથે હિંદી કવિતા-આકાશનો એક ઝળહળતો સિતારો જાણે ખરી પડ્યો.

ઉત્તરાખંડના ટેહરી ગઢવાલ વિસ્તારના ગામ કાફલપાનીમાં જન્મેલા મંગલેશ ડબરાલની શિક્ષા-દીક્ષા દેહરાદૂનમાં થઈ. પહાડોમાંથી રોજીરોટી ખાતર મેદાનોમાં ઊતરી આવેલા મંગલેશજીની કવિતાઓમાં પહાડ, નદી, પ્રકૃતિ અને ઘર સદાકાળ ધબકતાં રહ્યાં છે. ‘પહાડોની યાતનાઓ આપણી પાછળ છે, મેદાનોની આપણી આગળ.’ જર્મન કવિ બર્તોલ્ત બ્રેખ્તની આ કાવ્યપંક્તિ એમને બહુ પ્રિય હતી. કદાચ પહાડોમાં ન રહી શકવા બદલ અને મેદાનોને સહન ન કરી શકવા બદલ એ પંક્તિઓ એમને દિલાસો દેતી હશે !

અલગ-અલગ પત્રિકાઓમાં દિલ્હી, ભોપાલ, લખનૌ અને અલ્લાહાબાદ ખાતે વિવિધ ભૂમિકાઓ ભજવ્યા બાદ એમણે ૧૯૮૩માં દિલ્હી ખાતે હિંદી ‘જનસત્તા’માં સાહિત્ય-સંપાદકનું પદ સંભાળ્યું. એમનાં અંતિમ વર્ષોમાં એ નૅશનલ બુક ટ્રસ્ટ સાથે પણ સંકળાયેલા રહ્યા.

એમના સાત કવિતા-સંગ્રહો પ્રગટ થયા : ‘પહાડ પર લાલટેન’, ‘ઘર કા રાસ્તા’, ‘હમ જો દેખતે હૈં’, ‘આવાઝ ભી એક જગહ હૈ’, ‘નએ યુગ મેં શત્રુ’, ‘સ્મૃતિ એક દૂસરા સમય હૈ’ અને ‘મુઝે દિખા એક મનુષ્ય’. એમની કવિતાઓ ભારતીય ભાષાઓ ઉપરાંત અંગ્રેજી, રશિયન, જર્મન, સ્પેનિશ, પોલિશ અને બલ્ગેરિયન ભાષાઓમાં અનુવાદિત થઈ ચૂકી છે. તેઓ કવિતાઓ ઉપરાંત સિનેમા, સંચાર-માધ્યમો અને સંસ્કૃતિ વિશે પણ નિયમિત રીતે લખતા રહ્યા. બર્તોલ્ત બ્રેખ્ત અને પાબ્લો નેરુદા સહિત અનેક કવિઓની કવિતાઓના માર્મિક અનુવાદો પણ એમણે હિંદીમાં કર્યા. અરુંધતી રાયના ઉપન્યાસ ‘મિનિસ્ટ્રી ઑફ અટમોસ્ટ હૅપ્પીનેસ’નું એમણે કરેલું ભાષાંતર ખૂબ જ લોકપ્રિય નીવડ્યું. એમનો સૌંદર્યબોધ સૂક્ષ્મ હતો અને ભાષા પારદર્શક.

સાહિત્ય અકાદમી પુરસ્કાર (સન ૨૦૦૦) ઉપરાંત એમને અનેક પ્રતિષ્ઠિત સાહિત્યિક સન્માનોથી વિભૂષિત કરવામાં આવ્યા.

એમને હાર્દિક શ્રદ્ધાંજલિ સહિત પ્રસ્તુત છે એમની બે કવિતાઓના ભાવાનુવાદ :

## ૧. અહીં હતી એ નદી

**એ જલદીથી પહોંચવા માંગતી હતી**
**એ જગાએ**
**જ્યાં એક માણસ**
**એના જળમાં નહાવા આતુર હતો**

**એક નાવ લોકોની પ્રતીક્ષામાં હતી**
**અને પક્ષીઓનું ઝુંડ આવી રહ્યું હતું**
**પાણી શોધવા**

**બાળપણની એ નદીમાં**
**અમે પોતાના ચહેરાઓનું**
**હલન-ચલન નીરખતાં**
**એના જ કિનારે હતાં**
**અમારાં ઘર**

**કાયમ ઊછળતી**
**પોતાના કિનારા અને ખડકોને ચાહતી**
**એ નદીથી જ**
**શરૂ થતા અમારા દિવસો**

**એનો અવાજ**
**બધીય બારીઓમાંથી સંભળાતો**
**એનાં મોજાંઓ દરવાજા ખખડાવતા**
**જાણે બોલાવતા હોય નિરંતર**

**અમને યાદ છે**
**અહીં હતી નદી, આ જ રેતીમાં**
**જ્યાં અમારા ચહેરા હલતા દેખાતા**
**અહીં જ હતી એ પ્રતીક્ષારત નાવ**

**હવે ત્યાં કશું જ નથી**
**કેવળ રાતે**
**જ્યારે લોકો નીંદરમાં હોય**
**ક્યારેક એક અવાજ સંભળાય**
**રેતીમાંથી...**

## ૨. ખોવાયા છે

શહેરનાં પેશાબ-ઘરો
અને અન્ય લોકપ્રિય જગ્યાઓએ
એ ખોવાયેલા લોકોની શોધખોળના પોસ્ટર
હજી પણ ચોંટાડેલા દેખા દે છે
જે અનેક વર્ષો પહેલાં
દસ કે બાર વર્ષની ઉંમરે
નીકળી ગયા હતા ઘરેથી
કહ્યા વિના

પોસ્ટરોમાં દર્શાવ્યા અનુસાર
એમનો બાંધો મધ્યમ
અને વાન ઘઉંવર્ણો કે શ્યામ છે
હવાઈ પગરખાં પહેરેલાં
ચહેરા પર વાગ્યાનું નિશાન
અને એમની માઓ
એમના વિયોગમાં રડ્યે રાખે છે

પોસ્ટરોના અંતે એવું પ્રલોભન પણ હોય
કે ખોવાયેલ જણનો પતો આપનારને
ઉચિત ઈનામ અપાશે

તેમ છતાં
એ લોકો જડતા નથી
પોસ્ટરોમાં છપાયેલા એમના ઝાંખા-પાંખા ફોટાઓ સાથે
એમના ચહેરા મેળ નથી ખાતા
એમના ચહેરાઓ ઉપરની પ્રારંભિક ઉદાસી ઉપર
હવે હાડમારીઓના પ્રહારોનાં ચિહ્નો છે
શહેરની તાસીર અનુસાર
બદલાઈ ચૂક્યા છે
એમના ચહેરા

ઓછું ખાતા, ઓછું સૂતા, ઓછું બોલતા
નિરંતર પોતાનું સરનામું બદલતા
સીધા અને આકરા દિવસો એકસરખા વિતાવતા
એ લોકો હવે જુદી જ દુનિયામાં છે

થોડાક કુતૂહલ સાથે
પોતે ખોવાયાનાં પોસ્ટરો પોતે જ નીરખતાં
જે એમનાં માતા-પિતા હજુ પણ છપાવ્યે રાખે છે
અને જેમાં હજી પણ દેખાડાય છે એમની ઉંમર
દસ કે બાર વર્ષ... ❑

# સામાજિક તખ્તા પરનો બળકટ અવાજ

પન્ના ત્રિવેદી

**અ**નુઆધુનિક સમયગાળામાં ત્રણ પ્રકારની ધારાઓ સાહિત્યલેખનમાં જોઈ શકાય છે - નારીવાદ, દલિતવાદ અને દેશીવાદ. ઇતિહાસ તથા સંસ્કૃતિ સાક્ષી છે કે વિભિન્ન કારણોસર, રૂપાળા લેબલો હેઠળ 'સ્ત્રી'ને 'સહનશીલતાની મૂર્તિ', દેવી કહો કે કેવળ 'સ્ત્રી' તરીકે રાખવામાં આવી, માનવામાં આવી. 'હ્યુમન' તરીકે નહીં. અમુક ચોકઠાંમાં તેને બાંધી દેવાના પરિણામે સ્ત્રીનું અસ્તિત્વ ક્રમશઃ હાંસિયામાં ધકેલાતું ગયું. અસ્તિત્વ જાગૃતિના પરિણામ સ્વરૂપે વિશ્વમાં નારીવેદનાનું એક આંદોલન પ્રગટ્યું અને આરંભાય છે નારીઅસ્મિતા માટેનો સંઘર્ષ. વિશ્વની 'અડધી આબાદી' ગણાતી જાતિએ પોતાની ઓળખ માટે એક આંદોલન ચલાવવું પડે એથી મોટી બીજી કઈ કરુણતા હોઈ શકે ? આ આંદોલન ભારતની સર્વ ભાષાઓ પર પણ પ્રભાવ પાથરે છે. પશ્ચિમ અને પૂર્વના દેશોમાં આ વાદ એકાધિક સ્તરે વિસ્તર્યો છે. સમય જતાં સર્જકોએ લૈંગિક, ભાષાકીય, મનોવિશ્લેષણાત્મક અને સાંસ્કૃતિક જેવી નારીવિવેચનની ચાર પદ્ધતિઓ પણ વિકસાવી છે. નારીલેખનની ભિન્નતા અને પરંપરા સંદર્ભે કેન્દ્રસ્થાને 'ફેમિનિન', 'ફેમિનિસ્ટ' અને 'ફિમેલ' સંદર્ભે નારીલેખનના ત્રણ તબક્કાઓની ચર્ચા રહી છે.'સાત પગલાં આકાશમાં' જેવી કૃતિનો સાંપ્રત સમયમાં ઈકો-ફેમિનિઝમના દૃષ્ટિકોણથી અભ્યાસ થયો જ છે! નારીવાદનું લક્ષ્ય છે સ્ત્રીપુરુષના સંદર્ભે માનવસમાજનાં બેવડાં ધોરણોએ સર્જેલી અસમતુલા અને તેના વિશેની જાગ્રત થયેલી નારીસભાનતા. નારીવાદી અભિગમ એટલે સ્ત્રીની આત્મનિર્ભરતા, સ્ત્રીની સ્વસ્થ, સમતોલ, જીવનપોષક દૃષ્ટિ જે એને સ્વમાનની રક્ષા કરતા શીખવે. ગુજરાતી સાહિત્યમાં મહદ્અંશે બે સ્તરે નારીવાદનું આલેખન જોઈ શકાય છે. એક તો સ્ત્રીશોષણના આલેખન સંદર્ભે તથા બીજું સ્ત્રી પોતાના શોષણ પરત્વે જાગ્રત થઈને વિદ્રોહ કે બળવારૂપી પ્રતિક્રિયા રૂપે. ક્યાંક પુરુષસમાજ અને પુરુષની માનસિકતા પ્રત્યેનો આક્રોશ છે તો ક્યાંક નારીવાદનું સ્વસ્થતાથી થયેલું નિરૂપણ છે. ઈ.સ. ૧૯૬૦ પછીના કથાસાહિત્યમાં સ્ત્રીઆલેખનનું ચિત્ર પરિવર્તિત થયેલું જોવા મળે છે. ઈ.સ. ૧૯૬૫ની આસપાસ બદલાયેલ આબોહવા જોઈ શકાય છે. રઘુવીર ચૌધરીની 'અમૃતા' જેવી નવલકથામાં અમૃતા પોતાના જીવનમાં પસંદગી કરવાનો હક પોતાની પાસે રાખે છે. આપણે ત્યાં ગુજરાતી નવલકથામાં નારીવાદી કૃતિની વાત આવે છે ત્યાં 'સાત પગલાં આકાશમાં'નું નામ ગુજરાતી વાચકને જીભે તરત જ આવવાનું. પણ તે પહેલાં ઈ.સ. ૧૯૮૨માં 'બત્રીસ પૂતળીની વેદના' જેવી સૌપ્રથમ સ્ત્રીકેન્દ્રી નવલકથા આપણને ઇલા આરબ મહેતા પાસેથી મળે છે. આ કૃતિમાં મૂળ વાર્તાના સંદર્ભે નારીવાદી અભિગમથી તપાસતાં લેખિકાએ લખ્યું છે : 'સિંહાસનો ફક્ત પુરુષો માટે હોય. સ્ત્રીઓ

એ કેવળ સિંહાસનની શોભા વધારનારી પૂતળીઓ હોય, જેનું કામ ફક્ત પુરુષોની ગુણકથા ગાવાનું હોય ત્યાં પૂતળીઓ પોતાની વેદનાને વાચા આપે ત્યારે સર્જાય છે ‘બત્રીસ પૂતળીની વેદના’.

એક રીતે જોવા જઈએ તો ‘બત્રીસ પૂતળીની વેદના’ નવલકથા ફેમિનિન, ફેમિનિસ્ટ એન ફિમેલ એમ નારીવાદી વિચારધારાના ત્રણેય તબક્કાઓને સમાવતી કૃતિ છે. નારીવાદના આ ત્રણેય તબક્કામાં અનુક્રમે પ્રથમ તબક્કામાં સમાન મનુષ્યો માટે સમાન અધિકારોની માંગ છે. બીજા તબક્કામાં આક્રોશ અને વિદ્રોહ મુખ્ય છે. પુરુષ અને પુરુષસત્તાનો વિરોધ એ મુખ્ય લક્ષણ છે. ત્રીજા તબક્કામાં સ્ત્રી તેના મનને, તેની ભીતરના સર્જકત્વને સમજવા પ્રયાસ કરે છે. ‘બત્રીસ પૂતળીની વેદના’માં કેવળ મનુષ્ય તરીકે પ્રસ્થાપિત થવાની સ્ત્રીઝંખના છે; પરંપરાગત, શ્વાસ રૂંધી નાંખતી રૂઢિઓ ફગાવી દેવા પ્રત્યેનો એક વિદ્રોહ અને પુરુષમાનસિકતા પ્રત્યે એક આક્રોશ પણ છે તો સાથે ભીતરના સર્જકત્વની ઓળખ પણ છે. વળી નારીવાદીઓનો એક એવો મત પણ ખરો કે સ્ત્રીઓ જ સ્ત્રીઓની લાગણીઓને વધુ પ્રમાણિકતાથી કે વધુ સારી રીતે રજૂ કરી શકે છે. અલબત્ત આ વિધાનને આત્યંતિક રૂપે લઈએ તોપણ આ નવલકથા સંદર્ભે આ મત સુપેરે સિદ્ધ થતો જણાય છે. આ એક એવી નવલકથા છે જેમાં કેવળ ‘સ્ત્રી’ હોવાને કારણે સમાજમાં જે પીડા સહેવી પડે છે તે સર્વ પ્રકારની વ્યથાઓની કથાઓ અહીં નોખી રચનારીતિના માધ્યમથી આપણી સમક્ષ આવે છે. ઈલાબહેને ધર્મસત્તાને લક્ષ્ય બનાવી પુરુષપ્રધાન સમાજ પર તથા તેની માનસિકતા પર પ્રહાર કર્યો છે. આશ્ચર્ય એ થાય છે કે શ્રી જનાર્દન પાઠકે ‘પરબ’ ૧૯૮૭, ૪-૫ના અંકમાં ‘બત્રીસ પૂતળી વેદનાનો ટેક્નિક કિસ્સો’ શીર્ષક હેઠળ લખેલા લેખમાં આ નવલકથાને પોંખતાં તેની રચનારીતિને ર. વ. દેસાઈની નવલકથાને અનુસરનારી સામાન્ય પરંપરાગત ગણી છે, જેને એક ‘સ-રસ કિસ્સો’ ગણી ‘ટેક્નિક કિસ્સો’ ગણી ‘ટેક્નિક’ કહીએ એવું કશું જ દેખાતું નથી..’ એવું વિધાન કર્યું છે. મારા મતે આ નવલકથાની ખૂબી તેની રચનારીતિમાં છે અને આધુનિક, પ્રાચીન તથા પૌરાણિક સંદર્ભમાં વણી લઈને નારીમુક્તિની ઝંખનાના વિષયને નવ્ય અર્થસંદર્ભો સાથે અભિવ્યક્ત કરે છે તેમાં પણ છે. આટઆટલાં પાત્રો અને દરેક પાત્ર સાથે જોડાયેલ સાંપ્રત સમયના સમાજની સમસ્યાઓનું કલાકીય રીતે કથામાં ગૂંફન કરવું એ કઠિન તો ખરું. ઈલા આરબ મહેતા પોતે નવલકથાકારની કેફિયત સંદર્ભે લખે છે : ‘મારી નવલકથાઓ ‘થીજેલો આકાર’, ‘દરિયાનો માણસ’, ‘આવતી કાલનો સૂરજ’, ‘બત્રીસ પૂતળીની વેદના’ કે ‘ધી ન્યૂ લાઈફ’ અને અન્ય કૃતિઓમાં તદ્દન નવી વાર્તા રચવાનો કહેવાનો આગ્રહ રાખ્યો છે.’ વળી તેમના કહેવા પ્રમાણે ‘આધુનિકતા’ના નામે વાચક ગોથાં ખાય તેવી પ્રયોગખોરી તેઓ ટાળે છે. આ નવલકથામાં આલેખાયેલાં પાત્રો સામાન્ય તોય અસામાન્ય, પ્રસંગો સાધારણ તોય અસાધારણ રૂપે નવલકથાની કલાકીય શરત પૂર્ણ કરવા પ્રયાસે છે. આ નવલકથાનો કથાપિંડ કેવી રીતે બંધાય છે ? તો એનો ઉત્તર છે, ન ધારેલા સંદર્ભોમાંથી ઉદ્ભવેલી આ નવલકથાની રજૂઆતરીતિ, દશ્યો, સંવાદો કૉલેજથી બસમાં ઘેર જતી વેળાએ ઘોડાપૂરની જેમ ધસી આવે છે અને લખાય છે – બત્રીસ પૂતળીની

વેદના.

આપણે જ્ઞાનની સદી,પરિવર્તનની સદી કે આધુનિક સમયસંદર્ભ કહીએ છીએ ત્યાં પણ એ પ્રશ્ન તો અકબંધ જ રહે છે કે સમાજ વચ્ચે ક્યાં છે સ્ત્રીનું સ્થાન ? વર્ષ ૧૯૮૩ના ૨-૩ ‘પરબ’ વિશેષાંકમાં ઈલા પાઠક કહે છે તેમ : ‘સ્ત્રીને દેવી કહીને ઊંચે સ્થાપી માનવસહજ વિચારણામાંથી બાકાત રખાય છે. સ્ત્રી વિશે આવા પ્રકારનું નિરૂપણ કરવાનું વલણ મને તો દેખાય છે!’ (પૃ. ૧૧૯). જોકે એ પૂર્વેના જ વર્ષમાં પ્રગટ થયેલી આપણને એક એવી નવલકથા મળે છે જ્યાં એકાધિક સ્ત્રીઓના સંવેદનને વણી લઈ મોટાભાગની સમસ્યાઓ તરફ લક્ષ્યવેધ કર્યો છે. એટલે કહેવાનું મન થાય કે ‘બત્રીસ પૂતળીની વેદના’ એ ‘સ્ત્રી’ સાથે જોડાયેલી તમામ સંવેદનાઓનું ઝીણું બેનમૂન વણાટકામ છે. રેશમી વણાટકામ નહીં, આંખને અડાડો તો જરાક ખૂંચે તેવું અને તોય હાથમાં લીધા પછી મૂકવાનું મન ન થાય તેવું.

પ્રાયઃ દરેક સમાજિક નવલકથાના પ્રધાનપદે કોઈ નાયક હોય કે કોઈ નાયિકા હોય છે. આ નવલકથાની નાયિકા કોણ ? મને લાગે છે કે આ કૃતિના અંતે આ પ્રશ્નના ઉત્તરમાં આપણને એકાધિક નામ મળી રહે – બડી અમ્મા ? છાયા ? રેખા ? વિભાવરી ? કામવાળી ? અભિધાની રીતે કે સ્થૂળ રીતે આ નવલકથાની નાયિકા અનુરાધા છે જેના નિમિત્તે બીજી સ્ત્રીઓની જીવનકથાઓ સંકળાતી જાય છે. પણ જોવા જાવ તો અહીં ઉપયુક્ત સઘળી નાયિકાઓ પ્રધાન રૂપે અનુભવાય છે. અનુરાધા રશેસ શાહ  એક ગૃહિણી છે, સાથે લેખિકા પણ છે. તે પતિની અટક ઉપયોગમાં લીધા વિના કેવળ પોતાના પૂર્વવત્ નામ અનુરાધા ગુપ્તાથી લખે છે. તેને ભીતર રહેલા ‘સર્જક’ને જીવંત રાખવામાં, ટકાવી રાખવામાં વધુ રસ છે. ‘અનુરાધા ગુપ્તા’ને જિવાડવામાં અનુરાધા ગુપ્તા સિવાય કોઈને રસ નથી. ઘરની જવાબદારી બની રહેતી સ્ત્રી પોતાના માટે જીવાદોરી બની શકતી નથી. પતિને પત્નીની સર્જકતા સાથે કે તેની ભીતર ધબકતી જીવંતતા સાથે કોઈ જ નિસબત નથી. લગ્ન પૂર્વે રશેસ માટે ‘રાધા’ હતી તે લગ્ન પછી ક્રમશઃ કેવળ ‘અનુ’ બનીને રહી જાય છે તેમાં જ અનુરાધાના દામ્પત્યજીવનનો ચિતાર મળી રહે છે. ‘અનુ’નો એક અર્થ ‘પાછળ પાછળ’ આવવું. આ સ્ત્રી ‘બંધન તૂટ્યા’ (શીર્ષક ઘણું સૂચક છે!) જેવી પ્રથમ નવલકથા લખે છે ત્યારે વાચકોની ભરપૂર પ્રશંસા પામતી આ સ્ત્રીને પતિ તરફથી કેવળ નકારાત્મક પ્રતિભાવ મળે છે. તેનું કારણ છે આ નવલકથામાં અનુરાધાએ સ્ત્રીઓની દબાઈ ગયેલી જાતીય વૃત્તિનું આલેખન કર્યું છે માટે. એટલે જ રશેસનો મિત્ર પ્રદીપ જ્યારે એક સવારે અભિનંદન આપવા આવે છે ત્યારે રશેસ નવલકથા પર છાપું ઢાંકી દે છે. આ ‘ઢાંકવું’, અને તેની ક્રિયા પતિના મનોગતને, વૃત્તિને ઉઘાડી કરે છે. આ પતિ તો કહે છે : ‘અનુ, તું મને જોઈએ એવો સાથ નથી આપતી હોં...? મારી કલ્પના પ્રમાણેની આદર્શ જીવનસંગિની તરીકે ઘડવાના મારા પ્રયત્નો છે...’ ત્યારે અનુરાધા વિચારે છે : ‘એ શું માટીનો એક લોંદો હતી, જેમાંથી એક પુરુષને મન ફાવે તેવો આકાર ઘડવાની છૂટ આપી ?’ સ્ત્રીની સહુથી મોટી વ્યથા તો એ જ છે કે ઘર તથા સમાજને જીવંત રાખતી સ્ત્રીએ પુરુષોએ આકારિત કરેલી, નિયંત્રિત કરેલી સૃષ્ટિમાં શ્વસવાનું છે. તે વ્યક્તિસ્વાતંત્ર્ય

ઝંખે છે પણ અંગત સમસ્યાઓ તેને રૂંધે છે. આ જ અનુરાધા નિમંત્રણ છતાં એક શિબિરમાં જઈ નથી શકતી. એક સંપાદક સમસ્ત સ્ત્રીજાતિ માટે 'ઘરકૂકડી' જેવો શબ્દપ્રયોગ કરે છે. સમારંભોમાં કે સાહિત્યમાં સ્ત્રીઓને રસ નથી એવી ફરિયાદ કરનાર, અહેવાલ આપનાર એ સંપાદકને અનુરાધા ઘેર રહેવા અને તેને સ્થાને તેની પત્નીને મોકલવાનું કહીને સણસણતો ઉત્તર આપી સ્તબ્ધ કરી દે છે. તે કહે છે : 'સ્ત્રીઓ ઘરકૂકડી નથી. એમને એવી રાખવામાં તમારું હિત છે. એમ તમને નથી લાગતું ?' છોકરાં કેવળ સ્ત્રીનાં જ છે શું ? અહીં યાદ આવે આપણને સિમોન દ' બુવા જેમણે 'સેકન્ડ સેક્સ' પુસ્તકમાં કહ્યું હતું કે, 'સ્ત્રીઓ જન્મથી સ્ત્રી તરીકે જન્મી નહોતી. તેને સ્ત્રી બનાવી દેવામાં આવી છે.' આ જ રશેસ અનુરાધાને કહી દે છે : 'તને અહીં નથી ગમતું તો... તું બીજી જેવી કેમ નથી ?' આ જ વેધક કરુણતા છે. ઈશ્વરે બનાવેલી વૈયક્તિકતાનો આપણને બદલવાનો શો અધિકાર છે ? કોઈ કોઈના જેવું કેમ હોય ? તેના સ્વતંત્ર અસ્તિત્વનું શું ? સ્ત્રીને હલકા ચીતરતાં સામયિકો અને સાહિત્યથી ઉદાસ થયેલ અનુરાધાને પતિનો આ પ્રશ્ન વધુ ઉદાસ બનાવે છે. કથાનાયિકા અનુરાધા પતિ સાથે, શાસ્ત્રીજી અને સંપાદક સાથે જે રીતે દલીલ કરે છે તે દલીલોમાં જ આપણને સ્ત્રીજીવનની વ્યથા અને વાસ્તવનો ચિતાર મળી રહે છે. પોતાના અભ્યાસકાળ દરમિયાન બી.એ. સાહિત્યના પેપરમાં કુમુદને વિધવા રાખી તે માટે સખત ટીકા કરવાનું સાહસ કરે છે. જેને અધ્યાપકે 'અદ્ભુત ત્યાગ, આત્માની મહાનતા' કહી હતી તેવા અધ્યાપક સામે દલીલ કરતાં તેણે કહ્યું પણ હતું : 'સાહેબ, ભગવી ચૂંદડીમાં શોભાવનારી કુમુદ માત્ર ચૌદ વર્ષની બાલિકા છે, એને ચાહનારો પુરુષ તો કુંવારો રહી શકતો નથી. તરત એની બહેનને પરણે છે. ભગવી ચૂંદડી માત્ર સ્ત્રીઓએ જ ઓઢવાની છે!'

જોકે અનુરાધાનું પાત્ર આમ તો સંકળાતી અન્ય કથાઓને સાક્ષીભાવે માણે છે, પણ તેની પોતાની એક કથા સમાંતર ચાલે છે. અનુરાધાની લેખિકા તરીકેની નામનાને કારણે 'આર્યનારી હિતવર્ધક મંડળ'ના શતાબ્દીમહોત્સવ નિમિત્તે એક 'નાટક' લખવાનું નિમંત્રણ મળે છે. જેમાં નારીના ઉચ્ચ ગુણોનું દર્શન કરાવતું નાટક લખવાનું સોંપાયું છે. ત્યારે પરંપરાગત સાવિત્રી, અનસુયા કે સીતા જેવાં નારીપાત્રો પર નાટક લખવાની વણમાંગી સલાહોને અવગણે છે. રોજબરોજના જીવનમાં સ્ત્રી જે પાઠ ભજવે છે તેમાં તેને વધુ રસ પડે છે. નાટકમાં વિભાવરી, છાયા, રેખા જેવી સ્ત્રીઓ જોડાય છે. આ સ્ત્રીઓ પતિઓએ આપેલી 'રજા'માત્રથી ખુશ છે. એટલું જ નહીં, ઉપરથી શાસ્ત્રીજી તો વળી કહે છે : 'સ્ત્રીને માટે ઘરનો ઉંબરો એટલે લક્ષ્મણરેખા. એ ઓળંગવો એટલે વડીલોની મંજૂરી જોઈએ જ : 'અનુરાધા વિચારે છે કે લક્ષ્મણરેખા એ સ્ત્રીઓની સલામતી માટે નહીં, પુરુષોએ પોતાની સલામતી માટે શોધેલી રેખા છે ? નારી જો બહાર નીકળી ગઈ તો આ દુનિયામાં તેમનું આધિપત્ય છીનવી લેશે. એ ભથી પુરુષો અંદર રાખવા માગે છે ? કદાચ એટલે જ આ સ્ત્રીઓ તેમના વૈયક્તિક અધિકારો વિશે સભાન નથી અથવા સભાન છે તો 'પતિ પરમેશ્વર'ની પરવાનગી વિના પોતાને ગમતા આકાશને આંબવાનું સાહસ નથી... એકવીસ વર્ષની ઉંમર પછીના પુખ્ત માનવીઓ કોઈની 'રજા' કે 'મંજૂરી' વગર

પોતાને જોઈતું જીવન જીવી શકે છે તે વાતની જાણે કોઈને ખબર ન હતી!'

'આર્યનારી હિતવર્ધક મંડળ'નું પાટિયું વાંચતાં જ અનુરાધાના મનમાં એક તોફાન જાગે છે : 'આર્યનારી ? જ્યાં દર પંદર દિવસે એક યુવાન નારીને દહેજ માટે રહેંસી નાંખવામાં આવે છે, જ્યાં દર પંદર મિનિટે એક સ્ત્રી પર બળાત્કાર થાય છે. જ્યાં હજારો—ના લાખો-કરોડો નારીઓ ઘોર અન્યાય અને અત્યાચારનો સતત ભોગ બનતી રહે છે. તે આર્યનારી સિવાયની જગતની સ્ત્રીઓ અનાર્ય છે!!' અહીં જોઈ શકાય છે કે ભલે પાટિયું નવા રંગરોગાનવાળું છે પણ વાસ્તવમાં એ મકાનની ભીતર ક્યાં કશું બદલાયું હતું ? આવી આર્યનારીનાં શીલ, ધર્મ અને સતીત્વના રક્ષણ માટે 'સદ્‌ગુણા સદન'ને દાનમાં મળ્યાની વિગત જાણીને તથા દાતા શેઠની બે બે નિઃસંતાન શેઠાણીઓએ શેઠના અવૈધ સંબંધથી જન્મેલ છોકરાને ખોળામાં લઈને નર્કમાંથી ઉગાર્યાની વાત વૃદ્ધાના મુખે સાંભળીને અનુરાધા અસ્વસ્થ થઈ જાય છે. જેને તે લોકોએ 'મહાનતા'નું નામ આપ્યું હતું. શેઠ માટે દીકરો જણનાર બાઈનું નામ કોઈ તકતી પર નહોતું! મકાનનું નામ પણ જુઓ ને - 'સદ્‌ગુણા સદન'. પહેલીનાં શીલ, ધર્મ અને સતીત્વના રક્ષણ માટે મકાન મંડળીને દાનમાં અપાયું છે. આ મંડળની સ્ત્રીઓ સુતરાઉ કાપડમાં આછા રંગોમાં, ચાંદલા વગરના કપાળમાં, સુકાઈ ગયેલા જીવનરસમાં જીવે છે. તૈયાર થયેલી અનુરાધાના શૃંગારને તાકી રહેતી સ્ત્રીઓ અને વૈધવ્યના યુનિફૉર્મ પાછળ હસમુખા આનંદી ચહેરા... જ્યાં શાસ્ત્રીજીએ પોતાની 'અમૃતવાણી' દ્વારા ઠસાવ્યું છે કે સુંદરતા, બુદ્ધિ કે મહત્ત્વાકાંક્ષા એ પશ્ચિમનો આદર્શ છે, ભારતીય નારીનો આદર્શ છે ત્યાગ, તપ અને સમર્પણ. પણ વાસ્તવમાં બાહ્ય રીતે સાદગીપૂર્ણ જીવનનો લાચારીપૂર્વક દંભ કરતી આ સ્ત્રીઓને પણ જાતીય વૃત્તિવાળું લેખન ચોરીછૂપીથી વાંચવું ગમે છે.

શાસ્ત્રીજીનું પ્રવચન ચાલે છે : 'આપણાં પુરાણો જુઓ. કુંતા માતા અને ગાંધારી! અનસૂયા અને સાવિત્રી! એકે પતિને જે સુખ ન મળે તે પોતે ન ભોગવવા આંખે પાટા બાંધ્યા. એક પતિનો પ્રાણ યમ પાસેથી પાછો લાવી. એકે દેવોને બાળક બનાવી ખોળે રમાડ્યા. ધન્ય ભાગ ભારતનું.' અને અનુરાધાને બધું જ પલટાયેલું લાગે છે - 'ભારતીય નારીના ભાગ્ય સિવાય.' આજેય કોઈક અંધારા ખૂણે ગાંધારી, દ્રૌપદી કે કુંતી જેવી 'દેવી' મૂર્તિઓનું સ્થાપન છે જ. અનુરાધાની નવલકથા સંદર્ભે શાસ્ત્રીજી તો તેને કહે છે પણ ખરા કે વિધવા સ્ત્રી પુનઃલગ્ન કરે તેમાં પ્રેમની ઊંચી ભાવનાનો હ્રાસ થાય છે!!

અન્ય એક દાંપત્યજીવન છે મયંક અને વિભાવરીનું. આપણે જાણીએ છીએ કે વૈશ્વિકીકરણના આ યુગમાં સ્ત્રીએ ઘરની ચાર દીવાલો છોડીને વિભિન્ન ક્ષેત્રે ઝંપલાવવા માંડ્યું છે. પણ જાણે કે બહાર નીકળ્યા પછીય એક અદશ્ય પાંચમી દીવાલ નિરંતર સાથે ચાલે છે અને તે છે બંધિયાર માનસિકતાની. સ્ત્રી ઘર બહાર નીકળી છે તો શોષણનાં રૂપો અને તેની રીતિ પણ બદલાયાં છે. વિભાવરી અભિનેત્રી છે. ફિલ્મજગત એક એવું ક્ષેત્ર છે જ્યાં 'માણસ'ની—'કલાકાર' ભીતરી સર્જકતાના આવિષ્કાર માટેનું એક મંચ મળી રહે છે. ત્યાં 'કલાકાર'ની જાત જ સર્વોપરી હોય! પણ અહીં તો ફિલ્મજગતને પણ બુદ્ધિ કરતાં સ્ત્રીદેહમાં વધુ રસ છે. જ્યાં નાયિકાપ્રધાન ફિલ્મો કરતાં હીરો નાનમ અનુભવે છે.

આ નવલકથા લખાય છે તે સમય સુધી ને આજે પણ ક્યાંક ક્યાંક માત્ર 'ડેકોરેશન' રૂપે નાયિકાનો સ્વીકાર થતો રહ્યો છે. આજે પણ 'આઇટમ સૉંગ' તરીકે સ્ત્રીદેહનો જ ઉપયોગ કરવામાં આવે છે ને! 'આઇટમ' શબ્દની પરિભાષા, તેનાં અર્થવર્તુળો અહીં સહેજે સમજી શકાય તેમ છે. સ્ત્રી જાણે કે ઉપભોગની, કેવળ મનોરંજનની વસ્તુ હોય ! સ્ત્રીની બૌધિકતા આજે પણ કેટલાંક ક્ષેત્રે અસ્વીકાર્ય. રસ છે તો કેવળ દેહની સુંદરતામાં. સિગારેટના ભાવઘટાડાની જાહેરાત માટે વસ્ત્રો ઉતારતી સ્ત્રીના કંપનીએ મૂકેલા ચિત્રના સંદર્ભે અનુરાધા વિચારે છે કે કંપની જેમ ભાવ ઘટાડી રહી છે તેમ સ્ત્રી પોતાના વસ્ત્રો ટૂકા કરી રહી છે. કંપનીને મન સિગારેટ અને સ્ત્રી બંને સમાન છે જે બળી જઈને આનંદ આપે છે. મોટરની બૅટરી સંદર્ભે લખાયું છે : 'હલકી બૅટરી આ સ્ત્રી જેવી છે. તમને સતાવતી, હેરાન કરતી, આવી બૅટરી ગાડીમાં ન વાપરશો. અમારી બ્રાન્ડ વાપરશો.' કંપની માટે પેલી સિગારેટની જેમ બૅટરી અને સ્ત્રી પણ સરખાં છે! ઉંમર વિશેના ટુચકાઓ પણ મોટાભાગે સ્ત્રીઓ પર જ કહેવાતા હોય છે. સ્ત્રીની રસકોટિની પહોંચ એટલે જાણે કે કેવળ વાનગીઓનો જ વિભાગ! વાનગીઓના ડેમોન્સ્ટ્રેશનમાં ન જનારી સ્ત્રી પતિને 'વિચિત્ર' લાગી શકે! આવી જ માનસિકતાવાળા કોઈ દિગ્દર્શક દ્વારા વિભાવરીને એક ફિલ્મ ઑફર થાય છે અને તે ફિલ્મમાં કામ કરવાની તેણે કિંમત ચૂકવાની છે એક રાત. વિભાવરી ફિલ્મ છોડી દે છે પણ અનિષ્ટ માંગણીને વશ થતી નથી. ફિલ્મ ન સ્વીકાર્યાનો નિર્ણય પતિને ગમ્યો છે પણ એ જ પતિ-મયંક તો ગીતા જેવી સ્ત્રી પાછળ ઘેલો છે. વિભાવરીનો પતિ અન્ય પુરુષને ચાહે છે. એ વિવાહિત છે અને છતાં 'ત્યક્તા!' આ જ ગીતા પેલા દિગ્દર્શકની માંગણી સ્વીકારી લઈને કિંમત ચૂકવવા તૈયાર થાય છે. અલબત્ત સાંપ્રત સમયમાં જે સમૂહ-માધ્યમોની નકારાત્મક અસરનું આ એક પરિણામ ઘણા સમય પૂર્વે જ આ નવલકથામાં અભિવ્યક્ત થયું છે તે પણ નોંધવા જેવું છે. અહીં આપણને વૈશ્વિકીકરણ ભીતરનો એક બીજો ચહેરો પણ જોવા મળશે. સ્ત્રી બેશક આગળ આવી છે પણ ક્યાંક પુરુષને પછાડવાની હોડમાં અથવા 'આગળ' આવવા પુરુષ દ્વારા કહેવાતી ગમે તે માગણીઓ સ્વીકારી લેવામાં છોછ અનુભવતી નથી એ દશ્ય પણ એક વાસ્તવિકતા છે. રંજના હરીશ 'સાહિત્યમાં નારીવાદી અભિગમ' શીર્ષક હેઠળ પોતાના લેખમાં નોંધે છે કે ઓછાં વસ્ત્રો પહેરીને અને દેહનું પ્રદર્શન કરીને પૈસા કમાવા એ સ્ત્રીની સ્વતંત્રતા છે એવો બચાવ જો કરવો પડે તો એ એક અત્યંત બેહૂદી પરિસ્થિતિ છે. એટલે જ મંજુબહેન ઝવેરી 'પ્રતિસાદ'માં રજૂ કરેલો મુદ્દો નોંધતાં લખે છે : 'એક બાજુ સૌન્દર્યસ્પર્ધાઓ સ્ત્રીને એક પદાર્થ તરીકે ગણે છે એની ભારોભાર નિંદા કરી. તો બીજી બાજુ સ્ત્રીને પોતાને પદાર્થ બનવાનો હક્ક છે એમ કહેવાની ફરજ પડી.'

વિનોદિની નિ:સંતાન છે. વંધ્યા સ્ત્રીને સમાજની સાથે પતિના અવહેલનાજન્ય વ્યવહારનો સામનો કરવો પડે છે. યુગોથી પુછાતો પ્રશ્ન છે : શું સ્ત્રી માત્ર સંતાનને જન્મ આપવાનું મશીન છે ? સંતાનવિહોણી સ્ત્રીને 'અધૂરી' ગણવામાં આવે છે. સ્ત્રીજીવનની સાર્થકતા શેમાં ? તો પરંપરાએ જવાબ આપ્યો છે – માતા બનવામાં. સ્ત્રી એ માત્ર સંતતિ ઉત્પન્ન કરવાનું મશીન નથી. તે વિના પણ તેની એક પોતીકા અસ્તિત્વની ઓળખ છે તે

ભુલાઈ ગયું છે.

એ સિવાય જે અન્ય સ્ત્રીઓ છે તેમાં છાયા અને રેખા જેવાં પાત્રો નિમ્ન મધ્ય વર્ગની સ્ત્રીઓનું પ્રતિબિંબ પાડે છે. છાયા જે પોતાની આવડતથી કંપનીના સેલ્સ મૅનેજરપદનું પ્રમોશન મેળવે છે ત્યારે પતિનો અહં ઘવાય છે. પત્નીના ચારિત્ર્ય પર શંકા કરે છે. છાયા સાથે નોકરી કરતી સ્ત્રી માર્શિયા છે તેના પાત્ર નિમિત્તે સામાજિક દંભ પર કટાક્ષ કરે છે. અતુલ સાથે લગ્ન થયા પછી ધર્મપરિવર્તન કરવાનું કહેવામાં આવે છે ત્યારે માર્શિયાને મન જે પીડા છે તે કઈ છે ? – 'ધર્મ એનો શણગાર નથી કે પુરુષ તેની ઇચ્છા પ્રમાણે બદલી શકે... હું સ્ત્રી છું તેથી શું માનવી નથી ?' હંમેશાં સમાજ ધર્મપરિવર્તન સંદર્ભે સ્ત્રીનો જ ધર્મ બદલતો રહ્યો છે. જે ધર્મ સ્ત્રીના લોહીમાં વણાયેલો છે તે સાથે જ બે વિભિન્ન ધર્મવાળાં સ્ત્રી-પુરુષ શું સહજીવન ન જીવી શકે ? એટલે જ બડી અમ્માને જુએ છે ત્યારે છાયા વિચારે છે : 'એક ગ્રૅજ્યુએટ ઊંચો હોદ્દો ધરાવતી સ્ત્રી અને એક અલ્પશિક્ષિત જનમદુખિયારી વૃદ્ધા - વીસમી સદીના આઠમાં દાયકામાં હજી બેઉ સમાન છે...' નોકરી કરતી છાયા સ્ત્રી છે એટલે પતિ અને ઑફિસમાં બૉસનું આધિપત્ય સહન કરવું પડે છે.

અન્ય એક સ્ત્રીપાત્ર તે રેખાનું. ગરીબીમાં ઊછરેલી રેખા ઉદ્યોગપતિ માટે ખરેખર તો કેવળ ગૃહસજાવટનું એક સાધનમાત્ર છે. તેની ઓળખ કેટલી ? તો ફક્ત ઉદ્યોગપતિ વિપુલ મગનભાઈની વાઇફ. અંગ્રેજી ફૂલો અને ભારતીય ધાર્મિકતાના દંભ સમો તુલસીનો છોડ! 'ઘર' સાથે સ્ત્રીનો સંદર્ભ યુગોયુગોથી જોડાયો છે. ઘર સ્ત્રીનું છે પણ પતિને પૂછ્યા વિના રેખા એશ-ટ્રે પણ ન ખસેડી શકે! પગમાં 'ખૂંપી' જાય તેવા ગાલીચા અને 'લપસી' પડાય તેવાં બાથરૂમો, માછલીઘર, પોમેરિયન કૂતરો, પિંજરામાં પુરાયેલ મેના. રેખાના સંદર્ભે લેખિકાએ વિનિયોગ કરેલાં વિશેષણો અને પ્રતીકો પણ સૂચક છે. એ.સી. અનુકૂળ ન આવતું હોય, શરીર દુઃખે તોય એમાં જ બેસવાનું. રસ ન હોય તોય સિનેમાની વાતોવાળું સામયિક વાંચવાનું. ગરીબ ઘરની દીકરી માને ચાલમાં મળવા જાય કે માંદી માની ખબર કાઢવા સેનેટોરિયમમાં જાય તે 'સ્ટેટસ' ધરાવતા પતિને કેમ ગમે ? - 'દીકરી પરણાવી કે માબાપે આશા છોડી દેવાની.' રેખાને ત્યાં એક કવિમિત્ર પાર્ટીમાં આવે છે ત્યારે ખબર પડે છે કે પોતે તો પતિ માટે ભૂતકાળમાં મિત્ર સાથે મારેલી એક શરતમાત્ર હતી! જીતવાનું નિમિત્તમાત્ર! કેનેરી કેવ્સ કૉલેજ નાટ્યમંડળીમાંથી બહાર ગયેલી રેખાની સુંદરતા જોઈને વિપુલ કવિમિત્ર સાથે સો રૂપિયાની શરત મારી બેસે છે., 'સા... લો શિકાર ફર્સ્ટ ક્લાસ છે!' અને હવે તે મિત્ર રેખાને કહે છે : 'હી હેઝ પ્રૂવ્ડ હિમસેલ્ફ. શિકાર ઘરમાં જ છે!' જાણે કે યુગોયુગોથી સ્ત્રી પિતૃસત્તાક સમાજ માટે 'શિકાર', 'શરત' કે 'ઉપભોગ' માત્રનું જ સાધન ન હોય! આવી શિકાર થયેલી રેખા મા-ભાઈને મળી પણ શકતી નથી. ફિગર કોન્શિયસ પતિને રાજી રાખવા, પસંદગીના ધોરણે ઊતરવા માટે કે તેના આનંદ માટે 'ડાયેટિંગ' કરે છે, પાર્લરમાં જાય છે. પણ હૉસ્પિટલમાં ટીબીથી પીડાતી પોતાની માને મળવા જઈ ન શકાય. એટલે જ એ કૈકયીના પાત્રમાં પોતાની વ્યથાને ઠાલવતી બોલી ઊઠે છે : 'હું માગું છું વનવાસ. હું કૈકયી... હું માગું છું વનવાસ. મને આ મહેલોમાંથી મુક્ત કર. માત્ર રૂપાળા મહેલોને ડામ દઈને કોયલો કરી મૂક જેથી

એના શિકાર માટે કોઈ પુરુષ પાછળ ન પડે. એની છાતી ચીરી અંદર બેઠેલો એક માનવઆત્મા માંસભક્ષીઓને બતાવે ને કહે, આ સ્ત્રી છે. લલચાવનાર માંસનો ટુકડો નથી. જ્યાં કેવળ દેહથી જ સ્ત્રીને મપાતી હોય એ સમાજમાં રહેવા કરતાં સ્ત્રીને મન વનવાસ વધુ ગમ્ય છે.'

શાસ્ત્રીજી દ્વારા સંસ્થાનાં સો વર્ષ પૂર્ણ થયાની ખુશીના ઉત્સવમાં અનુરાધાને નાટક લખવાનું સોંપાય છે. નાટક 'સંસ્કારી' લખવાનું છે. તેનો હેતુ છે શહેરમાં સ્ત્રીના ઊંચા ગુણોનો ફેલાવો કરવાનો. અનુરાધાને પ્રશ્ન થાય છે : 'સ્ત્રીના ઊંચા ગુણ અને પુરુષોના નહીં ?' ગુણીજન બની રહેવાની જવાબદારી કેવળ સ્ત્રી પર જ કેમ ? 'સરસ' કે 'સુસંસ્કારી' નાટક રૂપે શું અપેક્ષિત છે ? - સ્ત્રી મારઝૂડ સહન કરે ને સેવા કરે. શોક્યને સ્વીકારીનેય પતિને જીવનભર પ્રેમ કરે. અનુરાધાએ બધું જ અનુભવ્યું છે, બહારગામ ગયેલા પતિના પત્રમાં પત્નીનું સ્મરણ સુધ્ધાં નથી. શું સ્ત્રીના ભાગ્યમાં સુકાયેલ સંબંધો અને ખરી પડેલ પોપડાવાળી ભીંતો જ હાથ લાગે છે? એવા ઘરમાં 'ફર્નિચર'ની જેમ ગોઠવાઈ ગયેલી સ્ત્રીઓને જોઈને પુરુષો 'નિરાંત' અનુભવે છે. જે અનુરાધા લગ્ન પૂર્વે રશેસ માટે 'રાધા' હતી, પ્રેમનું દિવ્ય રૂપ હતી તે જ અનુરાધા લગ્ન પછી પતિ માટે કેવળ 'અનુ' છે. કદાચ એટલે જ ઉજ્જવળ નારીચરિત્ર લખવાનો દંભ તેનાથી થતો નથી. જાણે કે એક કુબડી વૃદ્ધા—મંથરા શબ્દોમાં ઊતરી જઈને તેને દૂર દૂર રાજમહેલમાં દોરી જાય છે જ્યાં તેનામાં કૌશલ્યા, સીતા, કૈકયી એમ ત્રણ પાત્રના મનોમંથન પ્રવેશે છે. આ સ્ત્રીઓનાં પાત્રો ઉપરથી નાટક રચે છે. કૂબડું શું છે આ જગતમાં ? જેટલું તે સુંદર હોય છે તેટલું જ કદરૂપું. તો તેનો જવાબ કદાચ હોઈ શકે - સત્ય ! જેની ઓળખ થતાં દંભનાં સર્વ આવરણો ખરી પડે છે. રેખા, છાયા, વિભાવરી અને વિનોદિનીના ગૃહસંસાર દ્વારા સમાજ અને પુરુષત્વની પોકળતા ઉઘાડી પડે છે. પ્રેમની મૂર્તિઓ હતી રામાયણની ચારેય સ્ત્રીઓ છતાં તેમની ભૂમિકાઓ ભિન્ન છે. નાટકપ્રસ્તુતિ વેળાએ પાત્રો પોતાની જ મૂંઝવણ અને સમસ્યાઓને જ સંવાદ રૂપે બોલે છે. છાયા એટલે જ કહે છે : 'મંથરા, હું રામને પગલે નહીં જાઉં, હું જઈશ મારી કેડીએ. એ ચાહે છે તેના પુરુષપણાને. પુત્રધર્મ ખાતર ગાદી છોડનાર પુરુષ ગાદી ખાતર સ્ત્રી છોડવા તૈયાર નહીં થાય ? લક્ષ્મણ, આઘો ખસ. રેખા ઓળંગવાની મારી કોઈ ચિંતા નથી, કારણ કે સુવર્ણમૃગ હું જ મારવા જઈશ. મંથરા, તું સાચી છે. હું રાજીનામું નહિ આપું, મંથરા...' સ્ત્રી 'ત્યાગમૂર્તિ' નહીં પણ પોતાના અસ્તિત્વને સ્થાપે એટલે જ તે 'આર્યનારી પતિના પગલે ચાલનારી' એના બદલે આમ બોલી ઊઠે છે.

ઈલા આરબ મહેતાએ 'સદ્ગુણા સદન'ના જૂના કાર્યકર બડી અમ્માના જીવનની કરૂણ વાસ્તવિકતાને ઉજાગર કરી છે. કેવળ દસ વર્ષે બાળવિધવા થનારી બડી અમ્માને 'હસવાના' અપરાધ માટે ડામ આપવામાં આવ્યા હતા. કેવળ બાર વર્ષની છોકરી હીંચકા ખાય કે તેની ઉંમરનો ગોઠણો સાથે હસે તો તેને કહેવામાં આવે : 'હસ મા અભાગણ, તું વિધવા છે. હસ મા.' અને ત્યારપછી એ છોકરી ક્યારેય હસતી નથી. જેઠની વાસનાથી બચવા કોઠારમાં પુરાઈ રહી. મંડળની સહુથી વયોવૃદ્ધ સ્ત્રીએ પોતાની જિંદગીનાં સિત્તેર વર્ષ આવા ધખધખતા રણમાં પસાર કર્યાં હતાં. નારીમુક્તિની અનુરાધાની વાતો સાંભળીને

બડી અમ્મા તો બોલી ઊઠે છે : 'આ બધું વર્ષો પહેલાં શરૂ કરવાની જરૂર હતી.' બડી અમ્મા જ 'કશુંક નવું' કરવાને સંકેત આપે છે. અહીં એક વયોવૃદ્ધ સ્ત્રી બદલાવની પહેલ કરવાનું કહે છે તે પણ નોંધનીય છે.

'આર્યનારી હિતવર્ધક મંડળ'ના શાસ્ત્રીજી ભારતીય નારીનો આદર્શ વ્યક્ત કરતાં કહે છે : ત્યાગ, તપ અને સમર્પણ. નાટકનું પ્રથમ પ્રકરણ વાંચી ગદ્‌ગદ થઈ જતાં શાસ્ત્રીજી તો કહે છે કે સ્ત્રીએ ધરતીમાં દટાઈ રહેલા મૂળ જેવા થવાનું છે. મૂળ જમીનમાં ઊંડાં જાય, આકાશને આંબે નહીં. પણ પાતાળનાં પેટ પારખે. એ ઘરમાં રહે. ઊંચી પદવીઓની હરીફાઈ છોડી પતિનો પડછાયો થવામાં ગૌરવ સમજે તો પૃથ્વી પર સ્વર્ગ ઊતરે. જે 'આદર્શ' થકી યુગોયુગોથી સ્ત્રીઓનું શોષણ થતું આવ્યું છે તે પર પણ અહીં ધારદાર પ્રહાર છે. અનુરાધાએ લખેલ રામાયણ પરનું નાટક સ્ક્રિપ્ટ બહાર જઈને ભજવે છે ત્યારે પ્રેક્ષકગણમાં એક ઊહાપોહ સર્જાય છે તેટલો જ ઊહાપોહ સમાજના મંચ પર જીવતા માણસો પર છવાય છે ? છવાવો જોઈએ. વિભાવરી જેવી સ્ત્રી બહારથી મુક્ત દેખાય છે પણ કામ કરવા માટે મુક્ત છે ખરી ? ઝંખેલા જીવનને ન જીવી શકવાનો એ જ ખાલીપો.આ સ્ત્રીઓ માત્ર સ્ત્રી રૂપે જન્મવાનો અપરાધ સહે છે ? સ્ત્રી તરીકે જન્મવાનું તેમના હાથમાં નહોતું, ન તો એ તેમનો કોઈ દોષ. તેમ છતાં... અને એટલે જ શરૂ થાય છે તેમની પીડાઓમાંથી જન્મતું સ્ક્રિપ્ટવિહીન જીવનના વાસ્તવનું નાટક. નિરંજના બ્રહ્મભટ્ટ લખે છે તેમ : 'વૈભવી મહેલના બંધનમાંથી મુક્તિ માંગતું રેખાનું કૈકયીપણું, પતિની લઘુતાગ્રંથિ અને શંકાની અગ્નિપરીક્ષામાં પ્રગટ થતું છાયાનું સીતાપણું, વંધ્યત્વની અભિશપ્ત મનોદશા તેમજ પીડામાંથી પ્રગટ થતું વિનોદિનીનું કૌશલ્યપણું તેમજ પતિની વરવી સચ્ચાઈનો સામનો કરતું વિભાવનું મંથરાપણું અનાયાસે પ્રગટ થાય છે...' એટલે જ નાટકના અંતે અનુરાધા સ્ટેજની મધ્યમાં આવીને કહે છે : 'શાસ્ત્રીજી, બહુ નાટકો કરાવ્યાં સ્ત્રીઓ પાસે, ઘણાં ખેલ્યાં અમે, હવે અમે નાટક નહિ કરીએ...' એ તખ્તા પર ઊભેલી સ્ત્રીઓ કહે છે : 'આ નાટક અહીં સમાપ્ત થાય છે. થવું જોઈએ. એક યુગ હતો... પુરુષોનો ધર્મ જુદો. સ્ત્રીનો ધર્મ જુદો. સ્ત્રી એ પુરુષની મિલકત. આદર્શ પત્ની. આદર્શ માતા... જે હજારો અન્યાયો ને જુલ્મો સહન કર્યા કરે. જેની ફરિયાદનો કોઈ સૂર તેના હૃદયની દીવાલ ભેદી બહાર ન આવવો જોઈએ. આ ત્યાગ! આ સમર્પણ! જે સ્ત્રી આ સ્ત્રીધર્મ પાળે તેનો મહિમા. મહિમાનું નાટક. પણ હવે અમને અમારી જાત શોધવા દો. ન દેવી, ન રાક્ષસી, અને માત્ર સ્ત્રી રહેવા દો...' ચોક્કસ કોઈને નવલકથાનો સારાંશ અહીં મુખર લાગી શકે છતાં એક 'હ્યુમન' તરીકેની ઓળખ ઝંખતી સ્ત્રીઓ હવે પૂતળી નથી પણ જીવતીજાગતી ધબકતી માણસ છે... તે કલાકીય વસ્તુસંકલના રૂપે પહોંચાડવા મથે છે.

પ્રત્યેક વ્યથાનો, પીડાનો ઇલાજ શો ? શું સ્ત્રીઓ માટે 'ડોલ્સ હાઉસ'ની નોરાની જેમ, 'સ્ત્રીનો પત્ર'ની મૃણાલની જેમ કે 'સાત પગલાં આકાશમાં'ની વસુધાની જેમ ગૃહત્યાગ એ જ વિકલ્પ છે ? અલબત્ત એ સઘળી સ્ત્રીઓના સાહસને સલામ કરવાનું મન પણ થાય કારણ કે પરંપરાગત દુહાઈઓને આધારે તેમણે જીવન વેંઢારવામાં જીવનની સાર્થકતા માની નથી. પણ ફરી ફરીને સવાલ એ થાય કે સ્ત્રી પાસે શું માત્ર આ જ વિકલ્પ

બચે છે ? અહીં એક ત્રીજો વિકલ્પ પણ ખૂલે છે તે છે સમાજની માનસિકતા બદલવાનો. આ સ્ત્રીઓને સત્તા નથી ખપતી પણ ખપે છે સમાનતા. દેવી નથી બનવું, બસ, એક માણસ તરીકે જીવવું છે. કોઈ મૂર્તિ નથી બનવું પણ જીવતીજાગતી ધબકતી સ્ત્રી જ રહેવું છે. નિજ અસ્તિત્વનું સ્થાપન એ જ તેને માટે આર્યનારીત્વ છે. જો સમાજનીરુગ્ણ માનસિકતાના મૂળ પર જ પ્રહાર કરી તેને ડામી દેવામાં આવે તો સ્ત્રીને પણ મળી રહેશે પોતાનું આકાશ. જ્યાં તેના અસ્તિત્વની પાંખો ફફડાવી શકે, એક નિર્ભય ઉડાન ભરી શકે.

**સંદર્ભ :**


૧. નવલકથા : ચર્ચા અને ચિકિત્સા, ડૉ. બિપિન આશર, પ્રકાશક : સૌરાષ્ટ્ર યુનિ. પ્રથમ આવૃત્તિ ૨૦૧૧

૨. 'પરબ' : વર્ષ ૨૮, અંક : ૪-૫, ૧૮૮૭, એપ્રિલ-મે

૩. 'અધીત' બાવીસ-તેવીસ, પ્રથમ આવૃત્તિ ૨૦૦૦

૪. નવલકથા અને હું : 'શબ્દસૃષ્ટિ' દીપોત્સવી વિશેષાંક ઑક્ટોબર-નવેમ્બર ૨૦૦૭


❑

## સાભાર સ્વીકાર

### કવિતા/ગઝલ/ગીત

**અભિલાષા :** કાજલ જોષી, ૨૦૧૯, મુ. બોરલા, તા. તળાજા, જિ. ભાવનગર, પૃ. ૧૬ + ૬૪, રૂ. ૮૦. **અલ્લડ પીંછું :** હેતલ ગાંધી, ૨૦૨૦, લેખક પોતે, ૧૧, હિંડોલા કૉમ્પ્લેક્સ, લાડ સોસાયટી રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૧૫, પૃ. ૮ + ૧૧૬, રૂ. ૬૦. **પીળો પડછાયો :** રમેશ ચૌહાણ, 'ઉત્સવ', શેરી નં. ૪, શક્તિનગર, જામખંભાળિયા, બીજી-૨૦૦૦, પૃ. ૬ + ૮૨, રૂ. ૧૦૦. **લહેરાતી લાગણીઓ :** હેતલ ગાંધી, ૨૦૨૦, ફ્લૅટ નં. ૧૧, હિંડોળા કૉમ્પ્લેક્સ, લાડ સોસાયટી રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ, પૃ. ૮ + ૮૩, રૂ. ૬૦. **સ્વપ્નનગરના દરવાજે :** લાલજી કાનપરિયા, પ્રવીણ પ્રકાશન પ્રા.લિ. રાજકોટ, ૨૦૨૦, પૃ. ૧૬૦, રૂ. ૧૮૦. **તમે કવિતા છો :** ભરત વિંઝુડા, હર્ષ પ્રકાશન, અમદાવાદ, ૨૦૧૯, પૃ. ૬ + ૧૦૨, રૂ. ૧૬૦. **છાપ અલગ મેં છોડી :** લક્ષ્મી ડોબરિયા, કે બુક્સ, કે હાઉસ, રાજકોટ, ૨૦૧૯, પૃ. ૮૮, રૂ. ૧૦૧. **સમય તો થયો :** સંધ્યા ભટ્ટ, રન્નાદે પ્રકાશન, ૨૦૨૦, પૃ. ૧૩ + ૬૬, રૂ. ૮૦. **આગિયાનું અજવાળું :** વજેસિંહ પારઘી, અરુણોદય પ્રકાશન, અમદાવાદ, ૨૦૧૯, પૃ. ૧૦૪, રૂ. ૧૧૦. **ઘોષા ક્યાં ? :** કૃતિ પ્રકાશન, વીરમગામ, ૨૦૨૦, પૃ. ૮ + ૪૮, રૂ. ૮૦.

## સમીક્ષા/ગ્રંથાવલોકન

# ‘ડાંગ-ડાયરી’ વિશે રખડુનો કાગળ

**મહેન્દ્રસિંહ પરમાર**

[**‘ડાંગ-ડાયરી’**, લેખક : નરેશ શુક્લ, પ્રકાશક : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, આવૃત્તિ : ૨૦૧૬, કિંમત : રૂ. ૧૯૦/-]

પ્રિય નરેશ,

**ગોવા**ના સાગરતટે સાથે સાથે ભટકેલા ત્યારે અંદાજ નહોતો કે તારી ડાયરી વિશે આમ કાગળ લખવા બેસી જઈશ! એ બે-ત્રણ દિવસના સહવાસ અને પછીના દિવસોનો આપણો એકધારો સંપર્ક ખરો; સાતત્યપૂર્વકનો પણ. પણ, આ ડાયરી વાંચ્યા પછી હું એમ કહીશ કે ‘આ’ નરેશનો પરિચય મને નહોતો! ‘નરેશભાઈ’, ‘તમે’ જેવાં નામ- સર્વનામો એટલે જ ખરી પડ્યાં અને કેવળ એકવચનમાં સંબોધન કરવાનું મન થાય એટલો અંતરંગ અને અંગત આમાં મને તું લાગ્યો. ડાંગના અરણ્યવાસનો ઉપાધિયોગ આ રીતે સમાધિયોગ બની રહેશે એવું તો તેં પણ નહીં ધાર્યું હોય ને! ડાંગવનોમાંથી ફરી રાજવન (ગાંધીનગર) થઈને તું હવે નર્મદવનમાં ‘સ્થિર’ થયો! ડાંગના થડમાં આવીને વસવાનું બન્યું. હડી કાઢીને ફરી ડાંગમાં જઈ શકાય એવી સગવડ પણ થઈ; છતાં, તારા એ દોઢ-બે વરસના ડાંગનિવાસમાં રેખાંકિત થયેલો સમય, એ સમયનું તારું આંતરજીવન અને બદલાતાં જીવનધોરણ વચ્ચે એક સ્થળ તારી અંદર જે રીતે ઝમીને જામી ગયું એનો સુંદર પરિચય તારી ડાયરીમાંથી થયો. ‘ડાયરી’સ્વરૂપ વિશે અંગત રીતે મારો અભિપ્રાય જરી જુદો હતો. એમાં અંગતની સામે, અંગતે રચેલી ‘બીજી’ દુનિયા, ‘બીજી’ વ્યક્તિઓને, બીજા વિશેના અભિપ્રાયોને સ્પષ્ટ કરવાનો મોકો નથી હોતો અને મોટા ભાગે હાય-નિસાસા અને બળતણિયા પ્રકૃતિના માણસોના ઉકળાટ ઠાલવવાનું એક હાથવગું માધ્યમ છે, એમ હું માનતો. પણ હવે, વિચારતાં એવું લાગે છે કે આ માધ્યમની અનૌપચારિકતા વ્યક્તિના અનેક રંગો ઝીલવા માટે અને આપણાં જેવાં અનૌપચારિક વ્યક્તિત્વોને વ્યક્ત થવા ઘણું અનુકૂળ માધ્યમ છે. તેં એનો સારો એવો કસ કાઢ્યો છે.

ડાંગમાં પંદરેક દિવસ સ-પરિવાર રખડ્યો છું. સનસેટ પૉઇન્ટ પાસેની સરકારી વસાહતમાં રહીને સૂર્યોદયો-સૂર્યાસ્તો જોયા છે પણ ડાંગનું એ દર્શન તો મુલાકાતીનું, પ્રવાસીનું! તું ‘નિવાસી’ બની શક્યો અથવા, તારા ભાગે એ આવ્યું ત્યારે વાંચનાર તરીકે અમે ‘પ્રવાસી’ બન્યા! સ્થળ-સમય અને સંદર્ભો તારામાં થઈને આવ્યાં એટલે એને એક નિજી મહોર લાગી.

ડાંગ નિમિત્તે આ ડાયરીમાંથી ઊપસ્યું તારું અંતરંગ વ્યક્તિત્વ; તારા મિજાજ અને અવસ્થાનાં સ્વાભાવિક ચિત્રો; તારો વિચાર, તારું સંવેદન, તારું નિરીક્ષણ, તારા વિશે તારું પરીક્ષણ. એક જગ્યાએ તેં લખ્યું છે : ‘જાણે કે મારામાંથી નરેશપણું જ નીકળી ગયું

છે અથવા વિસ્તરી ગયું છે.' અહીં તું તારામાં ડૂબ્યો, વર્ષોના પટમાં ઘૂમી વળ્યો – એ તો ખરું, પણ પેલું સંકુચન-વિસ્તરણની અવઢવવાળું ઢાંક્યા વિનાનું તારું વ્યક્તિત્વ અહીં ઓળખાય છે. 'હું અંદરથી ખોવાઈ ગયો કે શું ? કેમ નથી થઈ શકતો હું અભિવ્યક્ત ?.. મનમાં ભરી'તી એ સિસૃક્ષા ક્યાં ગઈ ?... શું મારામાં શક્તિ ઓછી છે ? સંવેદનવિશ્વ સીમિત છે ? ક્યારેય ક્યાંય પાછળ નહીં રહેનારો, બધામાં અલગ તરી આવવાનો મારો સ્વભાવ બસ પાંચ-પંદર વ્યક્તિ પૂરતા વર્તુળમાં જ ખપી ગયો કે શું ?' – પેલો દાઝેલો નગરવાસી પછી અરણ્યવાસમાં કેટલાક સ્વ-સ્થ નિષ્કર્ષ પર પહોંચતો દેખાય છે. અજંપાને શબ્દનો દેહ મળતો અને શૂન્યમાંથી એકડો શીખતા બાળકનું ઉદાહરણ પણ તારી ડાયરીમાંથી મળે છે. ૨૫-૦૧-૦૯ની રાત્રે સાડા બારે લખાયેલી તારી વાતો વિસ્તારભયે અહીં ટાંકતો નથી, પણ એમાં પેલા 'નરેશપણા'ના વિસ્તરણનું સ્વપ્ન છે ને આબાદ રીતે તારા જન્મારાના આરંભબિંદુ ધનાળાના પેલા 'ખૂબ ખૂબ' બોલ્યા કરતા પાગલમાં તારું ભવિષ્ય જોઈને મલકી ઊઠતા તને વાંચીને અમેય મલકી ઊઠ્યા, આહોભાવ સાથે! મનના ખૂણે પડેલી તારી નૈસર્ગિક સ્વપ્નિલ દુનિયા જોઈને!

આ ડાયરીનું બીજું રસપ્રદ કેન્દ્ર છે તમારા બેય જણાંના સહવાસનું. એ એક પ્રછન્ન સૂત્ર છે જાણે આ ડાયરીનું. જુદા જુદા સમયે જુદી જુદી રીતે આ એકત્વનો રાગ સંભળાયા કરે છે! તન્વી વિહીન અને તન્વી સહિતનો ડાંગ-દરબાર પોતપોતાની રીતે આસ્વાદ્ય છે! યક્ષત્વને પ્રાપ્ત કરીને દંડકારણ્યમાં વનવાસ વેઠતા, 'સનસેટ' નામની ટેકરીએ વિરહના પીડામિશ્રિત આનંદને અપનાવવા મથતા નરેશને મેઘને બદલે મોબાઈલ મળ્યો એટલે ગુજરાતી ભાષાને વિરહનાં વધુ કાવ્યો મળતાં રહી ગયાં! તારી એકલતામાં બાલ્યકાળથી ચાલ્યા આવતા અનુભવોનું એક મજાનું ચિત્ર અહીં રાત્રે આકાશના તારકગણોને સ્વજન ગણીને એની સાથે સંવાદ કરવાના અનુભવમાં ઊપસ્યું છે. એ તારા એકાંતવાસનું મધુર ચિત્ર છે. પછી અધમધરાતે ઘરવખરી સહિત આવી રહેલાં યક્ષિણીને વરસતા વરસાદમાં 'વેલકમ' કરવા જતા 'ગૃહસ્થ' નરેશને સ-પરિવાર ઊજવેલા ડાંગદિવસોમાં એક મજાનું 'સેલિબ્રેશન' છે. સેલિબ્રેશન ઑફ ટુગેધરનેસ. એમાં ડાંગ પણ બરાબર ઊજવાય છે, 'પ્રેમ'તત્ત્વને સહારે સહારે.

ડાયરીનું ત્રીજું રસપ્રદ કેન્દ્ર – આમ તો મુખ્ય કેન્દ્ર – ડાંગ છે. તારી અંદરના પ્રવાસનું રોકડું નિમિત્ત ડાંગમાં તેં કરેલા અંતરિયાળ પ્રવાસો છે. ગીરમાળ, ગીરા, શબરીધામ, ખાલી 'ચા' પીને પાછા વળી આવ્યા તે મહારાષ્ટ્રનું નવાપુર! બારદા-ચનખલના એ લસરપટ્ટી જેવા ધોધ, ડાંગી સંસ્કૃતિ, ડુંગરદેવ એ સ્હાલેરના મેળા, ઋતુઓના રંગ, ફૂલોની ગંધ, સવાર-બપોર-સાંજ-રાત, અજવાળાં-અંધારાં, સાવ અડી શકાય એવા આકાશની લીલા, તમરાં-આગિયાની ગૂંથાતી ભાત... ડાંગની નવસંપદાને તેં ઘણો સમય પીધા કરી છે એની પ્રતીતિ ડાયરીમાં છે. પેલા બે ઉત્સવો તો તમારાં ભેળાં અમેય માણી આવ્યા. 'રમણીય'ની ક્ષણે ક્ષણે બદલાતી, નવતાયુક્ત રૂપછટાઓ ડાયરીમાં સ્થળે સ્થળે ઝિલાઈ છે. એવી એક અનુપમ ચાંદનીમઢી ક્ષણ મને આ લાગી :

'આ પહાડો પરનાં ઊંચાં તોતિંગ વૃક્ષો પોતાના મજબૂત હાથ આકાશ તરફ લંબાવીને જાણે બાલચંદ્રને ઉછાળી રહ્યાં છે. અમારા કૉલેજિયન છોકરાઓ જ્યારે મસ્તીએ ચડે ને

કોઈ મિત્રને હવામાં ઉછાળી ઉછાળીને ટોળામાં ઝીલતા હોય એવું દૃશ્ય છે આ! આ રાત મનોહર છે. તારા વધારે પ્રકાશમાન થવા મથીને હાજરી પુરાવે છે. હું ટહેલું છું એ મજાના છત્ર નીચે.'

..અમે પણ નરેશ.

બેય બાજુ ઝળૂંબતા ખડકો, બૂઢી સ્ત્રીના બોખા મોં જેવી ખીણો કાળમીંઢ પથરાના અવનવા આકારો સર્જનવેળાની એ ક્ષણોને હૈયામાં ધરબીને બેઠેલા પથરા સાથે સંવાદ કરવાની તારી તાલાવેલી અને આગંતુકને અંગત ગણવા માંડેલાં વૃક્ષોનો તારી હાજરીમાંય ઝીણો ઝીણો ગણગણાટ અને એમની બોડીલૅંગ્વેજ તું ઉકેલવા માંડ્યો હતો ડાંગમાં. આ ડાંગ વિશે તું સર્વથા મુગ્ધ નથી, ડાંગની મર્યાદાઓ પણ તારી નજરમાં આવી જ છે. એટલે 'ડાંગ-ડાયરી' પણ સંતુલિત થઈ છે. ૩૧મી ડિસેમ્બરની રાત 'ઊજવતા' લોકો, ગુજરાત કોલેજનાં ઊંચાં વૃક્ષો પર 'બદલી' પામ્યા વગર ઝૂલ્યા કરતી વાગોળો! કશું પૂછ્યા વિના પે'લાં બે ઇન્જેક્શન ધરબી દઈ પછી જ 'ટ્રીટમેન્ટ' કરતા ડાંગના ડૉક્ટર! મોટા ટૅબલનું ખાનું ખોલી એના ઉપર પગ ટાંગતા, કાયમી હસતું મોં રાખીને સ્નાયુઓ આપોઆપ એ જ મુદ્રામાં સ્થિર થઈ ગયેલા આચાર્યદેવ તારી રસળતી રમૂજો અને વાતને હસીને લેવાનું વલણ પણ અહીં ઠેર ઠેર રમી રહ્યું છે. આ બધું તેં ચાની કીટલીએ, વાંસદાના શેરડીના કોલા પર, બસમાં, ઘરની ગૅલેરીમાં ક્યાં ક્યા બેસીને લખ્યું છે! ક્યારેક તો રાતના અઢી વાગ્યે તું આ ડાયરીબાઈના સહવાસમાં રહ્યો છે! લાગે છે, આ તારી એક મજાની કંપની છે. બીજા સાથે વાત કરવામાં અંતરાય ઊભો થાય, સંકોચ પણ થાય આની સાથે નહીં, એટલે એમાં તું બરાબર કોળ્યો છે. ડાંગમાં જવાની તારી આરંભની બેચેની ધીમે ધીમે જે રીતે પ્રસન્ન બદલાવમાં રસાતી આવી તે મને ઘણી રસપ્રદ લાગી. આપણે આપણી સાથે જ વાત કરતા હોઈએ એટલે વધુ સ્વાભાવિક પણ હોઈએ. તારી ડાયરીમાં એટલે એ સ્વાભાવિકતાનો સ્પર્શ પણ છે.

તારી અંદરનો મુગ્ધ નરેશ, દગ્ધ નરેશ, વિદગ્ધ નરેશ : 'નરેશપણા'નું પેલું વિસ્તરણ મને આ રીતે માણવા મળ્યું – 'સ્મૃતિઓના પટારામાં જેવું ડોકિયું કરીએ કે કેટલુંય એકસાથે બહાર ધસી આવે... પછી એને આપણે નિરાંતે સ્લો-મોશનમાં જોવાનું, ક્યાંક અટકી જઈને કોઈ એક જ દૃશ્યને ઝીણવટથી જોવાનું, પછી આગળ વધી જવાનું ને વળી પાછું કંઈક યાદ આવતાં પાછું ધસી આવવાનું! ને એને ફરી ફરી મમળાવવાની મજા છે.' – તેં માણેલી એ ભરપૂર મજામાં અમનેય સામેલ કર્યા એનો આનંદ છે. એમાં બધું ખરે જ 'સાવ આપણું' હોય છે.

બીજાને ખટાશ ઓછી સદે એટલે તમારા ભાગ્યમાં આવેલા શિવઘાટની બોરડીનાં બોર... 'એના વાંકડિયા કાંટા શરીરમાં આછા આછા વાગે ને એવો સ્વાદ ઉમેરાય એ ખટમીઠાં બોરમાં! હાથ બોરડીમાં પ્રવેશતો હોય ત્યારથી જ જીભ પર એનો સ્વાદ ઊમટી આવે.' એ શિવઘાટનાં બોરનો સ્વાદ... ત્યાં ટપકતા પેલા ધોધની વાછટ સાથે છે...ક અમારા સુધી પહોંચ્યો ને એક 'અજાણ્યા' મિત્રને આ ડાયરી દ્વારા 'જાણ્યો' એના આનંદનો સ્વાદ મમળાવતો આ કાગળ દોસ્ત, તને મોકલું છું. આનંદ.

- મહેન્દ્રસિંહ પરમાર

ભાવનગર

# પરિષદવૃત્ત

**સંકલન : કીર્તિદા શાહ**

ગુજરાતી સાહિત્ય પરિષદમાં પરિષદના રા.વિ. પાઠક સભાગૃહમાં તા. ૨૭-૧૨-૨૦ના રોજ નવા વરાએલા પ્રમુખશ્રી અને નવનિયુક્ત હોદ્દેદારોના પદગ્રહણ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો આરંભ ‘જય જય ગરવી ગુજરાત’ના ગાનથી થયો. સ્વાગતભૂમિકા મહામંત્રીશ્રીએ આપી. ત્યાર પછી શ્રી પ્રવીણ પંડ્યાએ વરાયેલા પ્રમુખશ્રીનો પરિચય આપ્યો. આ કાર્યક્રમ માટે ભૂતપૂર્વપ્રમુખશ્રીઓ રઘુવીર ચૌધરી, ધીરુબહેન પટેલ, કુમારપાળ દેસાઈ, વર્ષા અડાલજા, ધીરુ પરીખ, ચન્દ્રકાન્ત ટોપીવાળાએ શુભેચ્છા-સંદેશ મોકલ્યા હતા તે સંદેશા પણ રજૂ થયા. ત્યારબાદ કાર્યભારની સોંપણી શરૂ થઈ જેમાં નિવૃત્ત થતા પ્રમુખશ્રીના ઉદ્‌બોધન બાદ ઉપપ્રમુખ માધવ રામાનુજે પરિષદનો લોગો આપીને વરાયેલા પ્રમુખશ્રી પ્રકાશ ન. શાહને કાર્યભાર સોંપણી કરી હતી. અતિથિવિશેષ તરીકે શ્રી વિપુલ કલ્યાણીએ ઑનલાઇન રહીને શુભકામના પાઠવી હતી. ત્યારબાદ શ્રી પ્રકાશ ન. શાહે ‘રણજિતરામના સિપાહી’ શીર્ષકથી મનનીય પ્રમુખીય વક્તવ્ય આપ્યું. કાર્યક્રમને સફળ બનાવનારા સૌનો આભાર માનવામાં આવ્યો. કાર્યક્રમને અંતે વર્ષ દરમિયાન અવસાન પામેલા સાહિત્યકારોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

કોરોના મહામારીને લક્ષ્યમાં રાખીને સમગ્ર કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવાની વ્યવસ્થા પરિષદ કાર્યાલયના સૌ મિત્રોએ સાથે મળીને ગોઠવી હતી.

મિત્રો, પરિષદના વિકાસની દેખભાળ હવે ૨૦૨૧થી નવા નિયુક્ત થયેલા આયોજકો કરશે. આપણું નૂતન વર્ષ ૨૦૨૧થી શરૂ થશે. નવા વર્ષનું આગમન જીવમાત્રને અને સમગ્ર પરિષદપરિવારને સંજીવની પૂરી પાડે એવી અભ્યર્થના. સૌ આજીવન સભ્યોએ એમનો વિશ્વાસ નવનિયુક્ત સમિતિ પર મૂક્યો છે તે સૌને માટે કુશળ-મંગળની પ્રાર્થના.

# ગુજરાતી સાહિત્ય પરિષદ

## કાર્યવાહક સમિતિ ચૂંટણી : ૨૦૨૦ (૨૦૨૧થી ૨૦૨૩ સુધીનાં ત્રણ વર્ષ માટે)

### પરિણામ

**૧. ઉપપ્રમુખ (બે જગ્યા)**

| ક્રમ | નામ | મળેલ મત | ક્રમ | નામ | મળેલ મત |
|---|---|---|---|---|---|
| ૧. | કશ્યપ મહેતા | ૧૪ | ૩. | માધવ રામાનુજ | ૩૮ |
| ૨. | પ્રફુલ્લ રાવલ | ૨૮ | ૪. | રવીન્દ્ર પારેખ | ૨૦ |

ઉપપ્રમુખ (બે જગ્યા) શ્રી માધવ રામાનુજ અને શ્રી પ્રફુલ્લ રાવલને વિજેતા જાહેર કરવામાં આવે છે.

**૨. મહામંત્રી (વહીવટી મંત્રી) (એક જગ્યા)**

| ક્રમ | નામ | મળેલ મત | ક્રમ | નામ | મળેલ મત |
|---|---|---|---|---|---|
| ૧. | કીર્તિદા શાહ | ૨૫ | ૨. | સમીર ભટ્ટ | ૨૫ |

મહામંત્રીશ્રીની એક જગ્યા માટે બન્ને ઉમેદવારોને સરખા મત મળતાં તેનો નિર્ણય ચિઠ્ઠી દ્વારા કરેલ અને તેમાં શ્રી કીર્તિદા શાહને વિજેતા જાહેર કરવામાં આવેલ છે.

**૩. પ્રકાશનમંત્રી (એક જગ્યા)**

| ક્રમ | નામ | મળેલ મત | ક્રમ | નામ | મળેલ મત |
|---|---|---|---|---|---|
| ૧. | અજયસિંહ ચૌહાણ | ૨૪ | ૩. | કનૈયાલાલ ભટ્ટ | ૧૦ |
| ૨. | અશોક ચાવડા | ૦૭ | ૪. | યોગેન્દ્ર પારેખ | ૦૯ |

પ્રકાશનમંત્રીની એક જગ્યા માટે શ્રી અજયસિંહ ચૌહાણને વિજેતા જાહેર કરવામાં આવે છે.

**૪. પ્રસારમંત્રી (એક જગ્યા)**

| ક્રમ | નામ | મળેલ મત | ક્રમ | નામ | મળેલ મત |
|---|---|---|---|---|---|
| ૧. | ધ્વનિલ પારેખ | ૨૨ | ૩. | હરદ્વાર ગોસ્વામી | ૦૯ |
| ૨. | ભરત મહેતા | ૧૯ | | | |

પ્રસારમંત્રીની એક જગ્યા માટે શ્રી ધ્વનિલ પારેખને વિજેતા જાહેર કરવામાં આવે છે.

**૫. વિકાસમંત્રી (એક જગ્યા)ની ચૂંટણીમાં**

શ્રી રાજનકુમાર ભટ્ટને બિનહરીફ ચૂંટાયેલા જહેર કરવામાં આવે છે.

### ૬. ગ્રંથાલયમંત્રી (એક જગ્યા)

| ક્રમ | નામ | મળેલ મત | ક્રમ | નામ | મળેલ મત |
|---|---|---|---|---|---|
| ૧. | પરીક્ષિત જોશી | ૨૦ | ૨. | મનીષ પાઠક | ૩૦ |

ગ્રંથાલયમંત્રીની એક જગ્યા માટે શ્રી મનીષ પાઠકને વિજેતા જાહેર કરવામાં આવે છે.

### ૭. સ્વાધ્યાયપીઠમંત્રી (એક જગ્યા)

| ક્રમ | નામ | મળેલ મત | ક્રમ | નામ | મળેલ મત |
|---|---|---|---|---|---|
| ૧. | છાયા ત્રિવેદી | ૨૯ | ૨. | પરેશ નાયક | ૨૧ |

સ્વાધ્યાયપીઠમંત્રીની એક જગ્યા માટે શ્રી છાયા ત્રિવેદીને વિજેતા જાહેર કરવામાં આવે છે.

### ૮. કોષાધ્યક્ષ (એક જગ્યા)

| ક્રમ | નામ | મળેલ મત | ક્રમ | નામ | મળેલ મત |
|---|---|---|---|---|---|
| ૧. | દીપક ભટ્ટ | ૧૪ | ૨. | રાજેન્દ્ર ઉપાધ્યાય | ૩૬ |

કોષાધ્યક્ષની એક જગ્યા માટે શ્રી રાજેન્દ્ર ઉપાધ્યાયને વિજેતા જાહેર કરવામાં આવે છે.

(પી. વી. ત્રિવેદી)
ચૂંટણી અધિકારી

# ગુજરાતી સાહિત્ય પરિષદ

## કાર્યવાહક સમિતિ ચૂંટણી : ૨૦૨૦ (૨૦૨૧થી ૨૦૨૩ સુધીનાં ત્રણ વર્ષ માટે)

### પરિણામ

**૯. સામાન્ય સભ્ય (સાત જગ્યા)**

| ક્રમ | નામ | મળેલ મત |
|---|---|---|
| ૧. | શ્રી હેમંત દિવ્યકાંત નાણાવટી | ૩૯ |
| ૨. | શ્રી યજ્ઞેશ દવે | ૩૨ |
| ૩. | શ્રી દર્શક આચાર્ય | ૨૮ |
| ૪. | શ્રી દીપક મહેતા | ૨૮ |
| ૫. | શ્રી અનિલા દલાલ | ૨૪ |
| ૬. | શ્રી હેમાંગ રાવલ | ૨૩ |
| ૭. | શ્રી મનસુખ સલ્લા | ૧૯ |
| ૮. | શ્રી અજય પાઠક | ૧૮ |
| ૯. | શ્રી રાઘવજી માધડ | ૧૮ |
| ૧૦. | શ્રી ઘનશ્યામ ગઢવી | ૧૬ |
| ૧૧. | શ્રી પ્રજ્ઞા પટેલ | ૧૬ |
| ૧૨. | શ્રી ધ્વનિલ પારેખ | ૧૪ |
| ૧૩. | શ્રી પ્રજ્ઞા વશી | ૧૪ |
| ૧૪. | શ્રી બકુલેશ દેસાઈ | ૧૩ |
| ૧૫. | શ્રી રમેશ ઓઝા | ૧૧ |
| ૧૬. | શ્રી છાયા ત્રિવેદી | ૧૦ |
| ૧૭. | શ્રી જગદીશ કંથારિયા | ૧૦ |
| ૧૮. | શ્રી બકુલ ટેલર | ૧૦ |
| ૧૯. | શ્રી રવીન્દ્ર પારેખ | ૦૭ |

સામાન્ય સભ્યની સાત જગ્યાઓ માટે ક્રમ નં. ૧ થી ક્રમ નં. ૭ને વિજેતા જાહેર કરવામાં આવે છે.

(પી. વી. ત્રિવેદી)
ચૂંટણી અધિકારી

# પત્રસેતુ

## ભારતીય કવિતાની વિરલ ઓળખ

૪ ડિસેમ્બર, ગોરેગામ, મુંબઈ

આદરણીય પ્રિય સિતાંશુભાઈ,

'પરબ'ના ગયા અંકમાં, તમારી લેખશ્રેણી 'સમકાલીન ભારતીય કવિતા : આપણી વાત આપણી રીતે'નો અંતિમ લેખ હતો. તમારી 'પરબ'ના પાને લીધેલી વિદાય સંદર્ભે તમે ઉદ્ધૃત કરેલી કવિ ઑડેનની પંક્તિઓ હજીય ગુંજે છે. 'Follow poet follow right / To the bottom of night // In your unconstraining voice / still persuade us to rejoice'

તમારી આ લેખશ્રેણી મારે માટે (અને કદાચ મારા જેવા સેંકડો કાવ્યપ્રેમી વાચકો માટે) એક અમૂલ્ય ઉપહાર છે. આ આસ્વાદલેખોની સમીક્ષા કરવાનો મારો આશય નથી. એમ કરવાની મારી ક્ષમતા પણ નથી. પરંતુ પ્રત્યેક લેખ અત્યંત ઉત્કટપણે માણ્યા હોવાનો અદમ્ય આનંદ અહીં વ્યક્ત કરવા ઈચ્છું છું.

આપણે, સહુ ભારતવાસીઓ, જે હવાપાણી જીરવીને જીવીએ છીએ, સામાજિક, રાજકીય અને ભૌગોલિક વિષમતાઓનો સામનો કરીએ છીએ, એમાં પાગરેલી વિરલ સર્જકતાની અનેરી ઓળખ તમે સદૃષ્ટાન્ત સ્પષ્ટ કરી છે. એક સુજ્ઞ મીમાંસક-વિવેચક અને ગુજરાતી ભાષાના ઉત્તમ સર્જક-કવિએ પોતે કરેલા અનેક ભારતીય ભાષાના અનુવાદો સાથે – પ્રત્યેક કૃતિનું હાર્દ ખોલી આપે છે, એને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂકી આપે છે. આ લેખોનું અત્યંત મહત્ત્વનું પાસું છે કવિ સિતાંશુએ પોતે કરેલા અનુવાદો. એ વિશે વિગતે ચર્ચા કરી શકાય એટલા એ સક્ષમ છે. તમારું આ પ્રદાન મારે માટે અવિસ્મરણીય છે.

આ ક્ષણે આ આસ્વાદલેખોના આનંદકોશમાંથી અનેક કાવ્યો. એનાં દૃશ્યો કે કલ્પનો યાદ આવે છે. શરૂઆતનું અમૃતા પ્રીતમનું નારીવિષયક વિદગ્ધ કાવ્ય, રેસ્ક્યુ હોમની બાળા ને 'બેહુલા'! બોરો કવયિત્રી વસુ માતારી યાને અન્જુ નર્ઝરીની કવિતા 'બેહુલા'ના મુખે થયેલા ધારદાર પ્રશ્નોની ઝડી પણ અવાક કરી દે એવી વરસેલી છે. સર્પદંશથી મરેલી આ નાયિકાને કેળના થડ પર બાંધી બ્રહ્મપુત્રનાં પૂરભર્યાં પાણીમાં વહેવડાવી એ દૃશ્ય પણ ઓછું અસહ્ય નથી.

કવિતા કવિએ કવિએ બદલાય છે. એના એ જ કવિ પણ કાવ્યે કાવ્યે બદલાય છે. સ્મૃતિમાં ઊંડે ઊંડે કેટકેટલું અંકાઈ ગયું છે ! શંખ ઘોષની તો આખેઆખી પંક્તિઓએ મનમાં સ્થાન જમાવી લીધું છે :

(i) **સરિતા વચ્ચે વમળ, વમળ વચ્ચે સ્તબ્ધ**
**આયુષ્ય. લખ આયુષ્ય,**
**ચૂપ કર શબ્દહીન થા.**

(ii) **માણસ કૈ શાલિગ્રામ નથી.**
**જે એક જ સરખો રહે જીવનભર.**
**વચ્ચે વચ્ચે આવવું પડશે નજીક**
**વચ્ચે વચ્ચે ઊડશે આઘે આઘે સુધી મન.**

તમે ફરી ફરીને આ ‘કાવ્યતત્ત્વ’ ખોલી આપતાં વચ્ચે વચ્ચેનો મહિમા સમજાવ્યો છે. સાથે ઉમેર્યું છે :

**“પણ આ અનોખા કાવ્યનો અન્ત ભૂલી ન જતાં**
**‘ગઈ કાલ અને આજને જોડી લેવાથી શું વળશે**
**એવું હું કરીશ બહુ સમય પછી**
**હાલ તો હું એટલું જ વિચારું છું -**
**આ ભારે તાવવાળા ડિલે આટલી સ્ફૂર્તિ**
**ક્યાંથી આવી ?’**

જવાબ છે : કાવ્ય-તત્ત્વમાંથી.”

*

બંગાળી કવિ શ્રી સુનીલ ગંગોપાધ્યાયકૃત કાવ્યમાં નીરાની માંદગીની ખબર આખા શહેરમાં ફેલાઈ જાય છે. આખા કલકત્તામાં ચહલપહલ મચી જાય છે.

આ કાવ્યની ચર્ચા કરતી વખતે એક સ્વસ્થ કાવ્ય-મર્મજ્ઞ સામાજિક, રાજકીય ચેતનાના એકાધિક સ્તરો સાથે કાવ્યનું હાર્દ ખોલી આપે છે. કવિતાની છેલ્લી પંક્તિની વ્યંજના તો જુઓ :

**“કોઈક પોતાના હોઠ ઉપર સિગારેટ રમાડતો જરા કહે છે :**
**‘જીવતા હોવું એ કંઈ બૂરી ચીજ નથી!’ ”**

*

એ જ રીતે નીલમણી ફૂકનકૃત કાવ્ય ‘એકાકી’ પણ ઉલ્લેખનીય છે. ફૂકનની બળતા જંગલો વચ્ચે જતી હોડીની આ પંક્તિ જોઈએ :

**‘ભડકે બળતા જંગલને અડીને વહેતી એક નદીમાં**
**એક હોડી હંકારીએ છીએ, આપણે બેઉ**
**હલેસાં લગાવતાં લગાવતાં આગળ વધીએ છીએ.’**

બળતા જંગલ વચ્ચે કેવો મક્કમ નિરધાર!

*

આ કાવ્યોના ભાવન-આસ્વાદનનો એક પ્રચંડ અવિરત પ્રવાહ આ લેખોમાં સતત

અનુભવાય છે. આ મહાનદના પૂરનાં પાણીમાં કેટકેટલું તણાઈ આવે છે. મનન-ચિન્તનની સ્વસ્થ ભૂમિકા, જે તે કાવ્યનું હાર્દ, પાશ્ચાત્ય અને આપણી સંસ્કૃત કાવ્યમીમાંસાના એક કાવ્યને ઉપકારક બનતા સિદ્ધાન્તો તરફ અંગૂલિનિર્દેશ અને અનેક સુન્દર કાવ્યપંક્તિનાં અવતરણો!

સિતાંશુભાઈ, તમે એક લેખમાં તો છેલ્લે વાચકને સામેલ કરીને આ સાહસ આપણું સહિયારું હોવાનું કહી જોડાવાનું કહો છો :

**'કેવું અઘરું કામ કરાવે છે કવિતા !**
**કેવું**
**તાકીદનું કરીએ તો કેવું સરળ !**
**કરી બતાવીશું ને, પ્રિય સાથી, આપણી**
**પોતાની રીતે ?'**

આલ્બેર કામૂ સૂચવે છે એમ, 'by the effort of each and the union of all.' ગુજરાતની સર્જનાત્મક ચેતનાને ઢંઢોળવામાં તમારા આ પ્રયાસો સફળ રહેશે. એ નિઃશંકપણે આવતી કાલની કવિતા બનીને કૉળી ઊઠશે.

કુશળ હશો.

સસ્નેહાદર,
**મૂકેશ વૈદ્ય**

❑

## સાભાર સ્વીકાર

### કવિતા/ગઝલ/ગીત

**સાચવેલી ક્ષણો :** આકાશ ઠક્કર, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, ૨૦૧૯, પૃ. ૨૦+૧૭૬, રૂ. ૧૯૫. **આમ હોવું :** અજય સરવૈયા, રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ, ૨૦૧૮, પૃ. ૯૬, રૂ. ૧૨૦. **ગાંધી ગુજરાતી કવિતામાં :** સંપા. રાજેન્દ્ર પટેલ, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ, ૨૦૧૯, પૃ. ૧૨ + ૯૨, રૂ. ૧૨૯. **વિચરણ :** ભરત નાયક, સાહચર્ય પ્રકાશન, મુંબઈ, ૨૦૧૯, પૃ. ૧૨૦, રૂ. ૧૫૦. **ચપટીક આધાર :** અશ્વિની બાપટ, સાયુજ્ય પ્રકાશન, વડોદરા, ૨૦૨૦, પૃ. ૧૦૨, રૂ. ૨૦૦. **સૉનેટશતક :** લાલજી કાનપરિયા, પ્રવીણ પ્રકાશન, પ્રા.લિ. રાજકોટ, ૨૦૨૦, પૃ. ૧૨૮, રૂ. ૧૫૦. **પડઘા :** પ્રતાપસિંહ ડાભી, બુક શેલ્ફ, અમદાવાદ, ૨૦૧૫, પૃ. ૨૦ + ૧૨૪, રૂ. ૧૩૫. **એ માણસને સોધી કાઢો :** પ્રતાપસિંહ ડાભી, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, ૨૦૧૦, પૃ. ૧૬ + ૧૦૮, રૂ. ૧૨૫.

# આ અંકના લેખકો

| | |
|---|---|
| કીર્તિદા શાહ : | ૧, એડીસી બૅન્ક સોસાયટી, સહજાનંદ કૉલેજ પાછળ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦૦૧૫ |
| ગુલામમોહમ્મદ શેખ: | ‘નિહારિકા’, યુનિવર્સિટી હેલ્થ સેન્ટર પાછળ, પ્રતાપગંજ, વડોદરા–૩૯૦૦૦૨ |
| જાગ્રત વ્યાસ : | ૪/૧, શ્રીજી ટેનામેન્ટ્સ, જ્યોતિનગર પાછળ, કંઝરી રોડ, હાલોલ–૩૮૯૩૫૦ (જિ. પંચમહાલ) |
| દક્ષા પટેલ : | ૭૮, નિહારિકા બંગલોઝ, હિમ્મતલાલ પાર્ક સામે, સૅટેલાઇટ રોડ, અમદાવાદ–૩૮૦૦૧૫ |
| નરોત્તમ પલાણ : | ‘દર્શન’, ૩, વાડી પ્લૉટ, પોરબંદર–૩૬૦૩૭૫ |
| નલિન રાવળ : | નવજીવન બ્લૉક્સ, સ્ટૅડિયમ સામે, અમદાવાદ–૩૮૦૦૧૪ |
| પન્ના ત્રિવેદી : | એ/૧, પ્રોફેસર્સ ક્વાર્ટર, વીરનર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કૅમ્પસ, મગદલ્લા રોડ, સૂરત–૩૯૫૦૦૭ |
| પરેશ દવે : | કૃષ્ણનગર સોસાયટી, ૨૩, સ્વામીધામ જે. કે. પાર્કની પાછળ, ચિખોદરા ચોકડી પાસે, મુ. ચિખોદરા. (જિ. આણંદ) |
| પ્રકાશ ન. શાહ : | ‘પ્રકાશ’ બંગલો, નવરંગપુરા પો. ઓ. પાછળ, નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯ |
| ભગવાન થાવરાણી : | ‘સ્પંદન’, ચંદનપાર્ક સોસાયટી, શેરી નં-૮, રૈયા રોડ, આર. એમ. સી. ગાર્ડન સામે, રાજકોટ–૩૬૦૦૦૫ |
| ભાવેશ ભટ્ટ : | H-503, સ્વામિનારાયણ કેસલ-૧, અર્જુન-આશ્રમની પાછળ, ગ્રીન સીટી રોડ, નિર્ણયનગર, અમદાવાદ-૩૮૨૪૮૧ |
| મહેન્દ્રસિંહ પરમાર : | ૨૦, ગૌરીશંકર સોસાયટી, જ્વેલ્સ સર્કલ પાસે, ભાવનગર–૩૬૪૦૦૩ |
| Mukesh P. Vaidya : | A/603, Shivganga chsl, R.T. Road, Near Haveli, Behind kotak mahindra bank, near misquitta nagar, Dahisar East, Mumbai 400 068 |
| યજ્ઞેશ દવે : | ૯૪૧, નંદભૂમિ એપાર્ટમેન્ટ, ટી. એમ. રાવ કૉલેજ સામે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પાસે, રાજકોટ |
| વિજય પંડ્યા : | ૧૧/એ, ન્યૂ રંગસાગર સોસાયટી, સરકારી ટ્યૂબવૅલ ખાંચો, બોપલ, અમદાવાદ–૩૮૦૦૫૮ |
| વિજય સોની : | ૭, આશીર્વાદ ચૅમ્બર, સાંકડી શેરી, અમદાવાદ–૩૮૦૦૦૧ |
| Vinesh Antani : | Villa No. 225, Richmond Villas, Second Phase, Suncity, Bandalaguda. Jageer, Hydrebad - 500056 |
| સિતાંશુ યશશ્ચન્દ્ર : | ૩૦૨, ટાવર બી, શ્રવણ રેસિડેન્સી, કૉસ્મિક ઍન્કલેવ, સમા રોડ, વડોદરા-૩૯૦૦૨૪ |
| હર્ષદ ત્રિવેદી : | ‘સુરતા’, એ/૧૧, નેમીશ્વરપાર્ક, તપોવન સર્કલ પાસે, મુ. અમિયાપુર–૩૮૨૪૨૪ |

## રંગદ્વાર પ્રકાશન

G-15, યુનિવર્સિટી પ્લાઝા, દાદાસાહેબનાં પગલાં, નવરંગપુરા,અમદાવાદ-380009

ફોન નંબર : 079-27913344, વેબ સાઇટ : http://www.rangdwar.com

### નવાં પ્રકાશનો

| | | | |
|---|---|---|---|
| ઉપરવાસ, સહવાસ, અંતરવાસનો સેટ | રઘુવીર ચૌધરી | નવલકથા | 700 |
| સપના જેવો છે સંસાર | વિરલ મહેતા | ફિલ્મ આસ્વાદ | 220 |
| તણખા વિનાનું તાપણું | અનુપમ બૂચ | સંસ્મરણો | 220 |
| સાદ ભીતરનો | કંદર્પ દેસાઈ | વાર્તાસંગ્રહ | 160 |
| વોન્ટેડ પોએટ્સ | નીરવ પટેલ | કાવ્યસંગ્રહ | 150 |
| ઝળઝળિયાંને કાંઠે | અરવિંદ બારોટ | કાવ્યસંગ્રહ | 160 |
| રમેશ ર. દવેની પ્રતિનિધિ વાર્તાઓ | સં. પારુલ-કંદર્પ દેસાઈ | વાર્તાસંગ્રહ | 200 |
| તારા કારણે | ભરત વિંઝુડા | કાવ્યસંગ્રહ | 120 |
| આલોક | કેશુભાઈ પટેલ | સંસ્મરણો | 120 |
| લાગણી | રઘુવીર ચૌધરી | નવલકથા | 100 |
| ટાઈમ કેપ્સૂલ | મોહનભાઈ પટેલ | આત્મકથા | 400 |
| ગોકુળ, મથુરા, દ્વારકાનો સેટ | રઘુવીર ચૌધરી | નવલકથા | 520 |
| થોમાકાકાની ખોલી (Uncle Tom's Cabin) | અનુ. રેમંડ પરમાર | નવલકથા | 360 |
| વિહંગા | રાધિકા પટેલ | નવલકથા | 140 |
| ઉપરવાસ વિશે | સં. સંજય ચૌધરી | વિવેચન | 200 |
| કાવ્ય અને પ્રયોગ | ધીરેન્દ્ર મહેતા | વિવેચન | 200 |
| વિરહિણી ગણિકા | રઘુવીર ચૌધરી | વાર્તાસંગ્રહ | 200 |
| વેણુ વત્સલા | રઘુવીર ચૌધરી | નવલકથા | 150 |
| આમ હોવું | અજય સરવૈયા | કાવ્યસંગ્રહ | 120 |
| ઇચ્છાવર | રઘુવીર ચૌધરી | નવલકથા | 150 |
| વચલું ફળિયું | રઘુવીર ચૌધરી | નવલકથા | 180 |
| ટીવીની ત્રેવડ અને ત્રુટિઓ | ભરત દવે | પત્રકારત્વ | 300 |
| વિજય બાહુબલી | રઘુવીર ચૌધરી | નવલકથા | 120 |
| સોમતીર્થ | રઘુવીર ચૌધરી | નવલકથા | 200 |

**ઉમાશંકર જોશીનો વાર્તાવૈભવ**

સંપાદક :

**શરીફા વીજળીવાળા**

રચનારીતિ પ્રયોગોમાં, વિષય-વૈવિધ્યમાં ઉમાશંકર જોશી ગુજરાતી વાર્તાને એક ડગલું આગળ લઈ જાય છે. એમની વાર્તાઓમાં વિષય-નાવીન્ય છે, લોકબોલીની તાકાત, બતાવતી આ વાર્તાઓ વાર્તાપ્રેમીઓ માટે પુનઃઉપલબ્ધ થાય છે.

કિંમત : 180

**ત્રણ કથા**

**અનુ. શરીફા વીજળીવાળા**

ઓસ્ટ્રિયામાં જન્મેલા શ્ટેફાન ત્સ્વાઈફ્ને સાહિત્યની દુનિયામાં મળી એટલી લોકપ્રિયતા ભાગ્યે જ બીજા સર્જકને મળી હતી. એમની ત્રણ લાંબી વાર્તાઓ 'Fear', 'Letter From an Unknown Woman' અને 'Amok'ના અનુવાદ આ પુસ્તકમાં છે.

કિંમત : 250

**મોગલોનો આંતરિક હિંસા-કલહ**

**સ્વામી સચ્ચિદાનંદ**

ભારતને આઝાદી મળી તે પહેલાંના સમયનો સાચો અને પૂરો ઇતિહાસ આપણને આજ સુધી મળ્યો જ નથી.

આ પુસ્તકમાં મોગલ સામ્રાજ્યના સમયની અનેક વાસ્તવિકતાઓ વાંચીને વાચકો વિસ્મયમુગ્ધ થઈ ઊઠશે.

કિંમત : 230

# ગુણવંતરાય આચાર્યની

## પુનઃમુદ્રિત આ નવલકથાઓ વસાવી લેવાનો અવસર

| | |
|---|---|
| શ્રીધર મહેતા | 280 |
| રત્નાકર મહારાજ | 325 |
| કાળભૈરવ | 290 |
| સોહિણી સંઘાર | 400 |
| જાવડ-ભાવડ (ખંડ : 2) | 450 |
| અનંત ચાવડો | 280 |








**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001

■ ફોન : 22144663, 22149660 ફેક્સ : 22144663

■ ઈ-મેઈલ : *goorjar@yahoo.com*

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન** : 102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્‌લાદનગર, અમદાવાદ-15.
ફોન : 26934340, મો. 9825268759 ઈમેલ : gurjarprakashan@gmail.com

**રન્નાદે પ્રકાશન**

૫૮/૨, બીજે માળે, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧

ફોન : ૨૨૧૧૦૦૮૧-૨૨૧૧૦૦૬૪

## પ્રેરણાત્મક નિબંધો

## <u>ડૉ.ચંદ્રકાન્ત મહેતા</u>

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| **તમે જ તમારા ભાગ્યવિધાતા** (જીવનઘડતરલક્ષી લેખો) | ૧૭૦.૦૦ |
| **અંતઃકરણની એન્જિયોગ્રાફી** (જીવનઘડતરલક્ષી લેખો) | ૧૪૫.૦૦ |
| **જીવનપંથની પેથોલોજી** (જીવનઘડતરલક્ષી લેખો) | ૧૪૫.૦૦ |
| **સંસારની ફોટોગ્રાફી** (જીવનઘડતરલક્ષી લેખો) | ૧૪૫.૦૦ |
| **ઇન્સાનિયતના યાત્રી કેવી રીતે બનશો ?** (જીવનઘડતરલક્ષી લેખો) | ૧૧૫.૦૦ |
| **પ્રભાવશાળી વ્યક્તિત્ત્વ કેવી રીતે વિકસાવશો ?** (જીવનઘડતરલક્ષી લેખો) | ૧૧૫.૦૦ |
| **જીવનઘડતર કેવી રીતે કરશો ?** (જીવનઘડતરલક્ષી લેખો) | ૧૨૦.૦૦ |
| **યૌવનની દીવાદાંડી** (જીવનઘડતરલક્ષી લેખો) | ૧૮૫.૦૦ |
| **દૃષ્ટાંત પરબ** (પ્રેરણાદાયી વાર્તાઓ) | ૨૦૦.૦૦ |
| **પડકારોને પહોંચી વળવું છે ?** (જીવનઘડતરલક્ષી લેખો) | ૧૬૫.૦૦ |
| **કોણે કહ્યું તમે કમજોર છો ?** (જીવનઘડતરલક્ષી લેખો) | ૧૬૫.૦૦ |
| **જિંદગીને જીતવી છે ?** (જીવનઘડતરલક્ષી લેખો) | ૧૬૦.૦૦ |
| **જાગો ફિર એક બાર** (જીવનઘડતરલક્ષી લેખો) | ૧૯૦.૦૦ |

## ડૉ.મોહનભાઈ પંચાલ

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| **અવતરણ-મધુ** (સુવિચાર-સંચય) | ૨૫૦.૦૦ |
| **વિચારદર્શન** (સુવિચારો) | ૭૫.૦૦ |
| **WORDS OF WISDOM** (સુવિચારો) | ૭૫.૦૦ |
| **સ્વયંસિદ્ધિ** (જીવન ઘડતર વિષયક લેખો) | ૧૦૦.૦૦ |

## સુધીર દેસાઈ

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| **મબલખ સુગંધ** | ૧૨૦.૦૦ |
| **મબલખ કિનારે** | ૯૫.૦૦ |
| **મબલખ વૈભવ** | ૯૦.૦૦ |
| **મબલખ ખજાનો** | ૯૦.૦૦ |
| **મબલખની સાથે સાથે** | ૧૦૦.૦૦ |
| **મબલખ આનંદ** | ૮૫.૦૦ |

## માવજી કે. સાવલા

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| **ફૂટપાથી બોધબોતેરા** | ૫૦.૦૦ |
| **ગીતાંજલિ : દિવ્ય સંવાદનું સૂરીલું સ્તોત્ર** | ૧૧૫.૦૦ |

## મધુસૂદન બ્રહ્મભટ્ટ

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| **સફળ કારકિર્દી માઇન્ડ સેટ દ્વારા** (પ્રેરણાત્મક લેખો) | ૧૦૦.૦૦ |
| **કર લો દુનિયા મુઠ્ઠી મેં** (પ્રેરણાત્મક લેખો) | ૧૩૫.૦૦ |

## દિનેશ દેસાઈ

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| **જિંદગી ઝિંદાબાદ** | ૧૮૦.૦૦ |
| **કારકિર્દીના પથદર્શકો** | ૧૮૦.૦૦ |

રજિસ્ટ્રેશન નં. E - ૨૬૭ (સૂરત)

# નર્મદ સાહિત્ય સભા

**કાર્યાલય : સાહિત્ય સંગમ, બાવાસીદી, પંચોલી વાડી સામે, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧**
**મો. નં. ૯૮૨૫૧૪૪૪૨૭, ૬૩૫૨૨૨૨૩૦૫**

રજિસ્ટ્રેશન નં. E - ૨૬૭ (સૂરત)

## નર્મદ સાહિત્ય સભા

**કાર્યાલય : સાહિત્ય સંગમ, બાવાસીદી, પંચોલી વાડી સામે, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧ મો. નં. ૯૮૨૫૧૪૪૪૨૭, ૬૩૫૨૨૨૨૩૦૫**

## નર્મદ સાહિત્ય સભાનાં છ ચંદ્રકો માટે પુસ્તકો મોકલવાની જાહેરાત

નીચે જણાવેલા વર્ષના ગાળામાં અને વિષયોનાં પ્રગટ થયેલાં પ્રથમ આવૃત્તિવાળાં, મૌલિક શ્રેષ્ઠ પુસ્તકને નર્મદ સાહિત્ય સભા તરફથી નીચે પ્રમાણેનાં ચંદ્રકો એનાયત કરવામાં આવશે. સર્વ લેખકો અને પ્રકાશકોને તા. ૩૦-૦૧-૨૦૨૧ સુધીમાં દરેક પુસ્તકની બબ્બે નકલો, 'કયા ચંદ્રક માટે છે' તે વિગત અને લેખકનું પૂરું નામ-સરનામું તથા મોબાઇલ નંબર પુસ્તકના પહેલાં પાના પર લખીને **નર્મદ સાહિત્ય સભા, C/o સાહિત્ય સંગમ, પંચોલી વાડી સામે, બાવાસીદી, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧** પર મોકલી આપવા વિનંતી છે.

**૧. નર્મદચંદ્રક : નિબંધ-વિવેચન** (વર્ષ ૨૦૧૫થી ૨૦૧૯) માટે.

**૨. નંદશંકર ચંદ્રક : નવલિકાસંગ્રહ** (વર્ષ ૨૦૧૮થી ૨૦૧૯) માટે.

**૩. ડૉ. ફ્રેની રતન માર્શલ ચંદ્રક : બાળસાહિત્ય** (વર્ષ ૨૦૧૭થી ૨૦૧૯) માટે.

**૪. શ્રી નાનુભાઈ નાયક ચંદ્રક :** ગાંધીવાદી વિચારસરણી/લોકશાહી વિચારધારા/ કે સમાજજીવન (વર્ષ ૨૦૧૭થી ૨૦૧૯) માટે.

**૫. મોહનલાલ દવે ચંદ્રક : વ્યાકરણ, સંશોધન, વિવેચન** (વર્ષ ૨૦૧૭થી ૨૦૧૯) માટે.

**૬. રા.બ.કમળાશંકર ત્રિવેદી ચંદ્રક : શિક્ષણ - સંસ્કૃત સાહિત્ય** (વર્ષ ૨૦૧૭થી ૨૦૧૯) માટે.

**કેતન મુનશી વાર્તાસ્પર્ધા-૧૩** માટે વાર્તા મોકલવાની છેલ્લી તા.૧૫-૧-૨૦૨૧ છે. નિયમો માટે ઉપરોક્ત મો. નં.નો સંપર્ક કરવો.

**પ્રમુખ**
ડૉ. પ્રફુલ્લ દેસાઈ (મોબાઈલ : ૯૮૭૯૪૧૬૯૦૨)

**ઉપપ્રમુખો**
શ્રી બકુલેશ દેસાઈ (મોબાઈલ : ૯૮૨૫૧ ૫૨૯૨૩)
શ્રી પ્રજ્ઞા વશી (મોબાઈલ : ૯૨૨૮૩૩૧૧૫૧)

**મંત્રીઓ**
ડૉ. દિલીપ મોદી (મોબાઈલ : ૯૮૨૫૯૩૩૪૦૦)
શ્રી યામિની વ્યાસ (મોબાઈલ : ૯૯૨૫૧૯૫૨૩૯)

**કોષાધ્યક્ષ**
શ્રી કમલેશભાઈ યાજ્ઞિક (મોબાઈલ : ૯૩૭૪૭૨૨૩૭૧)

# ગ્રંથવિહાર

## ગુજરાતી સાહિત્ય પરિષદનાં કેટલાંક નોંધપાત્ર પ્રકાશનો

- **ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ 1થી 8**
  (સાતમો ગ્રંથ અપ્રાપ્ય) ....................કુલ ₹ 3820
- **ગુજરાતી સાહિત્યકોશ : ખંડ-1 : મધ્યકાળ**
  સં. જયંત કોઠારી, 1989 ....................₹ 400
- **મધ્યકાલીન કૃતિસૂચિ**, સં. કીર્તિદા શાહ, 2004 ....................₹ 240
- **પરબ સૂચિ**, સં. ઇતુભાઈ કુરકુટિયા, 2007 ....................₹ 260
- **સાહિત્યિક લેખસૂચિ : 2006-2010**
  સં. કિશોર વ્યાસ, 2011 ....................₹ 200
- **વિશિષ્ટ સાહિત્યિક સંજ્ઞાકોશ**, ચન્દ્રકાન્ત ટોપીવાળા, 2003 .....₹ 35
- **ભીલી-ગુજરાતી શબ્દકોશ**, શાંતિભાઈ આચાર્ય, 2006 ............₹ 55
- **ભોગીભાઈ ગાંધી જન્મશતાબ્દી ગ્રંથ**
  સં. પ્રકાશ ન. શાહ, 2016 ....................₹ 525
- **નિરંજન ભગત**, સં. પ્રફુલ્લ રાવલ, 2019 ....................₹ 220
- **વિદ્યાબહેન નીલકંઠ: ગુજરાતના નારીચેતનાનાં અગ્રેસર**
  સં. સુકુમાર પરીખ, 2015 ....................₹ 600
- **મધ્યકાલીન ગુજરાતી કવિતામાં વેદાન્ત**
  નર્મદા રાવલ, 2017 ....................₹ 320
- **પ્રેમાનંદનું ભાષાકર્મ**, ચંદ્રકાન્ત શેઠ, 2016 ....................₹ 275
- **વિષ્ણુદાસ-રચિત ચંદ્રહાસ-આખ્યાન**
  સં. રમણ સોની, 2017 ....................₹ 250
- **સાયુજ્ય (હસમુખ પાઠકની સમગ્ર રચનાઓ)**
  હસમુખ પાઠક, 2018 ....................₹ 500
- **પરિવાર-કાવ્યો**, સં. ડો. શ્રદ્ધા ત્રિવેદી - ડો. ઉર્મિલા ઠાકર, 2015 ....₹ 320
- **સાહિત્યમાં દરિયો**, સં. પ્રફુલ્લ રાવલ, 2013 ....................₹ 275
- **સ્વકીય : દલિત સાહિત્ય સંકલન**
  સં. દલપત ચૌહાણ, 2012 ....................₹ 250

**ગ્રંથવિહાર** ગુજરાતી સાહિત્ય પરિષદ, 'ટાઇમ્સ'ની પાછળ, આશ્રમમાર્ગ, અમદાવાદ-09 • ફોન : 079-26587949

ઘરે બેઠાં પુસ્તક મેળવવા માટે વ્હોટ્સએપ નં. 98987 62263 • કુરિયર ચાર્જ અલગથી

# પદ્ય

કવિતાને લગતું ત્રૈમાસિક

❖

તંત્રી

**રવીન્દ્ર પારેખ**

❖

સંપાદક

**ધ્વનિલ પારેખ**

❖

સહસંપાદક

**ભારતી દેસાઈ, જગદીશ કંથારીઆ**

❖

**કવિતા, આસ્વાદ, અનુવાદિત કાવ્યો,**
**કવિતાવિષયક સૈદ્ધાંતિક લેખો વગેરેનો સમાવેશ**

**બે વર્ષ પૂર્ણ. ત્રીજા વર્ષમાં પ્રવેશ.**

**સર્જકો પોતાની કૃતિ padya2019@gmail.com પર મોકલી શકશે.**
**અથવા ધ્વનિલ પારેખ (C-204, વૈદેહી રેસીડેન્સી-૧, વાવોલ,**
**ગાંધીનગર-૩૮૨૦૧૬) સરનામે મોકલી શકાશે.**

**વાર્ષિક લાવજમ ૨૦૦ રૂ.**

**લવાજમ માટે**

એકાઉન્ટ – padyakavitasamayik
એકાઉન્ટ નં. – 38225339297
IFSC - SB1N0014977

❖

લવાજમ ભરનારે નામ-સરનામાની વિગત સાથે **8238392894**
ઉપર વૉટ્સએપથી જાણ કરવી.

## કવિ શ્રી સુન્દરમ્‌ના નવા કાવ્યસંગ્રહો

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | પલ્લવિતા | ૧૯૯૫ | ૮+૩૫૬ | રૂ. ૧૬૦ |
| ૨. | મહાનદ | ૧૯૯૫ | ૭+૧૯૩ | રૂ. ૮૦ |
| ૩. | પ્રભુ-પદ | ૧૯૯૭ | ૧૩+૪૪૧ | રૂ. ૨૨૫ |
| ૪. | અગમ નિગમા | ૧૯૯૭ | ૧૧+૨૯૨ | રૂ. ૧૫૦ |
| ૫. | પ્રિયાંકા | ૧૯૯૭ | ૧૧+૩૬૭ | રૂ. ૧૫૦ |
| ૬. | નિત્યશ્લોક | ૧૯૯૭ | ૧૨+૧૮૮ | રૂ. ૧૦૦ |
| ૭. | નયા પૈસા | ૧૯૯૮ | ૧૩+૩૩૩ | રૂ. ૧૭૫ |
| ૮. | વરદા | ૧૯૯૮ | ૧૯+૫૨૯ | રૂ. ૨૫૦ |
| ૯. | ચક્રદૂત | ૧૯૯૯ | ૯+૨૫૯ | રૂ. ૧૨૫ |
| ૧૦. | લોકલીલા | ૨૦૦૦ | ૧૩+૨૫૨ | રૂ. ૧૦૦ |
| ૧૧. | દક્ષિણા-૧ | ૨૦૦૨ | ૧૭+૩૨૩ | રૂ. ૫૦ |
| ૧૨. | મનની મર્મર | ૨૦૦૩ | ૧૦+૩૮૭ | રૂ. ૫૦ |
| ૧૩. | ધ્રુવયાત્રા | ૨૦૦૩ | ૧૨+૩૪૫ | રૂ. ૫૦ |
| ૧૪. | ધ્રુવચિત્ત | ૨૦૦૪ | ૧૭+૨૭૪ | રૂ. ૫૦ |
| ૧૫. | ધ્રુવપદે | ૨૦૦૪ | ૧૧+૨૫૩ | રૂ. ૫૦ |
| ૧૬. | શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૧ | ૨૦૦૫ | ૧૬+૩૨૦ | રૂ. ૨૦૦ |
| ૧૭. | શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૨ | ૨૦૦૫ | ૧૬+૩૭૦ | રૂ. ૨૦૦ |
| ૧૮. | શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૩ | ૨૦૦૬ | ૩૨+૩૧૭ | રૂ. ૨૫૦ |
| ૧૯. | મંગળા-માંગલિકા | ૨૦૦૭ | ૨૮+૨૩૮ | રૂ. ૧૫૦ |
| ૨૦. | તું ક્યાં… હું ક્યાં !? | ૨૦૦૮ | ૨૮+૩૦૫ | રૂ. ૨૫૦ |
| ૨૧. | સ્વાગતમ્‌ ગીતવાહીને | ૨૦૦૯ | ૧૬+૨૦૭ | રૂ. ૧૫૦ |
| ૨૨. | ‘સાવિત્રી’ના કાવ્યખંડો | ૧૯૯૫ | ૨૪+૪૭૩ | રૂ. ૩૦૦ |
| | (અનુવાદ : શ્રી અરવિન્દના મહાકાવ્ય Savitriમાંથી. મૂળ અંગ્રેજી સાથે) | | | |
| ૨૩. | દક્ષિણા-૨ | ૨૦૦૨ | ૧૮+૬૭૬ | રૂ. ૫૦ |
| | (અનુવાદ : શ્રી અરવિન્દના Last Poems, More Poems, Collected Poemsમાંથી. મૂળ અંગ્રેજી સાથે) | | | |

**આ તમામ સંગ્રહોનાં પ્રાપ્તિસ્થાન :**

૧. ગ્રંથવિહાર, ગુજરાતી સાહિત્ય પરિષદ, ટાઈમ્સ ઑફ ઈન્ડિયા પાછળ, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯

૨. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

માનસિક બીમારી ઘણી વાર સર્જકતા માટેનું ઈંધણ પૂરું પાડે છે. અન્ય વિભૂતિઓ કરતા લેખકોમાં ડિપ્રેસિવ ડિસૉર્ડર્સ, સાઇકો-સેક્સ્યુઅલ પ્રોબ્લેમ અને આલ્કોહિલિઝમ વધુ માત્રામાં હોય છે. લેખકોની પર્સનાલિટીમાં સ્કિજોફ્રેનિક, પેરેનૉઇડ, પેથૉલૉજિકલ અને નાર્સિસ્ટિક તત્ત્વો જણાયા છે. ડૉ. ફેલિક્સ પોસ્ટ એવા તારતમ્ય ઉપર આવ્યા હતા કે સાઇકિક એબ્નોર્મલિટીઝ ઘણી વાર શ્રેષ્ઠ સર્જકતામાં પરિણમે છે. ક્યારેક ઉત્તમ સર્જકો તીવ્ર ડિપ્રેસનની અસર હેઠળ આત્મહત્યા પણ કરે છે.

**– હસમુખ ગાંધી**

નરસિંહ દિવેટિયા આપણા મોટા ગજાના સાહિત્યકાર, સાહિત્યકારો તો ઘણા સમજુ ગણાય. એમના યુવાન પુત્રના નિધન પ્રસંગે ગાંધીજી આશ્વાસન આપવા જવામાં અવઢવ અનુભવતા હતા. એ અર્થમાં કે આપણે આવા મોટા માણસને શું આશ્વાસન આપવાના? પરંતુ નરસિંહરાવ પણ સાચા અર્થમાં આશ્વાસન ઝંખતા હતા !

**– ડંકેશ ઓઝા**

માનસશાસ્ત્રીઓને એવી આશંકા છે કે, સેન્ટ ઑગસ્ટીનની આત્મકથા, તેમનો એકરાર સાચો નથી. તેઓ પોતાની ક્ષતિઓની શેખી મારે છે. તેઓ એટલા બધા ખરાબ માણસ નહોતા. પરંતુ મનુષ્ય ખરેખર માન્યામાં આવે નહીં એવો છે. જો તમે તમારા ગુણો અંગે પણ ડંફાસ મારો છો તોપણ, તમે અંતિમ કક્ષાએ પહોંચી જાવ છો. જો તમે પાપ અંગે ડંફાસ મારો છો તોપણ તમે અંતિમ કક્ષાએ પહોંચી જાવ છો.

**– આચાર્ય રજનીશ**

સાહિત્ય એટલે શું, સાહિત્યકૃતિને કઈ રીતે રચવી, ઓળખવી, પ્રચલિત કરવી અને માણવી એની પૂરી મીમાંસા કરવી હોય તો એ મીમાંસા રાજ્ય, ધર્મ, અર્થકારણ અને ભાષા વગેરે સાથેના સાહિત્યના અંદરથી ઊગેલા અને ઉપરથી લાદેલા, ઉપકારક અને વિઘાતક એવા સર્વ સંબંધોની નિર્મમ છણાવટ કર્યા વિના શક્ય નથી.

**– સિતાંશુ યશશ્ચન્દ્ર**

---

: સ્થાનસમર્પિત :

**ડૉ. અરુણ જે. કક્કડ**

ઍસોસિએટ પ્રોફેસર, હેડ ઑફ ગુજરાતી ડિપાર્ટમેન્ટ, દેવમણી કૉલેજ, વિસાવદર

## વચનપાલન અને શીલપાલન :
## આ બન્નેમાં દૃઢતા લાવો

વચનપાલન અને શીલપાલન : આ બન્ને તત્ત્વોમાં આજે ચોતરફ નિર્બળતાનાં દર્શન થઈ રહ્યાં છે ! આવું અચાનક તો ન બને; તો વિવેકનો આવો અભાવ કેમ ? આનો જવાબ છે :

નિત્ય પ્રભાતે ઊઠીને માતાને પ્રણામ કરવાથી શીલપાલનનું બળ મળે છે અને પિતાને પ્રણામ કરવાથી શક્તિ પ્રગટે છે.

પ્રણામ કરવાથી તેઓના ઉપકારના સ્વીકાર સાથે 'કૃતજ્ઞતા' નામનો ઉત્તમ ગુણ પ્રગટે છે – પોષાય છે. નમ્રતા, નિરભિમાનતા વગેરે ગુણો પણ એ રીતે ક્રમશઃ પ્રાપ્ત થાય છે. ચક્રવર્તી ભરત રાજા જેવા માનવમાં દેવ સમા ગણાય; તેવા મહારાજા પણ મરુદેવા માતાને નિત્ય પ્રણામ કરતા હતા.

આપણે પણ આપણા જીવનમાં ભક્તિ અને શુદ્ધિ ખીલવવા માટે આ કર્તવ્ય રોજ કરવું જ જોઈએ. (અંક : ૭૯)

### સેવો ઉત્તમને સદા યદિ ચાહો ઉત્કર્ષ પોતા તણો

આગ્રહશક્તિ એ જીવનને દિશા દેનારી શક્તિ છે.

તમે આ વાત તો સાંભળી જ હશે કે વનના રાજા સિંહ માટે કહેવાય છે :

'મરે ભૂખે ભાવે મૃગપતિ કદા તૃણ ન ચરે.'

સિંહ ગમે તેવો ભૂખ્યો હોય તોય ઘાસમાં મોં ન ધરે. આ એની કુલવટ છે. વિશ્વ ઉત્તમ તત્ત્વોથી વાંઝિયું નથી હોતું. હા, તેની સંખ્યામાં વધ-ઘટ થતી રહે છે. નહીંતર ઉત્તમની સાથે જ જન્મારો જાય છતાં તેને ઓળખી ન શકે. બહુલતા એ લોકોનેય પરપ્રત્યયનેયબુદ્ધિ હોય છે. બીજાના અભિપ્રાય ઉપર વજન દેનારા હોય છે. આપણે એવી ટેવ પાડી દઈએ કે ઉત્તમ સિવાયનું કશું ન ભાવે. જે શ્રેષ્ઠ હોય, ગુણવત્તામાં આગળ હોય તેના ઉપર જ પસંદગી ઊતરે. અવેજી ન ચાલે; વિકલ્પ ન ચાલે. જો ઉત્તમની જ શોધ હોય તો વહેલું-મોડું તે મળે જ મળે. (અંક : ૬૯)

(પાઠશાળા) **- પ્રદ્યુમ્નસૂરિ**


સ્થાનસમર્પિત

# વસન્ત આત્મા ચેરિટેબલ ટ્રસ્ટ

**ગુજરાત સ્ટીલ ડિસ્ટ્રિબ્યુટર • અમદાવાદ**

## સ્પૃહા ભાર છે, તે ઉતારો હળવાશ છે

મનને કોઈ પણ, ચાહે લોખંડના, ચાંદીના કે સોનાના પિંજરે પૂરનાર સ્પૃહા છે. પછી તે સત્ વિષયક હોય કે અસત્ વિષયક.

સ્પૃહા કરી કે પુણ્ય ઓછું પડ્યું. તે મેળવવા, આંબવા પનો ટૂંકો પડ્યો.

મનની વિચિત્ર ખાસિયત છે : જે ન મળે તેને જ મેળવવા મથ્યું રહે. તે નિષ્ફળતાના કારણરૂપ પુણ્યની ખામી જુએ તો જ પુણ્ય-સંપત્તિ વધારવા તરફ તે વિચારે. પણ... वो दिन कब ? તે તો તેને હાંસલ કરવા જ લાગ્યો રહે.

તો, એવી સ્પૃહાનો ભાર લઈને જીવવાને બદલે હળવું જીવન જીવવા માટે કવિ ઉમાશંકરનું એક સૂત્ર ગાંઠે બાંધવા જેવું છે :

> ‘જે જે થતો પ્રાપ્ત ઉપાધિ યોગ,
> બની રહો તે જ સમાધિ યોગ.’

સહજતાથી જીવવું – સારા સંકેતો મળે તો તે તરફ જીવન વાળવું. પ્રત્યેક સંકેતમાં ઈશ્વરની લિપિ જોવી. તેને ઉકેલવાની કોશિશ કરવી. આપણું જીવનકાર્ય શું હોય તેની આપણને ખબર ન હોય તેમ બને, પરંતુ ‘એને’ ખબર છે. તે જે રીતે જીવન દોરે તેની વચ્ચે દખલગીરી ન કરીએ અને ‘તેના’ દોરવાયા દોરવાઈએ. તેના ઈશારાને સમજવા ભરપૂર મહેનત કરીએ. એ સમજાય તો તે તરફ વળીએ. કાંઈક નક્કર મેળવ્યાના અહેસાસ સાથે જિંદગીની ચોપડીના બીજા પૂંઠાને પણ બંધ કરીએ. કો’ક તેને માથે મૂકશે એ શ્રદ્ધા રાખવી ગમે છે એ માટે.

મનને સમજાવવું પડે છે કે સ્પૃહા ન રાખો. પુણ્ય પ્રમાણે સામેથી જ આવશે. જાણો છો ? એના ઉપર આપણું નામ કોતરાયું છે ! બીજું કોઈ એની માલિકી નહીં કરે. મળશે, આપણને જ મળશે. – પણ તેના સમયે અને આપણા કિસ્મત પ્રમાણે.

ભરોસો રાખજો અને તૈયાર રહેજો.

(પાઠશાળા) **– પ્રદ્યુમ્નસૂરિ**

❋


સ્થાનસમર્પિત

**નિમેષભાઈ ડગલી**

**એમ. બી. ટ્રેડિશનલ પ્રિન્ટ્સ પ્રા. લિમિટેડ**

૩/એ, અલકાપુરી સોસાયટી, ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧૩. ફોન : ૩૨૯૦૬૬૫૫

# ગુજરાતી સાહિત્ય પરિષદનાં મહત્ત્વનાં પ્રકાશનો




**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૫**
**(૧૮૯૫-૧૯૩૫) ગાંધીયુગીન-અનુગાંધીયુગીન કવિઓ**
સંપાદક : રમેશ ર. દવે
સંપાદન સહાય : પારુલ દેસાઈ
પાકું પૂઠું, પૃ. ૧૪+૪૯૪, કિંમત રૂ. ૪૨૫/-

---

**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૬**
**(ઈ. ૧૮૯૫-૧૯૩૫)**
**ગાંધીયુગીન-અનુગાંધીયુગીન ગદ્યસર્જકો**
સંપાદક : રમેશ ર. દવે
પાકું પૂઠું, પૃ. ૧૮+૭૩૪, કિંમત ૪૨૫/-




---




**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૭**
**(ઈ. ૧૯૧૦-૧૯૩૫) સ્વાતંત્ર્યોત્તર યુગ-૧**
સંપાદક : રમેશ ર. દવે, પારુલ કંદર્પ દેસાઈ
પાકું પૂઠું, પૃ. ૬૩૨, કિંમત રૂ. ૪૧૫/-

---

**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૮ / ખંડ-૧**
**(ઈ. ૧૯૩૬થી ૧૯૫૦) સ્વાતંત્ર્યોત્તર યુગ-૨**
સં. પારુલ કંદર્પ દેસાઈ પાકું પૂઠું, પૃ. ૪૫૬, કિં. રૂ. ૫૬૦/-
'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' ગ્રંથશ્રેણીના આ આઠમા ભાગમાં ૧૯૩૬થી ૧૯૫૦ સુધીના સમયગાળાનાં કવિઓ, નાટ્યકારો, નિબંધકારો અને બાળસાહિત્યકારોનો સમાવેશ થયો છે. અનેક વિદ્વાનોના સહયોગથી તૈયાર થયેલો આ માતબર ઇતિહાસગ્રંથ વિદ્યાર્થીઓ તથા અભ્યાસીઓને ઉપયોગી નીવડશે.




---




**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૮ / ખંડ-૨**
**(ઈ. ૧૯૩૬થી ૧૯૫૦) સ્વાતંત્ર્યોત્તર યુગ-૨**
સં. પારુલ કંદર્પ દેસાઈ પાકું પૂઠું, ૪૮૬, કિં. રૂ. ૬૨૦/-
'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' ગ્રંથશ્રેણીના આ આઠમા ભાગમાં ૧૯૩૬થી ૧૯૫૦ સુધીના સમયગાળાનાં નવલકથાકારો, વાર્તાકારો, ચરિત્રકારો, અનુવાદકો, વિવેચકો, સંશોધકો અને સંપાદકોનો સમાવેશ થયો છે. અનેક વિદ્વાનોના સહયોગથી તૈયાર થયેલો આ માતબર ઇતિહાસગ્રંથ વિદ્યાર્થીઓ તથા અભ્યાસીઓને ઉપયોગી નીવડશે.

**PARAB 2021** January
RNI No. GUJGUJ/2006/17273
Regd. under Postal Registration No.
GAMC-306/2021-2023 valid upto 31-12-2023
Posted at Ahd. PSO on 10th of every month SSP Ah'd
ISSN : 0250-9747

